14.10. Equity Shareholders who intend to participate in the Buy-back should consult their respective Seller Member for payment to them of any cost, applicable taxes, charges and expenses (including brokerage) that may be levied by the Seller Member for tendering Equity Shares in the Buy-back (secondary market transaction). Therefore, the Buy-back consideration received by the selling Eligible Shareholders, in respect of accepted Equity Shares, could be net of such costs, applicable taxes, charges and expenses (including brokerage). The Manager to the Buy-back Offer and the Company accept no responsibility to bear or pay any additional cost, applicable taxes, charges and expenses (including brokerage) levied by the Seller Member, and such costs will be borne solely by the Eligible Shareholders.

14.11. The Equity Shares lying to the credit of the Demat Escrow Account and the Equity Shares bought back and accepted in physical form will be extinguished in the manner and following the procedure prescribed in the Buy-back Regulations.

15. **COMPLIANCE OFFICER**

Investors may contact the Compliance Officer of the Company for any clarifications or to address their grievances, if any, during office hours between i.e., 10.00 AM IST. to 5.00 PM IST. on all working days except Saturday, Sunday and public holidays, at the following address:

| | |
|---|---|
| **Name:** | Vanshika Lunia |
| **Designation:** | Company Secretary & Compliance Officer |
| **Address:** | A-603, Shapath IV, S. G. Road, Ahmedabad - 380015, Gujarat, India. |
| **Phone:** | 079-40307050/56 |
| **Email:** | secretarial@puretrop.com |
| **Website:** | www.puretrop.com |

16. **REGISTRAR TO THE BUY-BACK / INVESTOR SERVICE CENTRE**

In case of any queries, Eligible Shareholders may also contact the Registrar to the Buy-back during office hours between i.e., 10.00 AM IST to 5.00 PM IST on all working days except Saturday, Sunday and public holidays, at the following address:

**Bigshare Services Private Limited**
**Address:** Office. No S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri (East) Mumbai – 400093, Maharashtra, India.
**Tel. No.:** +91-022- 6263 8200 **Email:** buybackoffer@bigshareonline.com;
**Website:** www.bigshareonline.com **Contact Person:** Maruti Eate
**SEBI Registration Number:** INR000001385 **CIN:** U99999MH1994PTC076534

17. **MANAGER TO THE BUY-BACK**

VIVRO

**Vivro Financial Services Private Limited**
**Address:** Vivro House, 11 Shashi Colony, Opp Suvidha Shopping Center, Paldi, Ahmedabad – 380007, Gujarat, India.
**Tel.:** +91 - 79 - 4040 4242 **E-mail:** investors@vivro.net **Website:** www.vivro.net
**Contact Person(s):** Shivam Patel **SEBI Registration Number:** INM000010122
**Validity:** Permanent **CIN:** U67120GJ1996PTC029182

18. **DIRECTORS' RESPONSIBILITY**

As per Regulation 24(i)(a) of the Buy-back Regulations, the Board of Directors of the Company accepts responsibility for the information contained in this Public Announcement and confirms that it contains true, factual and material information and does not contain any misleading information.

**For and on behalf of the Board of Directors of Puretrop Fruits Limited**
***(formerly known as Freshtrop Fruits Limited)***

| Sd/- | Sd/- | Sd/- |
|---|---|---|
| **Ashok Vishindas Motiani** | **Nanita Ashok Motiani** | **Vanshika Lunia** |
| Chairman & Managing Director | Whole Time Director | Company Secretary & Compliance Officer |
| (**DIN:** 00124470) | (**DIN:** 00787809) | (**Membership Number:** A73889) |

**Date:** February 20, 2026 **Place:** Ahmedabad

## "મારા હસ્તાક્ષર, મારી માતૃભાષા"

# ડેડીયાપાડાની આર્ટસ & સાયન્સ કોલેજ ખાતે માતૃભાષા મહોત્સવનું આયોજન



રાજપીપલા : નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા ની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, ખાતે 'ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડાના સંયુક્ત ઉપક્રમે "વિશ્વ માતૃભાષા દિવસ" નિમિત્તે "માતૃભાષા મહોત્સવ-૨૦૨૬"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ડેડીયાપાડા ની કોલેજ મસ યોજાયેલ આ કાર્યક્રમ માં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જ્હાના માતૃભાષા દિવસના શુભેચ્છા સંદેશનું વીડિયો પ્રસારણ કરવામાં આવ્યું હતું.

# PGVCL ટીમનું વીજચેકીંગ કોમ્બીંગ ઓપરેશન કામગીરી વીજ ચોરીના કેસો-૦૮ તથા દંડ રૂ.૭,૭૬,૬૦૩/-



વિશાલ જે હરવરા જામનગર

જામનગર શહેર ના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા નાઓના માર્ગદર્શન મુજબ સીટી એ ડીવી. પો.સ્ટે.ના પો.ઈન્સ. એન.એ.ચાવડા તથા એલ.સી.બી. પો.ઈન્સ. વી.એમ.લગારીયા તથા એસ.ઓ.જી. પો.ઈન્સ. બી.એન.ચૌધરી તથા સીટી એ ડીવી. પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડ, એલ.સી.બી.,એસ.ઓ.જી તથા પેરોલ સ્કોડના સ્ટાફ સાથે PGVCL ના ડેપ્યુટી એન્જીનીયરશ્રી એસ.આર.પરમાર તથા જુનીયર એન્જીનીયરશ્રી વી.જી.શર્મા તથા શ્રી એચ.એમ.વડગામા તથા PGVCL ની ટીમો સાથે પટણીવાડ, સુમરાચાલી, ટીટોડીવાડી, ખોજાનાકા વિસ્તારમાં અસામાજીક ઈસમોની ગેરકાયદેસર પ્રવુતિ નિયંત્રણમાં રહે અને કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જળવાય રહે તે માટે જામ સીટી એ ડીવી પોલીસ સ્ટેશન વિસ્તારમા ખાસ કોમ્બીંગ ઓપરેશન દરમ્યાન નીચે મુજબ ના ઈસમોને ત્યા વીચચોરી કરતા હોવાનુ જણાય આવેલ, ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોના રહેણાંકે ચેકીંગ કાર્યવાહી દરમ્યાન ડાયરેકટ લંગર થી વિજચોરી કરતા-૪ તથા કેસો તથા મીટર હોવા છતા પાવરચોરી કરતા-૪ કેસો કરી,તથા દંડ રૂ.૭,૭૬,૬૦૩/- અને વિજજોડાણ કાપી નાખેલ છે.

# કચ્છની યુવતીને પોરબંદર ખાતે સાહિત્ય રત્ન એવોર્ડ એનાયત થયો : ઠેર-ઠેરથી અભિનંદન




મહેશ એલ.સોની નખત્રાણા

તાજેતરમાં પોરબંદર ખાતે સ્પોર્ટ્સ યોગ એન્ડ કલ્ચરલ એસોસિએશન દ્વારા આયોજિત એવોર્ડ એનાયત કાર્યક્રમમાં રવાપર ગામના ધારા રવજીભાઈ બારમેડાને સમગ્ર ગુજરાતમાંથી પસંદગી પામી સાહિત્ય રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. સાહિત્યલક્ષી તેમની કામગીરી બદલ તેમને ઠેર-ઠેરથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. હાલમાં ધારાબેન પોરબંદર ખાતેની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા ગરેજ ખાતે શિક્ષિકા તરીકેની સેવા આપી રહ્યા છે.

## દહન પર્યાવરણને શુદ્ધ કરવાની સાથે સાથે વાત, પિત્ત અને કફના દોષોને પણ દૂર કરનાર

# તા.2 માર્ચે હોળી પર્વે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વૈદિક હોલિકા દહન કરાશે

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

હોલિકા ઉત્સવમાં જ્યારે સમગ્ર દેશમાં લાકડા દ્વારા હોલિકા દહન કરી ઉત્સવ ઉજવવામાં આવે છે, ત્યારે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ચોપાટી ગ્રાઉન્ડ પર વૈદિક હોલિકા દહનનું અનોખું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે હોલિકા દહન કરવામાં આવશે. જેમાં વિશેષ રૂપે પર્યાવરણ ને કેન્દ્રમાં રાખીને ટ્રસ્ટ દ્વારા હોલિકા દહનમાં પરંપરાગત અને વૈદિક સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવશે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં પર્યાવરણને લક્ષમાં રાખીને વિવિધ પ્રકલ્પો ચલાવી રહ્યું છે. ત્યારે પ્રધાનમંત્રીશ્રીના LiFE



(લાઈફ સ્ટાઈલ ફોર ઈન્વાયરમેન્ટ) અભિગમ અંતર્ગત ટ્રસ્ટ દ્વારા પર્યાવરણને લાભ કરતું અને દર્શનાર્થીઓના સ્વાસ્થ્ય માટે આયુર્વેદિક દ્રષ્ટિએ ઉત્તમ એ પ્રકારનું વૈદિક હોલિકા દહન યોજવામાં આવનાર છે. તા.02/03/2026ના રોજ સાંજે 8:00 કલાકે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિધિવત પૂજન કરીને હોલિકા પ્રાગટ્ય કરવામાં આવશે. આ તકે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર અને શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવનાર દેશવિદેશના ભક્તો જોડાશે,ભક્તો માટે ઓનલાઈન હોલિકા આહુતિ અને દર્શનની વિશેષ વ્યવસ્થા:આ વૈદિક હોલિકા દહનમાં ભક્તો માટે ટ્રસ્ટ દ્વારા સોમનાથ ટ્રસ્ટની ગૌશાળાની ગૌમાતાના સુકેલા છાણ, ગીર ગાયનું ઘી, સમિધ કાષ્ઠ, સાત પ્રકારના અનાજ, કપૂર અને વિવિધ પ્રકારની ઔષધિઓ હોલિકામાં અર્પણ કરવાની વિશેષ વ્યવસ્થા કરાવવામાં આવી છે. જેમાં ભક્તો ઘરે બેઠા ટ્રસ્ટની વેબસાઈટ Somnath.org પર માત્ર 21 ન્યોછાવર કરીને હોલિકામાં પવિત્ર આહુતિ અર્પણ કરી શકશે. તેમજ હોલિકા દહનના દર્શન કરી શકશે, ગોમય દહનનું શાસ્ત્રોક્ત મહત્વ:શાસ્ત્રોકત દૃષ્ટિએ તેમજ આયુર્વેદ અનુસાર આ તમામ સામગ્રીઓનું દહન પર્યાવરણને શુદ્ધ કરવાની સાથે સાથે વાત, પિત્ત અને કફના દોષોને પણ દૂર કરનાર છે. આ પવિત્ર દ્રવ્યોથી હોલિકા દહન કરવાથી સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. આ પ્રસંગે પ્રત્યક્ષ સોમનાથ આવનાર ભક્તો માટે પણ તેઓ આ ગોમય યુક્ત આહુતિ અર્પણ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તો હોલિકમાં પ્રજ્વલિત અગ્નિ દેવતાને વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરી છાણાં અર્પણ કરી શકશે. આ કાર્યક્રમના માધ્યમથી વૈદિક હોલિકા પદ્ધતિને અને વૈદિક સંસ્કૃતિને આધુનિક પેઢી સુધી પહોંચાડવાનો અનોખો પ્રયાસ કરવામાં આવશે.

# નેત્રા ગામે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો સીધો સંવાદ એટલે કે " મન કી બાત" સાંભળવા કાર્યક્રમનું આયોજન

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા-કચ્છ તાલુકાના નેત્રા ગામે આજ રોજ 22/02/2026 આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો સીધો સંવાદ એટલે કે મન કી બાત કાર્યક્રમ સંભળવાનું આયોજન કરાયુ હતુ આજે મન કી બાત નો રેડીયાના માધ્યમ થી 131મો એપિસોડ સાંભળી કચ્છ જીલ્લા લઘુમતી મોરચાના મહામંત્રીશ્રી ગુલામહુસેન બારાચ એ જણાવેલ કે નેત્રાના બુથ નંબર 235.236.237.238 પર મન કી બાત કાર્યક્રમ સાંભળ્યો જેની અંદર આજે આઇ ટેકનોલોજી વિશે પ્રધાનમંત્રી એ સરસ માહિતી આપી જેમા એ આઇ ની વર્તમાન સમય માં આવશયકતા અને એ આઇ સમિટ ની સફળતા ની પણ ચર્ચા રસપ્રદ રહી હતી ઉલ્લેખનિય છે કે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો સીધો સંવાદ એટલે કે મન કી બાત કાર્યક્રમ અંતર્ગત રેડીયાનો પૂર્ણ મહત્વ આવ્યુ છે જયાં મનોરંજન માટે કોઈ ઈલેટ્રોનીક ન હતુ ત્યારે માણસો ને રેડીયો એ સમાચાર સહીત અનેક મહત્વ પૂર્ણ માહીત આપતુ હતુ રેડીયોના સમયની વાત કરી એ તો એ સમય રેડીયોના પણ લાઈસન્સ હતા જે ગામડાઓ ના વડીલો પાસેથી જાણેલુ રેડીયો નું મહત્વ હતુ



## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ

# ટ્રમ્પના ટેરિફને અમેરિકાની સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય અને અન્યાયી ગણાવ્યો: ઈસુદાન ગઢવી

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી ખૂબ જ ગંભીર મુદ્દા પર પોતાનો વિચાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજના ન્યુઝ પેપરમાં એક સમાચાર આવ્યા કે ભારતીય મૂળના નીલ કાત્યાલે અમેરિકામાં ટ્રમ્પ ટેરિફના નિર્ણયને પડકાર્યો. નીલ કાત્યાલે આ જે ટેરીફની અને ટ્રેડ ડીલના નિર્ણયોની વાતો ચાલી રહી છે તેને અમેરિકાના સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ત્યારબાદ અમેરિકાની સુપ્રીમ કોર્ટે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા વ્યાપક ટેરીફને ગેરબંધારણીય અને અન્યાયી ગણાવ્યો. તો અમેરિકા અને ભારત વચ્ચે જે ટ્રેડ ડીલ થઈ છે અને એ સિવાય અમેરિકાએ બીજા દેશો પર જે ટેરિફ લગાવ્યો છે એ અન્યાયી અને ગેરબંધારણીય છે એ વાત અમેરિકાનું સુપ્રીમ કોર્ટ કહી રહ્યું છે. અને આ બાબતે ભારતીય મૂળના નીલ કાત્યાલને ચિંતા થઈ અને તેમણે ટ્રમ્પના નિર્ણયને પડકાર્યો હતો. વધુમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી જણાવ્યું હતું કે, હવે આ ન્યૂઝપેપરના છેલ્લા પેજ પર જોવામાં આવે તો આપણને ખ્યાલ આવશે કે કઈ રીતે આપણને મૂર્ખ બનાવી રહ્યા છે અને આપણા પૈસાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે છે. આ ન્યુઝ પેપરમાં મોટી એડ આપવામાં આવી છે અને એમાં લખવામાં આવી છે કે "કૃષિ ક્ષેત્રે સમૃદ્ધિની નવી લહેર, ભારત અમેરિકા ટ્રેડ ડીલ અને કેન્દ્ર અને ગુજરાતનું ખેડૂતલક્ષી બજેટ" આ એડ પરથી દેખાઈ રહ્યું છે કે કઈ રીતે ખેડૂતોને ભરમાવવામાં આવી રહ્યા છે.

# સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઈસ્કૂલ-નિરોણામાં SSC-HSCના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) |

સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઈસ્કૂલ, નિરોણા મધ્યે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિદાય સહ શુભેચ્છા સમારોહ ભવ્ય રીતે ઉજવાયો. કાર્યક્રમની શરૂઆત અગ્રણીઓના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. માં શારદાની વંદના બાદ શાળાના વરિષ્ઠ શિક્ષક અલ્પેશભાઈ જાની દ્વારા મંચસ્થ મહાનુભાવોનુ શાળા પરિવાર વતી



શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું અને પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર અપાયો.સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ, ઈતર પરીક્ષાઓ તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ૨૬ વિદ્યાર્થીઓને

# પ્રવિત્ર રમજાન માસ દરમિયાન મુસ્લિમ સમાજના સામાજિક આગેવાન દ્વારા લાઈટ પાણી નિયમિત મળે સહીત ફળફુટના ભાવોમાં નિયંત્રણ રાખવા કરાઈ અપીલ

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેસલપર (ગુંતલી)ના મુસ્લિમ સમાજના સામાજિક અગ્રણી આમ જનતાની મુશ્કેલીઓ બાબતે કાયમ અવાજ ઉઠાવતા તેમજ સાર્વજનિક પ્રશ્નો માટે ચિંતા કરતા એવા હાજી આધમ લુહાર દ્વારા પવિત્ર રમજાનમાં દરમિયાન લાઈટ પાણી નિયમિત મળી રહે તેમજ ફળફુટના ભાવો માટે નિયંત્રણ રાખવા માં આવે એવી અપીલ કરાઈ છે



# ક્ષત્રિય સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત મહા સમૂહલગ્નોત્સવ સંપન્ન થયો

| નિતીન ઠાકર | ચાણસ્મા

35 નવયુગલોએ સંતોના આશિર્વાદ રાજકીય સામાજિક અગ્રણીઓની શુભેચ્છાઓ નાત ગંગા ની ઉપસ્થિતી માં સંસારિક જીવના પથ પર. પ્રગરવ માંડ્યા. ક્ષત્રિય સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત મહા સમુહલગ્નોત્સવ સંતોના આશિર્વચન સાથે સંમ્પન્ન થયો હતો જેમાં 35 નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડી સાંસારીક જીવનનો શુભારંભ કર્યો હતો આ પ્રસંગે ઉપસ્થિત મહંતશ્રી મહાદેવી ગિરીજી તથા દેકાવાડા આશ્રમના સંતવર્ય પપૂ શ્રી કાળુ રામબાપુએ ગૌ મૈયાનું મહત્વ સમજાવી ગાયને ભારત સરકાર રાષ્ટ્રિય દરજ્જો આપે તેવી માંગ કરી હતી સાથે આયોજકોને સમૂહલગ્નના શુભ આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી જ્યારે સમૂહલગ્નોત્સવના ભોજન દાતા તરીકે મયુદ્દીનભાઈ



(સેઢાલ) અલંકાર મારબલવાળાના સહયોગો કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું જ્યારે સમૂહલગ્નના સહયોગી એક લાખ એક હજાર એકસો અગિયારનું માતબર દાન કરનાર જિલ્લા સદસ્યા આશાબેન વિક્રમજી ચૌહાણ પાનેતરના દાતા સોનાની ચુંનીઓ સહિતનામી દાતાઓનું ક્ષત્રિય સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના વિક્રમજી ઠાકોર સહીત કાર્યકર્તાઓએ સન્માનીત કર્યા હતા.

# શ્રી આંકોલવાડી કન્યા પ્રાથમિક શાળામાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી



| નરેન્દ્ર દવે | જૂનાગઢ

શ્રી આંકોલવાડી કન્યા પ્રાથમિક શાળામાં તા. 21-02-2026 ના રોજ હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી. માતૃભાષા એ માત્ર સંવાદનું સાધન નથી, પરંતુ સંસ્કૃતિ, સંસ્કાર અને સંવેદનાનું જીવંત પ્રતિબિંબ છે – આ ભાવનાને ઉજાગર કરવા માટે શાળાના પ્રાંગણમાં ગુજરાતી ભાષાની ગૌરવગાથા ગુંજી ઉઠી.આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વિવિધ સાહિત્યિક અને સર્જનાત્મક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# News Brief

## ભારત-અમેરિકા વેપાર કરાર માટેની મહત્વની બેઠક હાલમાં મોકૂફ રખાઈ

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચેના સૂચિત વેપાર કરારને આખરી ઓપ આપવા માટે વોશિંગ્ટન ડીસી ખાતે યોજાનારી મુખ્ય વાટાઘાટકારોની બેઠક હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે. વાણિજ્ય મંત્રાલયના સૂત્રોએ રવિવારે આ જાણકારી આપી હતી. અમેરિકાની સર્વોચ્ચ અદાલતના તાજેતરના ચુકાદા અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા જાહેર કરાયેલા નવા ટેરિફના પગલે બંને દેશોએ હાલમાં 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવી હોય તેમ જણાય છે. વાણિજ્ય મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત અને અમેરિકા બંને પક્ષો એવા અભિપ્રાય ધરાવે છે કે ભારતીય મુખ્ય વાટાઘાટકાર અને તેમની ટીમની મુલાકાત નવીનતમ વિકાસ અને તેની અસરોના મૂલ્યાંકન બાદ જ યોજવી જોઈએ. હવે આ બેઠક બંને પક્ષોને અનુકૂળ હોય તેવી ભાવિ તારીખે ફરીથી નિર્ધારિત કરવામાં આવશે. સરકારે શનિવારે જ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ અમેરિકી સુપ્રીમ કોર્ટના ટેરિફ અંગેના ચુકાદા અને ટ્રમ્પ સરકારના આગામી પગલાઓનો ઊંડો અભ્યાસ કરી રહ્યા છે.

નોંધનીય છે કે અમેરિકાની સુપ્રીમ કોર્ટે શુક્રવારે ટ્રમ્પના અગાઉના વ્યાપક ટેરિફ પગલાં વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો. જોકે, આ ચુકાદાને 'ભયાનક નિર્ણય' ગણાવીને ટ્રમ્પે તુરંત જ ટ્રેડ એક્ટ ૧૯૭૪ની કલમ ૧૨૨ હેઠળ તમામ દેશો પર ૧૦ ટકા 'ગ્લોબલ ટેરિફ' લાદવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરી દીધા છે. વ્હાઈટ હાઉસના એક અધિકારીએ પુષ્ટિ કરી છે કે ભારત પાસેથી પણ આ ટેરિફ વસૂલવાની અપેક્ષા રાખવામાં આવશે, જે લગભગ તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

## ભારત-બ્રાઝિલ ટપાલ સેવા કરારથી બંને દેશોના સંબંધો વધુ મજબૂત બન્યા

નવી દિલ્હી: ભારત અને બ્રાઝિલે ટપાલ ક્ષેત્રે સહયોગ વધારવા માટે એક ઐતિહાસિક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશોમાં ટપાલ સેવાઓને મજબૂત બનાવવી, ડિજિટલ પરિવર્તન લાવવું અને છેવાડાના માનવી સુધી સેવાઓ પહોંચાડવાનો છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા ડી સિલ્વાની ભારતની સત્તાવાર મુલાકાત દરમિયાન આ મહત્વપૂર્ણ કરાર કરવામાં આવ્યો હતો, જે દક્ષિણ-દક્ષિણ સહયોગ (South-South Cooperation) માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. ભારતના કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને બ્રાઝિલના સંચાર મંત્રી ફ્રેડરિકો ડી સિકવેરા ફિલ્હો દ્વારા આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રી સિંધિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે, "સાથે મળીને અમે ભવિષ્ય માટે તૈયાર એવા પોસ્ટલ નેટવર્કનું નિર્માણ કરી રહ્યા છીએ જે ડિજિટલ એક્સેસમાં વધારો કરશે, સમાવેશને ગાઢ બનાવશે અને આપણા લોકો માટે વિકાસના નવા દ્વાર ખોલશે." આ કરાર હેઠળ બંને દેશો ટપાલ ક્ષેત્રની નીતિઓ અને કામગીરીમાં શ્રેષ્ઠ પદ્ધતિઓ અને નિપુણતાની આપ-લે કરશે. આ સહયોગમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ઈ-કોમર્સ લોજિસ્ટિક્સ અને પોસ્ટલ ફાઈનાન્શિયલ સર્વિસિસ જેવા મહત્વના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (UPU) જેવા બહુપક્ષીય મંચો પર પણ બંને દેશો વચ્ચે વધુ સારું સંકલન જોવા મળશે. આ ભાગીદારી પાંચ વર્ષના પ્રારંભિક સમયગાળા માટે કરવામાં આવી છે, જે ભવિષ્યમાં આપોઆપ રિન્યૂ થઈ શકશે.ભારત ટપાલ ક્ષેત્રે થયેલા તેના મોટા પાયે પરિવર્તનનો અનુભવ બ્રાઝિલ સાથે શેર કરશે.

## અમેરિકી ટેરિફ દરમાં વધારો છતાં ભારત માટે સ્થિતિ સામાન્ય રહેશે

નવી દિલ્હી: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વૈશ્વિક ટેરિફમાં કરાયેલા ફેરફાર બાદ ભારતીય બજારમાં ઉચાટ જોવા મળી રહ્યો હતો, પરંતુ નિષ્ણાતો તેને અલગ દ્રષ્ટિકોણથી જોઈ રહ્યા છે. હેલિયોસ કેપિટલ મેનેજમેન્ટના સ્થાપક સમીર અરોરાએ અભિપ્રાય આપ્યો છે કે ૧૫ ટકા ટેરિફ દર ભારત માટે કોઈ મોટી સમસ્યા નથી. તેમના મતે, ભારત ૧૮ ટકા ટેરિફ સાથે પણ કરાર કરવા તૈયાર હતું, તેથી ૧૫ ટકાનો દર વાસ્તવમાં સાનુકૂળ કહી શકાય. તાજેતરના કાયદાકીય ઘટનાક્રમ બાદ ટ્રમ્પે ટેરિફ દર ૧૦ ટકાથી વધારીને ૧૫ ટકા કરી દીધા છે. સમીર અરોરાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ભારતની દ્રષ્ટિએ ૧૫ ટકા ટેરિફમાં કંઈ ખોટું નથી. ભારત ૧૮ ટકાના દરે પણ સોદો કરવામાં ખુશ હોત." તેમણે નોંધ્યું હતું કે ઓસ્ટ્રેલિયા, યુકે, સિંગાપોર અને યુએઈ જેવા ૯૦થી વધુ દેશો જેઓ અગાઉ ૧૦ ટકા ટેરિફ હેઠળ હતા, તેઓ હવે ૧૫ ટકાના સ્તરે આવશે. આ ફેરફાર ભારત માટે બજારની સ્થિતિને વધુ ખરાબ કરવાને બદલે સામાન્ય બનાવતો હોવાનું દેખાય છે.અમેરિકાની સર્વોચ્ચ અદાલતે શુક્રવારે ટ્રમ્પના વ્યાપક ટેરિફ પગલાં વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો. આ નિર્ણયને 'હાસ્યાસ્પદ' અને 'અમેરિકા વિરોધી' ગણાવીને ટ્રમ્પે શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર જાહેરાત કરી હતી કે તેઓ ટેરિફ દરને કાયદેસર રીતે મંજૂર એવા ૧૫ ટકાના સ્તરે લઈ જઈ રહ્યા છે. ટ્રમ્પના મતે, આ દેશો દાયકાઓથી અમેરિકાનો લાભ લઈ રહ્યા છે અને આ વધારો 'મેક અમેરિકા ગ્રેટ અગેન' પ્રક્રિયાનો જ એક ભાગ છે.અરોરાએ વધુમાં વિશ્લેષણ કર્યું હતું કે જો ભારત માટે ટેરિફ દર અન્ય જોગવાઈઓ હેઠળ ૧૮ ટકા પર પાછા ફરે તો પણ તે તાજેતરના 'ડ્રામા' વગર જે સ્થિતિ હોત તેવી જ રહેશે. તેમણે મહત્વનો મુદ્દો ઉઠાવ્યો હતો કે આ ટેરિફ આગામી ૫ મહિના પછી કેવી રીતે લંબાવવામાં આવશે તે સ્પષ્ટ નથી,

### સુપ્રીમ કોર્ટ રિફન્ડ ચુકાદો જિજ્ઞાસા જગાવે તેવો ટ્રમ્પ વહીવટીતંત્ર આયાત ડ્યૂટી પર ભીંસ વધશે

# અમેરિકા ટેરિફ વિવાદમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ભારે ખળભળાટ મચ્યો

(એજન્સી) વોશિંગ્ટન | તા 22

અમેરિકાની સર્વોચ્ચ અદાલતના એક મહત્વપૂર્ણ ચુકાદા બાદ વૈશ્વિક વેપાર જગતમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા વિવાદાસ્પદ 'રેસિપ્રોકલ ટેરિફ' વિરુદ્ધ આયાતકારોએ મોરચો માંડ્યો છે. છેલ્લા એક વર્ષમાં ન્યાયતંત્ર સમક્ષ કેસોનો એવો મોટો ઢગલો થયો છે કે જેણે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. આ કાયદાકીય લડાઈ હવે માત્ર ટેરિફ પૂરતી મર્યાદિત ન રહેતા અબજો ડોલરના રિફન્ડ મેળવવાની હિલચાલમાં પરિવર્તિત થઈ છે, જેના કારણે વોશિંગ્ટનથી લઈને મુંબઈ સુધીના વેપારગૃહોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.અમેરિકાની કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડ અત્યારે ટેરિફ સંબંધિત અરજીઓથી ઉભરાઈ રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગયા વર્ષના એપ્રિલ માસથી અત્યાર સુધીમાં ૧૮૦૦થી વધુ કેસો દાખલ કરવામાં આવ્યા છે. આ આંકડો આઘાતજનક એટલા માટે છે કારણ કે વર્ષ ૨૦૨૪ના સંપૂર્ણ ગાળા દરમિયાન આવા કેસોની સંખ્યા બે ડઝનથી પણ ઓછી હતી. આ ઉછાળો સૂચવે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે



વેપાર કરતી કંપનીઓ હવે રક્ષણાત્મક નીતિઓ સામે કાયદાકીય સંગ્રામ લડવા પૂરી રીતે સજ્જ થઈ ગઈ છે.

આ કાયદાકીય જંગમાં વિશ્વની નામી કંપનીઓ મેદાને પડી છે. જેમાં ગુડયર ટાયર, રિટેલ ક્ષેત્રની જાયન્ટ કોસ્ટકો, જાપાનના પ્રતિષ્ઠિત ટોયોટા જૂથની પેટા કંપનીઓ અને એલ્યુમિનિયમ ઉત્પાદક અલકોઆ જેવા મોટા ગજાના વેપારગૃહોનો સમાવેશ થાય છે. સ્થાનિક કાયદાકીય નિષ્ણાતોના મતે, સુપ્રીમ કોર્ટના તાજેતરના અવલોકનો બાદ આ સંખ્યામાં હજુ પણ મોટો વધારો થવાની પૂરેપૂરી સંભાવના છે. આ કંપનીઓનો મુખ્ય તર્ક એ છે કે સરકાર દ્વારા વસૂલવામાં આવેલી વધારાની ડ્યૂટી કાયદેસર રીતે ટકી શકે તેમ નથી.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકાએ વિવિધ દેશોમાંથી થતી આયાત પર અંદાજે ૧૭૫ અબજ ડોલર જેટલી માતબર રકમ રેસિપ્રોકલ ટેરિફ પેટે વસૂલી છે. હવે જ્યારે સર્વોચ્ચ અદાલતે આ બાબતે હસ્તક્ષેપ કર્યો છે, ત્યારે માત્ર કેસ કરનાર કંપનીઓ જ નહીં, પરંતુ ડ્યૂટી ભરનાર વિશ્વભરના હજારો વેપારગૃહો રિફન્ડની માગણી કરવાની તૈયારી કરી રહ્યા છે. આ રિફન્ડની પ્રક્રિયા ટ્રમ્પ વહીવટીતંત્ર માટે માથાનો દુખાવો સાબિત થઈ શકે છે.

જોકે, રિફન્ડની આ રાહ આસાન જણાતી નથી. ટ્રમ્પ વહીવટીતંત્ર એવી દલીલ કરી રહ્યું છે કે સુપ્રીમ કોર્ટે રિફન્ડ આપવા અંગે કોઈ સ્પષ્ટ દિશાનિર્દેશ જાહેર કર્યા નથી. બીજી તરફ, ટેકનિકલ રીતે પણ દરેક કંપનીએ ચૂકવેલી ડ્યૂટીના ચોક્કસ આંકડાની ગણતરી કરવી એ અત્યંત જટિલ અને સમય માંગી લે તેવી પ્રક્રિયા છે. મીડિયા અહેવાલ મુજબ, જો સરકાર રિફન્ડ આપવા સંમત થાય તો પણ આ પ્રક્રિયામાં મહિનાઓ કે વર્ષો નીકળી શકે છે, જે આંતરરાષ્ટ્રીય વેપાર સંગઠનો માટે ચિંતાનો વિષય છે.

## ભારતનો જીડીપી ગ્રોથ ત્રીજા ક્વાર્ટરમાં ઘટીને 7.2 ટકા રહેશે

નવી દિલ્હી: રેટિંગ એજન્સી ઈકરા (ICRA) એ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ત્રીજા ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર) માટે ભારતના આર્થિક વિકાસ દરના આંકડા જાહેર કર્યા છે. એજન્સીના મતે ભારતનો જીડીપી ગ્રોથ (GDP Growth) વાર્ષિક ધોરણે ઘટીને ૭.૨ ટકા રહેવાની સંભાવના છે, જે અગાઉના બીજા ક્વાર્ટરમાં ૮.૨ ટકા નોંધાયો હતો. સેવા અને કૃષિ ક્ષેત્રની ગતિ ધીમી પડવાને કારણે એકંદર વૃદ્ધિ દરમાં આ ઘટાડો જોવા મળી શકે છે, જોકે ઔદ્યોગિક પ્રદર્શનમાં સુધારો ચાલુ રહેવાની ધારણા છે. ઈકરાના અહેવાલ મુજબ, ઔદ્યોગિક ક્ષેત્રે છેલ્લા છ ક્વાર્ટરની સૌથી ઉંચી ૮.૩ ટકાની વૃદ્ધિ નોંધાઈ શકે છે, જે બીજા ક્વાર્ટરમાં ૭.૭ ટકા હતી. પરંતુ, સેવા ક્ષેત્રનો વૃદ્ધિ દર ૯.૨ ટકાથી ઘટીને ૭.૮ ટકા અને કૃષિ ક્ષેત્રનો દર ૩.૫ ટકાથી ઘટીને ૩.૦ ટકા રહેવાની શક્યતા છે. સેવા અને કૃષિ ક્ષેત્રમાં આવેલી આ નરમાશ ઔદ્યોગિક ક્ષેત્રના સારા પ્રદર્શનની અસરને ઓછી કરી શકે છે, જે અંતે કુલ જીડીપીના આંકડાને નીચે ખેંચી લાવશે.

### લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ ડેટામાં મોટો ઘટાડો

## વિદેશી રેમિટન્સમાં ઘટાડો નોંધાતા આર્થિક ક્ષેત્રે નવા સમીકરણો સર્જાયા

અમદાવાદ:ભારતીયો દ્વારા વિદેશમાં નાણાં મોકલવાની પ્રક્રિયા એટલે કે રેમિટન્સમાં ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન મોટો ઓટ જોવા મળ્યો છે. ભારતીય રિઝર્વ બેંકની લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ હેઠળ વિદેશ મોકલવામાં આવતી રકમમાં ચાર ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને વિદેશી પ્રવાસ અને ઉચ્ચ શિક્ષણ પાછળ કરવામાં આવતા ખર્ચમાં ભારતીયોએ હાથ ખેંચ્યો હોય તેવું આંકડાકીય વિશ્લેષણ પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે. આ ફેરફાર વૈશ્વિક આર્થિક સ્થિતિ અને બદલાતા રોકાણના વલણો તરફ નિર્દેશ કરે છે. રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલા તાજેતરના અહેવાલ મુજબ, એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન કુલ રેમિટન્સ ૪.૧૨ ટકા ઘટીને ૨૧.૩૬ બિલિયન ડોલર પર આવી ગયું છે. ગત વર્ષે સમાન સમયગાળામાં આ આંકડો ૨૨.૨૮ બિલિયન ડોલર જેટલો ઊંચો હતો. માત્ર ડિસેમ્બર ૨૦૨૫ના મહિનાની વાત કરીએ તો, વાર્ષિક ધોરણે ૨.૨૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આ ઘટાડો સૂચવે છે કે ભારતીય પરિવારો હવે વિદેશી ખર્ચ બાબતે વધુ સાવધ બન્યા છે.આ યોજના હેઠળ જે રકમ બહાર જાય છે તેમાં સૌથી મોટો હિસ્સો એટલે કે અંદાજે ૬૦ ટકા રકમ આંતરરાષ્ટ્રીય મુસાફરી પાછળ ખર્ચાય છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં મુસાફરી પાછળનો ખર્ચ ૪.૯ ટકા ઘટીને ૧૨.૩૭ બિલિયન ડોલર રહ્યો છે, જે અગાઉ ૧૩.૦૧ બિલિયન ડોલર હતો. પ્રવાસન ક્ષેત્રે આ ઘટાડો વૈશ્વિક સ્તરે વધતી મોંઘવારી અથવા પ્રવાસની બદલાતી પદ્ધતિઓનું પરિણામ હોઈ શકે છે.સૌથી ચોંકાવનારો ઘટાડો વિદેશમાં અભ્યાસ માટે મોકલવામાં આવતા નાણાંમાં જોવા મળ્યો છે. શિક્ષણ માટેનું રેમિટન્સ ૨૨.૩૫ ટકા જેટલું મસમોટું ઘટીને ૧.૭૧ બિલિયન ડોલર થઈ ગયું છે. ગયા વર્ષે આ રકમ ૨.૨૦ બિલિયન ડોલર હતી. આ ઘટાડો વિદેશી યુનિવર્સિટીઓની મોંઘી ફી, બદલાતી વિઝા નીતિઓ અથવા ભારતમાં જ ઉચ્ચ શિક્ષણના વધતા વિકલ્પોને આભારી હોઈ શકે છે.આર્થિક વિશ્લેષકોના મતે, રેમિટન્સમાં આ ઘટાડો ડોલરની માંગમાં થોડો ઘટાડો લાવી શકે છે, જે રૂપિયાને ટેકો આપી શકે.

### RBI ફોરેક્સ રિઝર્વ ડેટા નવા રેકોર્ડ સ્તરે | સોનાના ભંડારમાં ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો છે

## ભારતનું વિદેશી હૂંડિયામણ 725 બિલિયન ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું

(એજન્સી) અમદાવાદ | તા 22

ભારતીય અર્થતંત્ર માટે અત્યંત શુભ સમાચાર સામે આવ્યા છે. દેશની આર્થિક તિજોરી એટલે કે વિદેશી હૂંડિયામણ ભંડાર હવે અત્યાર સુધીના સૌથી ઉચ્ચ સ્તરે પહોંચી ગયો છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, ૧૩ ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની અનામત સંપત્તિમાં ધરખમ વધારો નોંધાયો છે. આ ઐતિહાસિક વૃદ્ધિ પાછળ વિદેશી રોકાણકારોનો અવિરત વિશ્વાસ અને સોનાના ભંડારના મૂલ્યમાં થયેલો તોતિંગ વધારો મુખ્ય કારણ માનવામાં આવે છે. મધ્યસ્થ બેંકના અહેવાલ અનુસાર, ભારતના વિદેશી હૂંડિયામણમાં માત્ર એક સપ્તાહમાં ૮.૬૬ બિલિયન ડોલરનો મોટો વધારો થયો છે. આ સાથે જ કુલ અનામત ભંડાર ૭૨૫.૭૨૭ બિલિયન ડોલરના જાદુઈ આંકડા પર પહોંચી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૬ ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા અગાઉના સપ્તાહમાં આ ભંડાર થોડો ઘટીને ૭૧૭.૦૬૪ બિલિયન ડોલર થયો હતો, પરંતુ તાજેતરના ઉછાળાએ અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. જાન્યુઆરી માસમાં પણ ભંડાર ૭૨૩ બિલિયન ડોલરને પાર કરી ગયો હતો, જે હવે ફરી એકવાર નવી ઊંચાઈએ છે. આ અઠવાડિયાના



ડેટામાં સૌથી આકર્ષક પાસું સોનાના ભંડારમાં થયેલો વધારો છે. સોનાના ભંડારનું મૂલ્ય ૪.૯૯ બિલિયન ડોલર વધીને ૧૨૮.૪૬૬ બિલિયન ડોલરના સ્તરે પહોંચ્યું છે. આ વૃદ્ધિ ભારત-EU મુક્ત વેપાર કરાર અને ભારત-યુએસ વચ્ચેના વચગાળાના વેપાર કરારો બાદ બદલાયેલા વૈશ્વિક સેન્ટિમેન્ટનું પરિણામ છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) સતત ભારતીય બજારમાં નાણાં ઠાલવી રહ્યા છે, જેના કારણે ભારતીય રૂપિયો પણ મજબૂતી તરફ આગળ વધી રહ્યો છે. ભારત પાસે અત્યારે ઉપલબ્ધ આ વિદેશી હૂંડિયામણ ભંડાર દેશની આયાત જરૂરિયાતો માટે મજબૂત સુરક્ષા કવચ પૂરું પાડે છે.

## અમેરિકી ટેરિફ નીતિમાં ફેરફારથી વૈશ્વિક વેપારના સમીકરણો બદલાવાની શક્યતા

નવી દિલ્હી:અમેરિકાની અદાલત દ્વારા ટેરિફ માળખાને અમાન્ય જાહેર કરવાના તાજેતરના નિર્ણયથી વૈશ્વિક નીતિવિષયક લેન્ડસ્કેપમાં ધરખમ ફેરફાર થવાની સંભાવના છે. એસબીઆઈ રિસર્ચ (SBI Research) ના તાજેતરના અહેવાલ મુજબ, આ કાયદાકીય વળાંક માત્ર અનિશ્ચિતતામાં વધારો કરશે એટલું જ નહીં, પરંતુ વિવિધ દેશોએ અમેરિકા સાથે વાટાઘાટો કરવા માટે હવે 'બિન-પરંપરાગત' (Counter-intuitive) વ્યૂહરચના અપનાવવી પડશે. અમેરિકી કોંગ્રેસમાં સત્તાનું સંતુલન અત્યંત નાજુક હોવાથી આ વચગાળાના સમયગાળામાં વૈશ્વિક વેપારના માર્ગો બદલાઈ શકે છે.અમેરિકાની સર્વોચ્ચ અદાલતે એક સીમાચિહ્નરૂપ નિર્ણયમાં પ્રમુખ દ્વારા 'ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ' (IEEPA), ૧૯૭૭ હેઠળ ટેરિફ લાદવાની સત્તાને રદબાતલ ઠેરવી છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે આ કાયદાનો ઉપયોગ અગાઉ ક્યારેય શાંતિના સમયમાં ટેરિફ લાદવા માટે થયો ન હતો.

### હેલ્થ ઈન્સ્યોરન્સ અને એઆઈ ટેકનોલોજી બદલશે નકશો

## ભારતની આરોગ્ય ક્રાંતિ હવે સંપત્તિના ભેદભાવ વગર સારવાર આપશે

મુંબઈ:ભારત આગામી પાંચથી સાત વર્ષમાં વિશ્વનો એવો પ્રથમ દેશ બનવા જઈ રહ્યો છે જે સ્વાસ્થ્ય સેવાઓને સંપત્તિથી અલગ કરી દેશે. નારાયણ હેલ્થના સ્થાપક અને ચેરમેન ડો. દેવી પ્રસાદ શેટ્ટીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, ટૂંક સમયમાં ભારતના નાગરિકોને મળતી તબીબી સારવારની ગુણવત્તા તેમની આર્થિક સ્થિતિ પર નિર્ભર નહીં હોય. મુંબઈ ખાતે આયોજિત ૨૫મી ગ્લોબલ કોન્ફરન્સ ઓફ એક્ચ્યુરીઝમાં તેમણે ભારતની બદલાતી જતી આરોગ્ય વ્યવસ્થા અંગે આ મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી.

ડો. શેટ્ટીના જણાવ્યા અનુસાર, ભારત આ લક્ષ્યાંક હાંસલ કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે કારણ કે દેશમાં ટ્રેઈનિંગ લેતા ડોક્ટરોની સંખ્યા હવે લગભગ ત્રણ ગણી થઈ ગઈ છે. હોસ્પિટલોમાં પથારીઓની સંખ્યા પણ પર્યાપ્ત છે. તેમણે ઉમેર્યું કે, "ભારત વિશ્વને સાબિત કરી દેશે કે રાષ્ટ્ર કે પરિવારની સંપત્તિને નાગરિકોની સ્વાસ્થ્ય સેવાઓની ગુણવત્તા સાથે કોઈ લેવાદેવા નથી. આવનારા થોડા વર્ષોમાં સરકારી યોજનાઓ અને ખાનગી વીમાના માધ્યમથી દરેક ભારતીય પાસે કોર્પોરેટ હોસ્પિટલમાં સારવાર લેવા માટે પૂરતું કવચ હશે."

ઓપરેટિંગ રૂમમાં વધતી જતી ટેકનોલોજી અંગે સ્પષ્ટતા કરતા ડો. શેટ્ટીએ જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ડોક્ટરોની જગ્યા નહીં લે પરંતુ તેમની કાર્યક્ષમતા અને દર્દીની સુરક્ષામાં વધારો કરશે. એક ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, એઆઈની મદદથી એક ત્વચા રોગ નિષ્ણાત જે અગાઉ ૫,૦૦૦ દર્દીઓ તપાસતા હતા, તેઓ હવે ૩૦,૦૦૦ દર્દીઓની સારવાર કરી શકશે. આ ટેકનોલોજી ડોક્ટરોને વધુ ઉત્પાદક બનાવશે અને સારવારને સુરક્ષિત બનાવશે.

## જનરેટિવ એઆઈ માર્કેટ 2030 સુધીમાં 76 અબજ ડોલરનું યોગદાન આપશે

નવી દિલ્હી:એશિયા પેસિફિક ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની ક્રાંતિ આગામી વર્ષોમાં અર્થતંત્રનો નકશો બદલી નાખશે. કોલિયર્સના તાજેતરના અહેવાલ મુજબ, જનરેટિવ એઆઈ માર્કેટ ૨૦૨૪ થી ૨૦૩૦ દરમિયાન ૩૭.૫ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) સાથે વધવાની અપેક્ષા છે. આ ટેકનોલોજી ૨૦૩૦ સુધીમાં પ્રાદેશિક અર્થતંત્રમાં વાર્ષિક આશરે ૭૬ અબજ ડોલરનું માતબર યોગદાન આપે તેવી પ્રબળ શક્યતા છે. આ વૃદ્ધિનો આધાર ટેકનોલોજીના સ્વીકાર અને કામદારોની નવી કાર્યશૈલીમાં અનુકૂલન સાધવાની ક્ષમતા પર રહેશે. અહેવાલ અનુસાર, સિંગાપોર આ ક્ષેત્રમાં એઆઈ સજ્જતા (AI Readiness) માં ટોચનું સ્થાન ધરાવે છે. ૨૦૩૦ સુધીમાં સિંગાપોરના અર્થતંત્રને એઆઈ અપનાવવાથી ૧૪૭.૬ અબજ ડોલર સુધીનો આર્થિક લાભ મળી શકે છે. બીજી તરફ, જાપાનમાં જનરેટિવ એઆઈ આશરે ૧.૧ ટ્રિલિયન ડોલરની ઉત્પાદક ક્ષમતાના દ્વાર ખોલી શકે છે.

### સેન્ટ્રલ બેંક ફોરેક્સ હસ્તક્ષેપ દ્વારા બજાર પર નિયંત્રણ

## આરબીઆઈ ડોલર વેચાણ કામગીરીથી રૂપિયાને મળ્યું મજબૂત સુરક્ષા કવચ

(એજન્સી) અમદાવાદ | તા 22

વૈશ્વિક બજારમાં ડોલર સામે ભારતીય ચલણના મૂલ્યને પછડાટથી બચાવવા માટે ભારતીય રિઝર્વ બેંકે કમર કસી છે. ડિસેમ્બર માસ દરમિયાન મધ્યસ્થ બેંકે રૂપિયાને સ્થિર રાખવા માટે બજારમાં રેકોર્ડબ્રેક ૧૦ બિલિયન ડોલરનું ચોખ્ખું વેચાણ કર્યું છે. આ આક્રમક પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિતિમાં ભારે વધઘટ જોવા મળી રહી છે. આરબીઆઈના આ હસ્તક્ષેપથી વિદેશી હૂંડિયામણ બજારમાં બેંકની સક્રિયતા સ્પષ્ટપણે દેખાઈ રહી છે. સેન્ટ્રલ બેંક દ્વારા જારી કરાયેલા તાજેતરના ડેટા મુજબ, ડિસેમ્બર મહિનામાં કુલ ૨૮.૩ બિલિયન ડોલરનું વેચાણ કરવામાં આવ્યું હતું, જેની સામે ૧૮.૩ બિલિયન ડોલરની ખરીદી થઈ હતી. આમ, શુદ્ધ રીતે ૧૦ બિલિયન ડોલર બજારમાં ઠાલવવામાં આવ્યા છે. નોંધનીય છે કે નવેમ્બર માસમાં આ આંકડો ૯.૭ બિલિયન ડોલર હતો, જે સૂચવે છે કે રૂપિયા પરનું દબાણ ઘટાડવા માટે બેંકે પોતાની કામગીરી વધુ તેજ બનાવી છે.ચાલુ નાણાકીય વર્ષના અત્યાર સુધીના ગાળા પર નજર કરીએ તો, રિઝર્વ બેંકે ડિસેમ્બર સુધીમાં કુલ ૫૩.૩ બિલિયન ડોલરનું ચોખ્ખું વેચાણ કર્યું છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં આ વેચાણ માત્ર ૩૬.૧ બિલિયન ડોલર હતું. આ આંકડાઓ સાબિત કરે છે કે આ વર્ષે વૈશ્વિક પડકારો સામે સ્થાનિક ચલણને સુરક્ષિત રાખવા માટે આરબીઆઈને બજારમાં વધુ મોટો હસ્તક્ષેપ કરવાની જરૂર પડી છે.



રિઝર્વ બેંકના સતત પ્રયાસોને કારણે ફોરવર્ડ માર્કેટમાં નેટ શોર્ટ ડોલર પોઝિશનમાં ઘટાડો નોંધાયો છે. નવેમ્બરના અંતે આ પોઝિશન ૬૬.૦૪ બિલિયન ડોલર હતી, જે ડિસેમ્બરના અંતમાં ઘટીને ૬૨.૩૫ બિલિયન ડોલર થઈ ગઈ છે. આ આંકડાઓમાં ખાસ વાત એ છે કે એક વર્ષથી ઓછી મુદત ધરાવતી શોર્ટ પોઝિશનમાં ૭ બિલિયન ડોલરનો મોટો ઘટાડો થયો છે, જ્યારે લાંબી મુદતના કોન્ટ્રાક્ટમાં આંશિક વધારો જોવા મળ્યો છે.જાન્યુઆરી ૨૦૨૬ સુધીના આંકડા મુજબ, ભારતીય રૂપિયાનો વાસ્તવિક અસરકારક વિનિમય દર (REER) ૯૪.૭૬ નોંધાયો છે, જે અગાઉના ડિસેમ્બર માસમાં ૯૫.૩૦ હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આરબીઆઈની આ વ્યૂહરચના પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય રૂપિયામાં આવતી અચાનક અસ્થિરતાને રોકવાનો છે.

### ટોયોટા ઈનોવા હાઈક્રોસ હવે એક ફુલ ટેંકમાં 1200 કિમી ચાલશે

## હાઈબ્રિડ કાર કિંમત અને ફીચર્સ હવે મધ્યમ વર્ગની પહોંચમાં

(એજન્સી) નવી દિલ્હી | તા 22

ભારતીય ઓટોમોબાઈલ માર્કેટમાં જ્યારે મોટા પરિવાર માટે લક્ઝરી અને ભરોસાની વાત આવે ત્યારે એક જ નામ મોખરે આવે છે. અત્યાધુનિક ટેકનોલોજી અને પાવરફુલ એન્જિન સાથે સજ્જ આ લક્ઝરી એમપીવી (MPV) હવે પહેલા કરતા વધુ કિફાયતી સાબિત થઈ રહી છે. ખાસ કરીને તેની હાઈબ્રિડ સિસ્ટમ અને લાંબી મુસાફરી કરવાની ક્ષમતાએ તેને બજારમાં અન્ય ગાડીઓ કરતા અલગ તારવી છે. 5-સ્ટાર સેફ્ટી રેટિંગ સાથે આવતી આ કાર પ્રીમિયમ અનુભવની સાથે સુરક્ષાની પણ ખાતરી આપે છે.

આ કાર મુખ્યત્વે બે દમદાર એન્જિન વિકલ્પોમાં ઉપલબ્ધ છે. પ્રથમ ૨.૦-લીટર પેટ્રોલ એન્જિન છે જે ૧૭૩ bhp પાવર અને ૨૦૯ Nm ટોર્ક જનરેટ કરે છે, જે શહેરના રસ્તાઓ પર શાનદાર પકડ જાળવે છે. બીજો અને સૌથી લોકપ્રિય વિકલ્પ ૨.૦-લીટર સ્ટ્રોંગ હાઈબ્રિડ એન્જિનનો છે. આ ટેકનોલોજી પેટ્રોલ અને ઈલેક્ટ્રિક બંને મોડનો સમન્વય કરી સ્મૂધ ડ્રાઈવિંગ અનુભવ પૂરો પાડે છે. લાંબી મુસાફરીના શોખીનો માટે આ ગાડી વરદાન સમાન છે. પેટ્રોલ વેરિઅન્ટ ૧૬.૧૩ કિમી પ્રતિ લિટરની માઈલેજ આપે છે, જ્યારે હાઈબ્રિડ વેરિઅન્ટ ૨૩.૨૪ કિમી પ્રતિ લિટર (ARAI પ્રમાણિત) ની આશ્ચર્યજનક એવરેજ આપે છે. આનો અર્થ એ થયો કે જો તમે એકવાર ફુલ ટ ે ન ્ ક





કરાવો છો, તો તમે અંદાજે ૧૨૦૦ કિલોમીટર સુધીનો પ્રવાસ કોઈપણ ચિંતા વગર કરી શકો છો.પરિવારની સુવિધા માટે આ કારમાં ૧૦.૧-ઈંચની મોટી ટચસ્ક્રીન ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ આપવામાં આવી છે. મનોરંજન માટે વાયરલેસ Apple CarPlay અને Android Autoની સુવિધા છે. સંગીતના શોખીનો માટે ૯-સ્પીકર વાળી JBL ઓડિયો સિસ્ટમ અને સબવૂફર આ મુસાફરીને યાદગાર બનાવે છે. સ્માર્ટ કનેક્ટિવિટી માટે તેમાં સ્પેશિયલ i-CONNECT ફીચર પણ સામેલ છે. કિંમતની દ્રષ્ટિએ આ કાર ૧૮.૪૮ લાખ રૂપિયા (એક્સ-શોરૂમ) થી શરૂ થાય છે. હાઈબ્રિડ મોડલ્સની કિંમત ૩૧.૬૫ લાખથી ૩૭.૩૮ લાખ રૂપિયા સુધી જાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બજારમાં તેની સીધી ટક્કર મહિન્દ્રા XUV700, ટાટા સફારી અને કિયા કેરેન્સ જેવી જાણીતી એસયુવી સાથે છે. મીડિયા અહેવાલ અનુસાર, તેના પ્રીમિયમ લૂક અને માઈલેજને કારણે હાલમાં તેનો વેઈટિંગ પિરિયડ પણ ઊંચો જોવા મળી રહ્યો છે.

### રિફાઈનરી રોડ પર નશામાં ધૂત ચાલકે કાર ડિવાઈડર પર ચઢાવી

# વડોદરામાં નશેબાજ કારચાલકનો રીતસરનો આતંક

(એજન્સી) વડોદરા । તા. 22

સંસ્કારી નગરી વડોદરાના રિફાઈનરી રોડ પર ગઈકાલે સાંજે એક નશેબાજ કારચાલકે ગંભીર અકસ્માત સર્જીને નાસભાગ મચાવી દીધી હતી. દારૂના નશામાં ધૂત ચાલકે પોતાની બોલેરો જીપ પર પરનો કાબૂ ગુમાવતા ગાડી સીધી ડિવાઈડર પર ચઢાવી દીધી હતી. જોકે, આ ભયાનક અકસ્માતમાં સદનસીબે કોઈ રાહદારી કે અન્ય વાહનચાલક અડફેટે ન આવતા મોટી જાનહાનિ ટળી હતી. જવાહરનગર પોલીસે આ મામલે ગુનો નોંધી નશેબાજ ચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જવાહરનગર પોલીસને કંટ્રોલ રૂમ તરફથી સંદેશ મળ્યો હતો કે, ગુજરાત રિફાઈનરી રોડ પર ગંગાનગર સોસાયટીના નાકે, કોયલી ગામ પાસે એક સફેદ કલરની બોલેરો જીપે ડિવાઈડર સાથે જોરદાર ટક્કર મારી છે. આ માહિતી મળતા જ પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે એક કાર ડિવાઈડર સાથે અથડાયેલી હાલતમાં ઊભી હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

પોલીસે અકસ્માતગ્રસ્ત કારમાં બેઠેલા ચાલકને બહાર કાઢી તેની પૂછપરછ કરી હતી. ચાલકે પોતાનું નામ અજય રાજેન્દ્રભાઈ ગોહિલ (રહે. બળીયાદેવનગર, રામપુરા ગામ, વડોદરા) જણાવ્યું હતું. પૂછપરછ દરમિયાન પોલીસને શંકા ગઈ હતી કે ચાલકે દારૂ પીધો છે. ત્યારબાદ પોલીસે બ્રેથ એનેલાઈઝર મશીન દ્વારા તેની તપાસ કરતા તે દારૂના નશામાં હોવાનું ફલિત થયું હતું. આથી પોલીસે તુરંત તેની



અટકાયત કરી કાર કબજે લીધી હતી.

આ નશેબાજ ચાલકે ડિવાઈડર સાથે અથડાતા પહેલા અન્ય એક કારને પણ અડફેટે લીધી હતી. જોકે, તે કારચાલક અને અજય ગોહિલ વચ્ચે સ્થળ પર જ સમાધાન થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ તપાસમાં વધુમાં એ પણ બહાર આવ્યું છે કે, અકસ્માત સર્જનાર અજય ગોહિલ આઈ.ઓ.સી.એલ. (IOCL) ના પેટા કોન્ટ્રાક્ટમાં ગાડી ચલાવવાનું કામ કરે છે. એક જવાબદાર સંસ્થા સાથે જોડાયેલો હોવા છતાં નશામાં ગાડી ચલાવીને તેણે અનેક નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂક્યા હતા. રિફાઈનરી રોડ જેવા વ્યસ્ત રસ્તા પર સાંજના સમયે મોટી સંખ્યામાં લોકોની અવરજવર હોય છે. નશેબાજ ચાલકોને કારણે નિર્દોષ લોકો અકસ્માતનો ભોગ બને છે, જેને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## વડોદરા સમા રોડ અકસ્માત: નશામાં ધૂત કારચાલકે લારીવાળાને ફંગોળ્યો

સંસ્કારી નગરી વડોદરામાં ફરી એકવાર નશામાં ધૂત કારચાલકે માર્ગો પર આતંક મચાવ્યો છે. શહેરના સમા રોડ પર ગઈકાલે રાત્રે એક ૨૧ વર્ષીય નબીરાએ દારૂના




નશામાં કાર હંકારી શાકભાજીની લારી ચલાવતા નિર્દોષ શ્રમિકને ટક્કર મારી ગંભીર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર બેરિકેડ તોડી રોડ સાઈડના માટીના ઢગલા પર ચઢી ગઈ હતી. સમા રણછોડનગરમાં રહેતા અનિલ સોનકર રાત્રે ૯ વાગ્યે પોતાની શાકભાજીની લારી બંધ કરીને ઘરે જઈ રહ્યા હતા. ત્યારે જી.આઈ.પી.સી.એલ. સર્કલથી જલારામ મંદિર તરફ જતા રોડ પર પૂરઝડપે આવેલી એક કારે લારીને જોરદાર ટક્કર મારી હતી. અનિલ રોડ પર પટકાયા હતા અને કારચાલકે ત્યાંથી ભાગવા માટે કાર વધુ ઝડપથી દોડાવી હતી. નશામાં હોવાને કારણે કારચાલક તરુણ નિલેશભાઈ સોનીએ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર અયપ્પા ગરબા ગ્રાઉન્ડ પાસે કોર્પોરેશનના કામ માટે મૂકેલા બેરિકેડને તોડીને સીધી માટીના ઢગલા પર ચઢી ગઈ હતી.

## ગુજરાત બોર્ડ પરીક્ષા તૈયારી: ખોદકામને કારણે ડીઈઓ એક્શનમાં



વડોદરા | આગામી ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી ધોરણ ૧૦ અને ૧૨ની ગુજરાત બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી હરકતમાં આવી છે. શહેરમાં ઠેર-ઠેર ચાલી રહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ખોદકામને કારણે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મોડા ન પડે તે માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. ડીઈઓ કચેરીએ તમામ પરીક્ષા કેન્દ્રો ધરાવતી શાળાઓ પાસેથી તેમની આસપાસ થયેલા ખોદકામની વિગતો મંગાવી છે. ઈન્ચાર્જ ડીઈઓ મહેશ પાંડેના જણાવ્યા અનુસાર, શાળાઓ પાસેથી મળેલી ખોદકામની વિગતો પોલીસ તંત્રને સોંપવામાં આવશે. જે વિસ્તારોમાં ખોદકામને કારણે ટ્રાફિક જામ થવાની શક્યતા છે, ત્યાં વધારાના ટ્રાફિક પોલીસ જવાનો તૈનાત કરવા વિનંતી કરવામાં આવશે. તંત્રનો ઉદ્દેશ્ય એ છે કે પરીક્ષાર્થીઓને રસ્તામાં કોઈ અડચણ ન આવે.

## વડોદરા માર્ગ અકસ્માત સમાચાર: બે અલગ-અલગ ઘટનામાં બે યુવકોના મોત

(એજન્સી) વડોદરા । તા. 22

વડોદરા શહેરમાં રવિવારે માર્ગ અકસ્માતની બે અલગ-અલગ ઘટનાઓમાં બે આશાસ્પદ યુવકોના મોત નીપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. આજવારોડ પર બપોરે એક બાઈક સવાર યુવક નિયંત્રણ ગુમાવી પેટ્રોલ પંપની કેબીનમાં ઘુસી ગયો હતો, જ્યારે અન્ય એક કિસ્સામાં ગોત્રી હરિનગર બ્રિજ પર ૧૯ દિવસ પહેલા અકસ્માતનો ભોગ બનેલા યુવકનું સારવાર દરમિયાન મોત થયું છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, કલાલીની ચાણક્યનગરીમાં રહેતો ૨૬ વર્ષીય આદિત્ય રાજેન્દ્રભાઈ પરમાર સીસીટીવી કેમેરા ફિટિંગનું કામ કરતો હતો. આજે બપોરે તે આજવારોડ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે દૂધેશ્વરનગર સોસાયટી સામે આવેલા પેટ્રોલ પંપ પર હવા ભરવા માટેની કેબીન સાથે તેનું બાઈક ધડાકાભેર અથડાયું હતું. ગંભીર રીતે ઘાયલ આદિત્યને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. પાણીગેટ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

અન્ય એક કિસ્સામાં, માંજલપુર વિસ્તારના કસ્તુરીનગરમાં રહેતો રવિન્દ્ર વનરાજભાઈ કઢે ગત ૨ જી ફેબ્રુઆરીના રોજ ગોત્રી હરિનગર બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે તેની બાઈક ડિવાઈડર સાથે અથડાતા તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. રવિન્દ્રને શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, ૧૯ દિવસ સુધી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ આખરે આજે તેનું મોત નીપજ્યું હતું.

મીડિયા અહેવાલ મુજબ, વડોદરાના ઓવરબ્રિજ અને મુખ્ય માર્ગો પર વધતા અકસ્માતોએ ટ્રાફિક પોલીસ અને વહીવટી તંત્ર સામે સવાલો ઉભા કર્યા છે. ખાસ કરીને યુવા વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે, જે સમાજ માટે ચિંતાજનક બાબત છે. પોલીસ વિભાગ દ્વારા વાહનચાલકોને હેલ્મેટ પહેરવા અને ગતિ મર્યાદાનું પાલન કરવા વારંવાર અપીલ કરવામાં આવી રહી છે.

## વડોદરા લોન ઠગાઈ કૌભાંડ: ફાઈનાન્સ કંપનીની ડાયરેક્ટરનો પુત્ર જેલભેગો

(એજન્સી) વડોદરા । તા. 22

શહેરના મુજમહુડા વિસ્તારમાં આવેલી 'સહયોગ ફાઈનાન્સ સર્વિસ' ના નામે ચાલતા મોટા લોન કૌભાંડમાં ક્રાઈમ બ્રાન્ચે વધુ એક સફળતા મેળવી છે. ૧૦ કરોડની લોન અપાવવાના બહાને ૩૧ લાખ પડાવી



લેવાના કેસમાં મુખ્ય આરોપી નયના મહિડા બાદ હવે તેના પુત્ર આકાશ મહિડાની પણ ધરપકડ કરવામાં આવી છે. આ ટોળકીએ માત્ર વડોદરા જ નહીં પરંતુ કર્ણાટક અને મુંબઈના વેપારીઓને પણ પોતાનો શિકાર બનાવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, કર્ણાટકના વેપારી મંજુ આર.ને વડોદરામાં સસ્તું સોનું અપાવવાની લાલચ આપી બોલાવવામાં આવ્યા હતા. આ સોનું ખરીદવા માટે ૧૦ કરોડની લોન અપાવવાના બહાને મુજમહુડા સિગ્નેટ હબ ખાતેની ફાઈનાન્સ ઓફિસના સંચાલકોએ ૩૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ હેતલ તુવેરના જણાવ્યા અનુસાર, તપાસમાં આકાશ મહિડાના બેંક ખાતામાં કમિશનની રકમ જમા થઈ હોવાના અને બોગસ દસ્તાવેજો બનાવવામાં તેની સક્રિય ભૂમિકા હોવાના પુરાવા મળ્યા છે.

મીડિયા અહેવાલ મુજબ, આ સમગ્ર રેકેટમાં નયના અને આકાશ મહિડા પકડાઈ ગયા છે, પરંતુ સસ્તા સોનાના ખેલનો મુખ્ય સૂત્રધાર ઈલિયાસ ઉર્ફે રાજવીર અને લોન કૌભાંડનો માસ્ટરમાઈન્ડ વિશાલ હજુ પણ પોલીસ પકડથી દૂર છે.

## ગોંડલ જ્વેલર્સ છેતરપિંડી કેસ: પિતા-પુત્ર ૧૩ લાખ લઈને રફુચક્કર, ગ્રાહકોમાં રોષ

(એજન્સી) ગોંડલ । તા. 22

ગોંડલના મોટી બજાર વિસ્તારમાં આવેલી એક જાણીતી જ્વેલરી પેઢીના સંચાલકો દ્વારા ગ્રાહકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કર્યાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. 'ભગવતી જ્વેલર્સ' નામે દુકાન ચલાવતા પિતા-પુત્ર ગ્રાહકો પાસેથી સોના-ચાંદીના દાગીના બનાવવાના ઓર્ડર અને રોકડ રકમ લઈને દુકાનને તાળા મારી ફરાર થઈ ગયા છે. આ મામલે ગોંડલ સિટી પોલીસ મથકમાં વિજય રાણપરા અને તેના પુત્ર આનંદ રાણપરા વિરુદ્ધ રૂ. ૧૩ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે.

### લગ્નના દાગીનાના નામે લાખોની છેતરપિંડી

ફરિયાદ અનુસાર, કડિયાકામ કરી ગુજરાન ચલાવતા જીતેશભાઈ પરમારે તેમના પુત્રના લગ્ન માટે ૭.૫ તોલા સોનાના દાગીના બનાવવાનો ઓર્ડર આપ્યો હતો અને તે પેટે રૂ. ૫.૩૦ લાખ ચૂકવ્યા હતા. લાંબો સમય સુધી વાયદાઓ અને બહાનાબાજી કર્યા બાદ, અંતે જ્વેલર્સ પિતા-પુત્ર દુકાન બંધ કરીને નાસી છૂટ્યા હતા. જીતેશભાઈની જેમ જ અન્ય ગ્રાહકો પણ આ ઠગાઈનો ભોગ બન્યા છે.

### ભોગ બનનાર ગ્રાહકોની યાદી

આ પિતા-પુત્રની જોડીએ અનેક લોકોને શિકાર બનાવ્યા છે: જીતેશભાઈ પરમાર: રૂ. ૫.૩૦ લાખની છેતરપિંડી.સાગરભાઈ માલવીયા: ૪ તોલા સોનાના દાગીના પેટે રૂ. ૫.૬૦ લાખની છેતરપિંડી. કિશોરભાઈ પરમાર (ખોખડદડ): સોના-ચાંદીના દાગીના માટે આપેલા રૂ. ૨.૩૦ લાખ ડૂબ્યા.

ભગવતી જ્વેલર્સના સંચાલકોએ વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે જીતેશભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપી પિતા-પુત્રની શોધખોળ માટે અલગ-અલગ ટીમો બનાવી છે. સ્થાનિક વેપારી મંડળમાં પણ આ ઘટનાને લઈને ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. પોલીસને શંકા છે કે હજુ પણ અન્ય ગ્રાહકો આ છેતરપિંડીનો ભોગ બન્યા હોઈ શકે છે.

## ગુજરાત હવામાન સમાચાર: રાજ્યમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીએ પહોંચ્યો



રાજકોટ/અમદાવાદ | ગુજરાતમાં વસંત ઋતુની શરૂઆતની સાથે જ હવામાનમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે. ફેબ્રુઆરી મહિનાના અંતમાં જ લોકોને કાળઝાળ ઉનાળાનો વહેલો અહેસાસ થવા લાગ્યો છે. રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધતા રવિવારે અનેક શહેરોમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ગરમીનો પ્રકોપ વધુ જોવા મળ્યો છે. હવામાન વિભાગના આંકડા મુજબ, રવિવારે રાજ્યમાં સર્વાધિક તાપમાન રાજકોટ અને સુરતમાં 36.8C નોંધાયું છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર, કેશોદ-જૂનાગઢ અને અમરેલીમાં પારો ૩૬ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. પોરબંદર, મહુવા, વડોદરા, ડીસા અને ભુજમાં પણ તાપમાન ૩૫ ડિગ્રીને પાર કરી ગયું હતું. સૌરાષ્ટ્રના કાંઠાળ વિસ્તારોમાં તાપમાન તીવ્ર ગતિએ ઉંચકાયું છે, જ્યારે ઉત્તર ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ગરમીનું પ્રમાણ થોડું મર્યાદિત રહ્યું છે. ગરમી વધવાની સાથે જ સવારના તાપમાનમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

### રાજકોટ નો ફ્લાય ઝોન જાહેર છાવણીમાં ફેરવાયું

# શહેરના ઇતિહાસનું સૌથી મોટું ડિમોલિશન ઑપરેશન



(એજન્સી) રાજકોટ । તા. 22

રંગિલુ શહેર રાજકોટ એક ઐતિહાસિક અને અત્યાર સુધીના સૌથી મોટા ડિમોલિશન ઓપરેશનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. શહેરના જંગલેશ્વર વિસ્તારમાં આજી નદીના પટ અને સરકારી જમીન પર દાયકાઓથી ખડકાયેલા ૧૪૮૯ ગેરકાયદે મકાનો પર રવિવાર અને સોમવારે, ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મહાનગરપાલિકાનું બુલડોઝર ફરશે. આ સંવેદનશીલ વિસ્તારમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સમગ્ર રાજકોટને 'નો-ફ્લાય ઝોન' જાહેર કરી દેવામાં આવ્યું છે અને જડબેસલાખ પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે.

રાજકોટ પોલીસ કમિશનરે બી. એન.એસ.એસ.ની કલમ ૧૬૩ (જૂની સીઆરપીસી ૧૪૪) હેઠળ સત્તાનો ઉપયોગ કરીને સમગ્ર શહેરમાં કડક નિયંત્રણો લાદ્યા છે. ૨૩ થી ૨૫ ફેબ્રુઆરી સુધી શહેરના આકાશમાં ડ્રોન ઉડાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. આ ઉપરાંત, ૨૬ ફેબ્રુઆરીની મધ્યરાત્રિ સુધી ચારથી વધુ વ્યક્તિઓના એકઠા થવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. ઉચ્ચ સ્તરેથી સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા છે કે, જો કોઈ પણ વ્યક્તિ પથ્થરમારો કે કાંકરીચાળો કરીને સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કરશે, તો તેની તુરંત ધરપકડ કરવામાં આવશે.

સોમવારે સવારે ૮ વાગ્યાથી શરૂ થનારા આ ઓપરેશનમાં મહાનગરપાલિકાના ૧૧૩૦ કર્મચારીઓ અને ૨૫૦૦ પોલીસ જવાનો મળીને કુલ ૩૬૦૦ થી વધુનો સ્ટાફ જોડાશે. તંત્ર દ્વારા ૨૬૦ થી વધુ જેસીબી, હિટાચી, બ્રેકર અને ડમ્પર જેવા ભારે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. મનપાએ પોતાના કર્મચારીઓની સુરક્ષા માટે ખાસ એપ્રન અને હેલ્મેટની પણ વ્યવસ્થા કરી છે. અંદાજે ત્રણ દિવસ સુધી ચાલનારા આ ઓપરેશનમાં ૮૭,૦૦૦ ચોરસ મીટર જમીન દબાણમુક્ત કરવામાં આવશે. જંગલેશ્વરના આજી નદીના પટમાં વસતા પરિવારો માટે આજનો રવિવાર પોતાના ઘરની છેલ્લી રાત સાબિત થશે. તંત્રની કડક સૂચના બાદ અત્યાર સુધીમાં અંદાજે ૨૨૫ પરિવારોએ સ્વૈચ્છિક રીતે પોતાના મકાનો ખાલી કરીને સ્થળાંતર શરૂ કરી દીધું છે. જોકે, હજુ પણ અનેક પરિવારો પોતાની આજીવિકા અને ઘર છીનવાઈ જવાના ડરથી આક્રોશ અને આંસુ સાથે વિરોધ કરી રહ્યા છે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે અગાઉ અનેક અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ ફાળવવામાં આવ્યા હોવાથી હવે કોઈ નવી જગ્યા આપવામાં આવશે નહીં.

મીડિયા અહેવાલ અનુસાર, આજી નદીના પટની ૫૫,૦૦૦ ચોરસ મીટર જમીન પરથી ૯૯૨ કાચા-પાકા બાંધકામો અને ૧૫ મીટરના ટી.પી. રોડ પરના ૩૨,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાંથી ૪૯૭ મકાનો તોડી પાડવામાં આવશે.

### પૂનમ ભાદોરિયાએ મિલકતો પડાવવા આચર્યું હતું કાવતરું

# સુરતના બિલ્ડર તુષાર ઘેલાણી કેસમાં મોટો ઘટસ્ફોટ

(એજન્સી) સુરત । તા. 22

હીરાનગરી સુરતના જાણીતા અને પ્રતિષ્ઠિત બિલ્ડર તુષાર ઘેલાણીના આપઘાત કેસે સમગ્ર શહેરમાં ચકચાર જગાવી હતી. આ હાઈ-પ્રોફાઈલ કેસમાં ઉમરા પોલીસે રવિવારે એક અત્યંત મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. બિલ્ડરને આપઘાત કરવા જેવું અંતિમ અને અત્યંત આકરૂં પગલું ભરવા માટે મજબૂર કરવાના આરોપ હેઠળ તેમની મહિલા મિત્ર પૂનમ ભાદોરિયાની અટકાયત કરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બ્લેકમેઈલિંગ અને મિલકતો પચાવી પાડવાના ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે, જેણે આ કેસમાં નવો વળાંક આપ્યો છે.

મૃતક તુષાર ઘેલાણી અને પૂનમ ભાદોરિયા વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક સમયથી વણસ્યા હતા. તુષારભાઈ આ સંબંધોનો સુખદ અંત લાવવા માંગતા હતા, પરંતુ પૂનમ ભાદોરિયા તેમને સતત બ્લેકમેઈલ કરી રહી હતી. પરિવારે









કરેલા ગંભીર આક્ષેપો મુજબ, પૂનમે તુષારભાઈ પાસેથી શહેરના મોંઘા વિસ્તારમાં આવેલી દુકાનો અને અન્ય કિંમતી મિલકતો ડરાવી-ધમકાવીને પોતાના નામે કરાવી લીધી હતી. આ આર્થિક અને માનસિક શોષણને કારણે બિલ્ડર લાંબા સમયથી ભારે તણાવમાં જીવી રહ્યા હતા.

આ આખી ઘટના પાછળનું તાત્કાલિક કારણ તુષારભાઈની દીકરીના લગ્ન પ્રસંગ હતો. તુષારભાઈ જ્યારે પોતાની દીકરીના લગ્નની તૈયારીઓમાં વ્યસ્ત હતા, ત્યારે પૂનમ ભાદોરિયાએ આ પવિત્ર પ્રસંગમાં પહોંચીને હોબાળો મચાવવાની અને સમગ્ર સમાજમાં તેમને બદનામ કરવાની ગંભીર ધમકી આપી હતી. એક પિતા તરીકે પોતાની દીકરીના ભવિષ્ય અને સામાજિક પ્રતિષ્ઠા બચાવવા માટે તેઓ લાચાર બની ગયા હતા. આ બદનામીના ડરથી કંટાળીને આખરે તેમણે મોતને વહાલું કરવાનો નિર્ણય લીધો હતો. તુષાર ઘેલાણીએ ગત ૧લી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોતાના નિવાસસ્થાને પોતાની જ લાયસન્સવાળી રિવોલ્વરથી ગોળી મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ પાંચ દિવસ સુધી વેન્ટિલેટર પર જિંદગી અને મોત વચ્ચે જંગ લડતા રહ્યા હતા. આખરે તબીબોએ તેમને 'બ્રેઈનડેડ' જાહેર કર્યા હતા. તેમના અવસાન બાદ પરિવારજનોએ પોલીસ સમક્ષ ન્યાયની માંગણી સાથે પૂનમ ભાદોરિયાના તમામ કરતૂતોનો પર્દાફાશ કર્યો હતો. તંત્રએ આ મામલે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. ઉમરા પોલીસે પૂનમ ભાદોરિયા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

### તાલાલા જમીન વિવાદ હુમલો:

## ખેડૂત પરિવાર પર ફાયરિંગ અને સળગાવવાનો પ્રયાસ

(એજન્સી) તાલાલા ગીર । તા. 22

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના જાવંત્રી ગીર ગામે જમીનના વર્ષો જૂના વિવાદમાં એક ખેડૂત પરિવાર પર આતંકી હુમલો જેવી ઘટના સામે આવી છે. કોર્ટના આદેશથી મળેલી જમીન ખાલી કરાવવા માટે આઠ શખ્સોએ દેશી બંદૂકથી ફાયરિંગ કરી, ખેડૂતના મકાન પર પેટ્રોલ ભરેલા સળગતા કાપડ ફેંકી આખા પરિવારને જીવતા સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં ૭૫ વર્ષના વૃદ્ધા સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, બસીરભાઈ બાદરાણીની ૫૪ વીઘા જમીનનો વિવાદ છેલ્લા ૪૪ વર્ષથી જમાલભાઈ મોરીના પરિવાર સાથે ચાલી રહ્યો છે. ૧૯૮૨માં પણ આ જમીન માટે ફાયરિંગ થયું હતું. વર્ષ ૨૦૨૩માં કોર્ટે મૂળ માલિકની તરફેણમાં ચુકાદો આપતા ગત ડિસેમ્બરમાં પોલીસ બંદોબસ્ત સાથે ખેડૂતને કબજો સોંપાયો હતો. આ જ અદાવતમાં શુક્રવારે મોડી રાત્રે હુમલાખોરોએ વાડીએ ધસી આવીને "જમીન ખાલી કરી દો નહીંતર જીવતા સળગાવી દેશું" તેવી ધમકી આપી હુમલો કર્યો હતો.

હુમલાખોરોએ મકાન પર પેટ્રોલ છાંટી આગ ચાંપતા ઘરમાં રહેલી ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઘટનામાં:

મીડિયા અહેવાલ મુજબ, ગામના સરપંચ અને ગ્રામજનોએ સમયસૂચકતા વાપરી ફાયર બ્રિગેડ બોલાવતા મોટી જાનહાનિ ટળી હતી. પોલીસે કાસમભાઈ બાદરાણીની ફરિયાદ પરથી મમદહુસેન મોરી, રફિક મોરી, અકરમ મોરી અને અન્ય ૫ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે. આંકોલવાડી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પૂર્વાબેન ધનેશાએ તપાસનો દોર સંભાળ્યો છે.

આ ઘટનાને પગલે સમગ્ર ગીર પંથકમાં જમીન માફિયાઓ અને હિંસક તત્વો સામે રોષ જોવા મળી રહ્યો છે.

### ગેરકાયદે દબાણો દૂર કરી પાલિકાએ રોડ ખુલ્લા કર્યા

## ખોડીયાર નગર અને સનફાર્મા રોડ પર બુલડોઝર ફર્યા

(એજન્સી) વડોદરા । તા. 22

શહેરમાં વધી રહેલા ટ્રાફિક અને ગેરકાયદે બાંધકામો સામે મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ અને સિક્યોરિટી શાખાએ આજે સપાટો બોલાવ્યો છે. તંત્ર દ્વારા ખોડીયાર નગર અને સનફાર્મા રોડ જેવા વ્યસ્ત વિસ્તારોમાં ઓપરેશન હાથ ધરીને વર્ષો જૂના ગેરકાયદે દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન અનેક સ્થળોએ તંત્ર અને રહીશો વચ્ચે ઘર્ષણના દ્રશ્યો પણ સર્જાયા હતા, પરંતુ ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે પાલિકાએ પોતાની કામગીરી ચાલુ રાખી હતી. ખોડીયાર નગર વિસ્તારમાં આવેલી સાનિધ્ય સોસાયટીમાં આજે વહેલી સવારથી જ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ ટ્રેક્ટરો અને જેસીબી મશીનો સાથે ત્રાટકી હતી. સોસાયટીના સાડા સાત મીટરના આંતરિક રોડ પર વર્ષોથી કરાયેલા દબાણો સામે લાલ આંખ કરવામાં આવી હતી. અધિકારીઓએ અહીં ૧૪ જેટલા મકાનોની બહાર ગેરકાયદે રીતે બાંધવામાં આવેલી કમ્પાઉન્ડ વોલ અને ઓટલા



તોડી પાડ્યા હતા. આ કાર્યવાહીને કારણે સોસાયટીના રસ્તાઓ હવે મોકળા બન્યા છે.

આ કાર્યવાહી પાછળ અરજદારોની સતત રજૂઆતો જવાબદાર છે. વિજય ચાવડા નામના જાગૃત નાગરિકે વોર્ડ ઓફિસથી લઈને મુખ્યમંત્રી અને વડાપ્રધાન કાર્યાલય સુધી આ ગેરકાયદે દબાણો દૂર કરવા માટે લેખિત રજૂઆતો કરી હતી. ઉચ્ચ સ્તરેથી મળેલી સૂચના બાદ સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું. જોકે, દબાણ હટાવવાની પ્રક્રિયા દરમિયાન કેટલાક રહીશોએ મ્યુનિસિપલ ટીમ સાથે ઉગ્ર દલીલો કરી હતી.

# સ્થાનિક ઝેર પરથી બનશે એન્ટિવેનમ; સર્પદંશ સામે ગુજરાતનો વૈજ્ઞાનિક પ્રહાર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



ગુજરાતમાં સર્પદંશથી થતા મૃત્યુ ઘટાડવા રાજ્ય સરકારે ઐતિહાસિક પહેલ હાથ ધરી છે. વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે કાર્યરત સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SRI) દ્વારા રાજ્યમાં જોવા મળતા ઝેરી સાપોના ઝેર પરથી એન્ટિવેનમ તૈયાર કરવાની પ્રક્રિયા ગતિમાન બની છે. ટૂંક સમયમાં ગુજરાતને સ્થાનિક સાપોના ઝેર પરથી બનેલું એન્ટિવેનમ ઉપલબ્ધ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં સંસ્થામાં અંદાજે 460 જેટલા ઝેરી સાપોની વૈજ્ઞાનિક રીતે સંભાળ રાખી WHOની માર્ગદર્શિકા મુજબ ઝેર એકત્રિત કરવામાં આવે છે. આધુનિક તકનીકથી લાયોફિલાઈઝ્ડ (પાવડર) સ્વરૂપે તૈયાર કરાયેલ ઝેર લાયસન્સધારક ઉત્પાદકોને ઈ-હરાજી દ્વારા આપવામાં આવે છે અને તેમાંથી બનેલું એન્ટિવેનમ રાજ્ય સરકાર હોસ્પિટલો સુધી પહોંચાડશે. Saw-scaled viper–ના ઝેરની ઈ-હરાજીમાં ગુણવત્તાને પગલે અપેક્ષા કરતાં વધુ કિંમત મળી. ઈન્ડિયન કોબ્રાના ઝેર માટે પ્રતિ ગ્રામ 40,000ની આધાર કિંમત સામે 44,000 મળ્યા, જ્યારે સૉ-સ્કેલ્ડ વાયપર માટે 50,000ની સામે 56,500 સુધી બોલી પહોંચી. SRIના ઉપાધ્યક્ષ ડૉ. ડી.સી. પટેલે જણાવ્યું કે સર્પદંશની સારવારમાં સૌથી મોટો પડકાર એ છે કે સાપનું ઝેર પ્રદેશ પ્રમાણે બદલાય છે. તેથી સ્થાનિક ઝેર પરથી બનેલું એન્ટિવેનમ વધુ અસરકારક સાબિત થવાની સંભાવના છે. છેલ્લા 35 વર્ષથી સર્પદંશની સારવારમાં સક્રિય ડૉ. પટેલે 98 ટકા કરતાં વધુ સફળતા દર નોંધાવ્યો છે. SRI ગાંધીનગર સ્થિત Gujarat Forestry Research Foundation હેઠળ કાર્ય કરે છે.

# ગચ્છાધિરાજ પદ પ્રદાન સમારોહે સુરતમાં ધાર્મિક-રાજકીય એકતા ઝળહળી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરતમાં ગચ્છાધિરાજ પદ પ્રદાન સમારોહ ભવ્યતા સાથે યોજાયો, જેમાં કેન્દ્રીય જલશક્તિ પ્રધાન સી આર પાટીલ, રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવ અપાવ્યું. આ અવસરે શહેર અને રાજ્યના આગેવાનોની નોંધપાત્ર હાજરી રહી હતી. શહેર અધ્યક્ષ પરેશભાઈ પટેલ, વિધાયકો સંગીતાબેન પટેલ, સંદીપભાઈ દેસાઈ,



મનુભાઈ પટેલ, અરવિંદભાઈ રાણા, મહાપૌર દક્ષેશભાઈ માવાણી તેમજ સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ રાજનભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધાર્મિક પરંપરા અને જાહેર જીવનના સંગમરૂપ આ સમારોહે સુરતના સામાજિક-સાંસ્કૃતિક માહોલમાં નવી ઊર્જાનો સંચાર કર્યો હોવાનું ઉપસ્થિતોએ વ્યક્ત કર્યું.

# યુ.કે.-ઈન્ડિયા ટ્રેડ ડીલ પછી વેસ્ટ મિડલેન્ડ ડેલિગેશનની ગુજરાત મુલાકાત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



યુ.કે.-ઈન્ડિયા ટ્રેડ ડીલ પછી પ્રથમવાર ઈંગ્લેન્ડના West Midlands Combined Authorityના મેયર Richard Parkerના નેતૃત્વમાં હાઈ લેવલ ડેલિગેશનએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી. બેઠકમાં હાયર એજ્યુકેશન, ગ્રીન ઈકોનોમી, ઈવી, સ્કીલ ડેવલપમેન્ટ, એ.આઈ. અને એડવાન્સ મેન્યુફેક્ચરિંગ જેવા ઉદ્ભવતા ક્ષેત્રોમાં ભાગીદારી મજબૂત બનાવવા તત્પરતા વ્યક્ત કરવામાં આવી. વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં યુ.કે.ની નિષ્ણાતી ગુજરાતને ઉપલબ્ધ કરાવવા મુદ્દે પણ સકારાત્મક ચર્ચા થઈ. ડેલિગેશને ગુજરાતના પ્રતિનિધિમંડળને વેસ્ટ મિડલેન્ડની મુલાકાતનું આમંત્રણ પાઠવ્યું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વ માટે વિશ્વાસુ મિત્ર તરીકે ઉભર્યું છે અને 'વાઈબ્રન્ટ ગુજરાત' જેવી પહેલોથી રાજ્ય ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ હબ બન્યું છે. "વિકસિત ભારત @2047"ના લક્ષ્ય સાથે ગુજરાત ગ્રીન ગ્રોથ સહિતના ક્ષેત્રોમાં આગેવાની લેવા સજ્જ છે, તેમ તેમણે ઉમેર્યું. બેઠકમાં સહયોગને સંસ્થાગત સ્વરૂપ આપવા ગુજરાત અને વેસ્ટ મિડલેન્ડ વચ્ચે જોઈન્ટ વર્કિંગ ગ્રુપ રચવાની જાહેરાત કરવામાં આવી. સંપર્ક સૂત્ર તરીકે ઈન્ડેક્સ-બી નોડલ એજન્સી રહેશે. સાથે જ આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ અને ૨૦૨૭ની ગ્લોબલ સમિટમાં જોડાવાનું આમંત્રણ પણ ડેલિગેશનને અપાયું. વેસ્ટ મિડલેન્ડ

# જસદણ-વિંછીયામાં 'તૃતીય સમૂહલગ્ન સમારોહ': સામાજિક એકતાનો ઉમદા સંદેશ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

શ્રી અમરાપુર શૈક્ષણિક સંકુલ ખાતે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન સમિતિ જસદણ-વિંછીયા દ્વારા આયોજિત "તૃતીય સમૂહલગ્ન સમારોહ" ભવ્યતા અને સામાજિક સમરસતાના માહોલમાં યોજાયો. કાર્યક્રમમાં જસદણ-વિંછીયા ધારાસભ્ય



અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુવરજી બાવલિયા હાજર રહી નવદંપતિઓને આશીર્વાદ પાઠવ્યા. મંત્રીએ પોતાના સંબોધનમાં સર્વ સમાજની એકતાને મજબૂત બનાવતા આવા સમૂહલગ્નોને સમાજહિતનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું અને આ મહોત્સવમાં સહભાગી બનેલા સર્વેનો આભાર વ્યક્ત કર્યો. આયોજકોને અભિનંદન પાઠવતા તેમણે જણાવ્યું કે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન સમિતિ જસદણ-વિંછીયાનું આ આયોજન સમાજમાં એકતા, સહકાર અને સંસ્કારનું પ્રેરણાદાયક દ્રષ્ટાંત છે. કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજબંધુઓએ પણ નવદંપતિઓને શુભકામનાઓ પાઠવી અને સમરસતાનો સંદેશ પ્રસરાવ્યો.

# વસંતોત્સવમાં મણિપુરનું 'થાંગ-ટા': શૌર્ય અને સંસ્કૃતિનો ગર્જતો શંખનાદ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગરના વસંતોત્સવની રંગીન સાંજે મણિપુરની પ્રાચીન યુદ્ધકળા આધારિત 'થાંગ-ટા' નૃત્ય પ્રસ્તુત થતાં જ સમગ્ર માહોલ ઉર્જા અને રોમાંચથી ધબક્યો. વસંતની સૌમ્યતા વચ્ચે હાથમાં ચમકતી તલવાર અને ભાલા સાથે



કલાકારોના દાવપેચે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા. શસ્ત્રોના ખનખનાટ અને લયબદ્ધ પગલાંએ સાબિત કર્યું કે વસંત માત્ર પ્રકૃતિનો ઉત્સવ નહીં, પરંતુ શૌર્ય અને શિસ્તની ઉજવણી પણ છે. 'થાંગ-ટા' માત્ર નૃત્ય નહીં, પરંતુ મણિપુરી માર્શલ આર્ટ Huyen Langlonનો અભિન્ન ભાગ છે. 'થાંગ'નો અર્થ તલવાર અને 'ટા'નો અર્થ ભાલો–શસ્ત્ર અને શાસ્ત્રનો આ સંગમ મણિપુરની વિરાસતનું તેજસ્વી પ્રતિક છે. ઐતિહાસિક રીતે સૈનિકોને યુદ્ધ માટે તાલીમ આપવા વિકસેલી આ કળા બ્રિટિશ શાસનકાળમાં પ્રતિબંધિત રહી, છતાં લોકપરંપરામાં નૃત્યરૂપે જીવંત રહી.

# ગુજરાતમાં પ્રથમવાર DM ક્લિનિકલ ઇમ્યુનોલોજી-રૂમેટોલોજી કોર્સ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

એએમસી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એનએચએલ મ્યુનિસિપલ મેડિકલ કોલેજએ રાજ્યના મેડિકલ શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ મીલનો પથ્થર સ્થાપ્યો છે. નેશનલ મેડિકલ કમિશન દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26 માટે કોલેજને બે નવા સુપર-સ્પેશિયાલિટી કોર્સ શરૂ કરવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. NMCના તા. 20-02-2026ના જાહેરનામા મુજબ કોલેજમાં ડી.એમ. ક્લિનિકલ ઈમ્યુનોલોજી એન્ડ રુમેટોલોજી - 2 બેઠકો *એમ.સી.એચ. યુરોલોજી - 2 બેઠકો એમ કુલ 4 નવી સુપર-સ્પેશિયાલિટી બેઠકોને મંજૂરી મળી છે.* ખાસ નોંધનીય બાબત એ છે કે સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર ડી.એમ. ક્લિનિકલ ઈમ્યુનોલોજી એન્ડ રુમેટોલોજીનો કોર્સ શરૂ થવા જઈ રહ્યો છે, જે રાજ્ય માટે ગૌરવની ક્ષણ સમાન છે. આ બંને વિભાગો SVP Hospital ખાતે કાર્યરત રહેશે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન સારવાર સુવિધાઓથી સજ્જ SVP હોસ્પિટલમાં હવે રુમેટિક અને ઓટોઈમ્યુન બીમારીઓ તેમજ જટિલ યુરોલોજીકલ રોગોની વિશેષ અને સચોટ સારવાર એક જ સ્થળે ઉપલબ્ધ બનશે.

# પૂર્વોત્તર વિકાસને 'ન્યૂ ઈન્ડિયા'માં પ્રાથમિકતા : નિમુબેન બાંભણીયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ પૂર્વોત્તર રાજ્યો દેશની વિકાસયાત્રામાં મુખ્ય સ્થાન ધરાવે છે અને "ન્યૂ ઈન્ડિયા"ના વિઝનમાં કેન્દ્રસ્થાને છે, એવું ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગની કેન્દ્રિય રાજ્યમંત્રી નિમુબેન





બાંભણિયાએ જણાવ્યું હતું. તેઓ ત્રણ દિવસીય નાગાલેન્ડ પ્રવાસે વિવિધ કાર્યક્રમોમાં જોડાયા હતા. દિમાપુર ખાતે જાહેર સંવાદમાં મંત્રીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ગરીબ, ખેડૂત, યુવા અને મહિલાઓ–આ ચાર આધારસ્તંભોને કેન્દ્રમાં રાખી સમાવેશી અને સમતોલ વિકાસ સુનિશ્ચિત કરી રહી છે. પૂર્વોત્તર પ્રદેશમાં આધુનિક સુવિધાઓનો વિસ્તાર, કલ્યાણકારી યોજનાઓની અસરકારક અમલવારી અને રોજગાર અવસરોમાં વધારો નોંધપાત્ર છે. શિક્ષણ ક્ષેત્રે નેશનલ એજ્યુકેશન પોલીસીને ઉલ્લેખતા તેમણે માતૃભાષા આધારિત, કૌશલ્ય કેન્દ્રિત અને ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપતી દિશામાં થયેલા સુધારાઓની ચર્ચા કરી.

# પદ્મશ્રી રતિલાલ બોરીસાગરને એએમએમાં 'સર્જક સંવાદ'થી વંદન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અહમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા મેનેજમેન્ટ ફેસ્ટ-૨૦૨૬ના ઉપલક્ષમાં ગુજરાતી સાહિત્યના અગ્રણી હાસ્ય સર્જક રતિલાલ બોરીસાગરને ભારત સરકાર દ્વારા પ્રાપ્ત 'પદ્મશ્રી' સન્માન નિમિત્તે વિશેષ 'સર્જક સંવાદ' કાર્યક્રમનું ગૌરવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં બોરીસાગરના બહુઆયામી



વ્યક્તિત્વ અને સાહિત્યિક યોગદાન પર વિદ્વાનો દ્વારા વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવ્યો. પોતાના સાહિત્યિક જીવનપ્રવાસના 'ભાવ-પ્રતિભાવ' રજૂ કરતાં બોરીસાગરે સર્જનના સંઘર્ષ અને સંવેદનાઓને સહજ હાસ્ય સાથે વ્યક્ત કર્યા, જેને ઉપસ્થિતોએ ઉષ્માભર્યો પ્રતિસાદ આપ્યો. પ્રાસંગિક ઉદબોધનમાં ભાગ્યેશ જહાએ બોરીસાગરના સાહિત્યને સમયસાપેક્ષ અને સમાજપ્રેરક ગણાવ્યું. શિક્ષણક્ષેત્રે તેમના યોગદાન અંગે મનસુખ સલ્લા, સમાજકાર્ય વિષે સંજય-તુલા, હાસ્યસર્જન પર ઉર્વીશ કોઠારી તથા ભાષાસેવા અંગે અશ્વિનકુમાર દ્વારા વિશ્લેષણાત્મક સંબોધન કરવામાં આવ્યું.

# ખાડિયાની દેસાઈની પોળમાં 'મન કી બાત': ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન બુથ કાર્યકર્તાઓ સાથે જોડાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદના ખાડિયા સ્થિત હેરિટેજ પ્રતીક દેસાઈની પોળ ખાતે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય જનસંવાદ કાર્યક્રમ 'મન કી બાત'નો 131મો એપિસોડ બુથ કાર્યકર્તાઓ સાથે નિહાળવા નિતીન નબીન ઉપસ્થિત રહ્યાં. આ પ્રસંગે



જગદીશ વિશ્વકર્મા, બી એલ સંતોષ, રત્નાકર તથા પ્રેરક શાહ સહિત અગ્રણીઓ હાજર રહ્યાં. રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને જણાવ્યું કે, "જ્યાં ભાજપાનો પાયો નંખાયો તેવા ઐતિહાસિક ખાડિયા વિસ્તારમાં બુથ કાર્યકર્તાઓ સાથે 'મન કી બાત' નિહાળવાનો અનુભવ અવિસ્મરણીય છે." તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રીનો સંવાદ હંમેશા પ્રેરણાદાયી અને જનજાગૃતિ લાવનાર રહ્યો છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નીતિન નવીન પોળના રહેવાસીઓ અને કાર્યકર્તાઓના પરિવારજનો સાથે ઉત્સાહભેર મળ્યા. એક સફાઈ કામદારને પોતાનો ખેસ પહેરાવી તેમની સેવા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી સન્માન કર્યું.

# મહાગુજરાતના પ્રણેતા ઈન્દુચાચાને વિધાનસભામાં અંજલિ: 134મી જન્મજયંતી નિમિત્તે ભાવભીની પુષ્પાંજલિ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મહાગુજરાત આંદોલનના અગ્રેસર નેતા અને 'ઈન્દુચાચા' તરીકે લોકહૃદયમાં વસેલા ઈન્દુલાલ યાગનીકની 134મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો. વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદીએ સ્વ.





ઈન્દુલાલ યાજ્ઞિકના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના લોકસેવાના સંઘર્ષમય જીવનને સ્મરણ કર્યું. આઝાદીની ચળવળમાં ઈન્દુચાચાએ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે ખભેખભો મિલાવી સક્રિય ભૂમિકા ભજવી હતી. ખાસ કરીને ગુજરાત રાજ્યની રચનાના પાયામાં રહેલા મહાગુજરાત આંદોલનમાં તેમનું નેતૃત્વ ઐતિહાસિક ગણાય છે. સાદગી, નિઃસ્પૃહતા અને અડગ સંઘર્ષ તેમનાં વ્યક્તિત્વની ઓળખ રહ્યા છે. 1957થી 1972 દરમિયાન સાંસદ તરીકે પ્રજાહિતના પ્રશ્નોને મજબૂત અવાજ આપનાર ઈન્દુલાલ યાજ્ઞિક પ્રખર પત્રકાર અને સાહિત્યકાર તરીકે પણ જાણીતા હતા.

# સુરતમાં 'રાષ્ટ્રીય પુસ્તક મેલો-2026'નો ભવ્ય પ્રારંભ: પ્રથમ જ દિવસે ઉમટ્યો જનસાગર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરતના ઉધના-મગદલ્લા રોડ સ્થિત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે 'સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેલો-2026' સાથે હોર્ટિકલ્ચર મેલો, પુષ્પ પ્રદર્શન, શિલ્પગ્રામ મેલો અને ફૂડ ફેસ્ટિવલનો ભવ્ય પ્રારંભ થયો. ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય



જળશક્તિ મંત્રી સી આર પાટીલ અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ગૌરવસભર ઉપસ્થિતિ રહી. 'નમો રીડિંગ કોર્નર' અને થીમ પેવિલિયન: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવનદર્શન, સુશાસન અને વિચારધારા આધારિત પુસ્તકો માટે વિશેષ થીમ પેવિલિયન ઉભું કરવામાં આવ્યું છે. 'નમો રીડિંગ કોર્નર' અને 'લેટર્સ ટુ પીએમ' વિભાગ યુવાનોમાં ખાસ આકર્ષણ જમાવી રહ્યા છે. વિશાળ આયોજન માળખું:કુલ 11 ડોમમાં ફેલાયેલા આ મેલામાં બુક ફેર માટે 5 ડોમ (63 સ્ટોલ), ફૂડ ઝોન માટે 1 ડોમ (36 સ્ટોલ), શિલ્પગ્રામ માટે 1 ડોમ (44 સ્ટોલ) અને હોર્ટિકલ્ચર/પ્લાન્ટેશન માટે 4 ડોમ (40 સ્ટોલ) ગોઠવાયા છે.

# રાજ્ય કક્ષાની ફોટોગ્રાફીમાં પાર્થ કંસારા ચમક્યા: વિવો ગુજરાતનો એવોર્ડ અને ઈનામ મેળવ્યું

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા કચ્છના જાણીતાને રાષ્ટ્રિય-આંતરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર પાર્થ પ્રફુલભાઈ કંસારા એ પ્રસિદ્ધ વિવો ગુજરાત કંપની દ્વારા યોજાય રાજ્ય કક્ષા ની ફોટોગ્રાફી કોમ્પિટેશન ના 'ક્લિક ચેમ્પિયન એવોર્ડ' જીતી



ને .20,000 નું ઈનામ પ્રાપ્ત કરી, શ્રી મારુ કંસારા સોની સમાજ, તેમજ નખત્રાણા શહેર અને કચ્છ તાલુકા ના ગૌરવ વધાર્યું હતું. પાર્થ પ્રફુલભાઈ કંસારા છેલા 10 વર્ષો થી વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી એન્ડ બર્ડ વૉચિંગ કરી રયા છે, વર્ષો સુધી જંગલ અને રણપ્રદેશમાં રહી વન્યજીવનના અદભૂત દ્રશ્યોને પોતાના કેમેરામાં કેદ કર્યા છે, તેમની અનોખી નજર, પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને દુર્લભ ક્ષણોને કેમેરામાં કેદ કરવાની કળા સાથે વર્ષો સુધી ની મહેનત અને એકાગ્રતા છે જે તેમને અવર નવર રાષ્ટ્રિય-આંતરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચતમ સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે.

# માતૃભાષાનું ગૌરવ એટલે સાંસ્કૃતિક પરંપરાની વંદના: તખુભાઈ સાંડસુર

વેળાવદર

ગારીયાધાર તાલુકાના વેળાવદર ગામે ગુજરાત સાહિત્ય અકાદમી અને વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી તા. 21 ફેબ્રુઆરીના રોજ કાણકિયા પારેખ હાઈસ્કૂલના સભાખંડમા



કરવામાં આવી.

કાર્યક્રમનો પ્રારંભ ગુજરાતી માતૃભાષાના ગૌરવ ગાન સાથે થયો.દીપ પ્રાગટ્યની જ્યોતને મહેમાનો દ્વારા પ્રજ્વલિત કરીને શાળાની બાળાઓએ સ્વાગત નૃત્ય રજૂ કર્યું.કાર્યક્રમના સંયોજક શ્રી કૌશિકભાઈ ઠાકર દ્વારા ઉપસ્થિત ગ્રામજનો મહેમાનો બાળકો વિદ્યાર્થીઓનો સાદર આવકાર થયો. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી નરેન્દ્રભાઈ ત્રિવેદી અને પરિસંવાદના વક્તા સાહિત્યકાર શ્રી તખુભાઈ સાંડસુરનું પુસ્તક પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું. આજના પરીસંવાદનો વિષય 'ગુજરાતી: નો ભૂતો ન ભવિષ્યતિ' નિયત કરવામાં આવ્યો હતો.

# ભાવનગરમાં 151 યુગલોના સમૂહ લગ્ન, અરવિંદ કેજરીવાલ અને ભગવંત માને આપી હાજરી

અમદાવાદ/ભાવનગર/ગુજરાત | આજે ભાવનગરના જવાહર મેદાન ખાતે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી ભગવંત માન એક સમૂહ લગ્ન સમારોહમાં ભાગ લીધો હતો. વીર માંધાતા સંગઠનના પ્રમુખ અને આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી, યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી અને સમગ્ર વીર માંધાતા સંગઠને આ સમૂહ લગ્ન સમારોહનું આયોજન કર્યું હતું. અરવિંદ કેજરીવાલ, ભગવંત માન, રાજુભાઈ સોલંકી અને બ્રિજરાજ સોલંકીની સાથે સાથે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા અને ધારાસભ્ય સુધીર વાઘાણી સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ, કાર્યકરો અને મોટી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજીએ પોતાના વિચાર વ્યક્ત કરતા કહ્યું કે,આજે ખૂબ જ શુભ દિવસ છે જ્યારે ૧૫૧ યુગલો એક સાથે લગ્ન કરી રહ્યા છે, અને ચારે બાજુ આનંદનું વાતાવરણ છે. હું આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી અને પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીને આવા પુણ્ય કાર્ય કરવા બદલ અભિનંદન આપવા માંગુ છું. હું વીર માંધાતા સંગઠનને પણ અભિનંદન આપવા માંગુ છું. રાજુભાઈ છેલ્લા ૧૨ વર્ષમાં 2000થી વધુ યુગલોના લગ્ન કરાવીને આ પુણ્ય કાર્ય કરી રહ્યા છે. હું આ બધા નવદંપતીઓને પણ અભિનંદન આપવા માંગુ છું જેઓ તેમના જીવનમાં નવી દિશામાં આગળ વધી રહ્યા છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે ભગવાન તમને પુષ્કળ ખુશી આપે અને તમે બધા ખૂબ સમૃદ્ધ થાઓ. આજના કાર્યક્રમનું આયોજન વીર માંધાતા કોળી સમાજ દ્વારા કરવામાં આવી રહ્યું છે.





# ષડયંત્રની સેતરંજ: મુનમુન બેગમની વાપસી અને જાસૂસ ઝૂરીનો પડકાર

હમ બેવફા હરગીઝ ન થે,
પર હમ વફા કર ન શકે

ફેમસ ન્યૂઝ ચેનલ ની એંકર સંધ્યા દત્ત એ પાકિસ્તાન ના નવા ગૃહ મંત્રી "નાઝીમાં બેગમ" ના નામનો વારંવાર ચૂંટણી જીત્યા વગર ગૃહ મંત્રીનો ઉલ્લેખ કરતા લાગતું હતું કે નાઝીમાં બેગમ ના છેડા ભાગેડુ મુનમુન બેગમ સાથે અડતા હશે.

સી.બી.આઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ના ચહેરા પર દેખાતી ગુસ્સા માં તંગ રેખા ને જોતા ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ ને થોડો ઘણો અણસાર નવા ખતરા ના દસ્તકનો આવી ગયો હતો.

સી.બી.આઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ની ઓફિસ નો ફોન રણક્યો.

સી.બી.આઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ ફોન પિક કરતા સામેના છેડે થી બોલી રહેલ એન.એસ.એ ઓફિસર રઘુરામ શર્મા કહ્યું કે ગૃહ મંત્રી એ એની ચેમ્બર માં ૧૧:૪૦ એ ખાસ મિટિંગ રાખી છે."નાઝીમાં બેગમ" વિશે ની માહિતી ગૃહમંત્રી એ માંગી છે એટલે ફાઈલ d સાથે લેતા આવજો.

એન.એસ.આઈ ઓફિસર રઘુરામ શર્મા નો ફોન કટ થયા બાદ સી.બી.આઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ એ ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ ને સી.બી.આઈ રેકોર્ડ માંથી ફાઈલ d લાવવાનું સૂચન કર્યું.

ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ એ ફાઈલ d ની નીચે ઝીણા અક્ષરે "નાઝીમાં બેગમ" નું નામ વાંચતા જ એ આશ્ચર્ય માં પડી ગયા.

ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ એ સીબીઆઈ ચીફ ના ટેબલ પર ફાઈલ d મુકીને ઉત્સુકતા પૂર્વક એણે સીબીઆઈ ચીફ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ને પૂછ્યું કે સર,આ ફાઈલ માં ઝીણા અક્ષરે નાઝીમાં બેગમ લખ્યું છે મતલબ..આપ જાણો છો કે નાઝીમાં બેગમ કોણ છે?

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે સહેજ સ્માઈલ ફરકાવી ફાઈલ ડી હાથ માં લેતા કહ્યું કે ઑફિસર,ભારતની ગુપ્તચર એજન્સીની પાસે વિશ્વભરના માથાભારે ગુનેગારની કર્મ કુંડળી હોય છે.દરેક વખતે ગુપ્તચર એજન્સી માટે ગુનેગાર ને પકડવો તો હાથવેંત સહેલો હોય છે પણ રાજકારણ થી લઈને ભ્રષ્ટાચાર તંત્ર એન.એસ.આઈ અને સીબીઆઈ ની મહેનત પર પાણી ફેરવી નાખતું હોય છે.લોભ લાલચ અને સ્વ સ્વાર્થ માં ગુનેગાર આઝાદ ફરતા હોય છે."માનવતા" ના નામે થતા નાટકો એન.જી.ઓ સંસ્થા ગુનેગાર પકડાયા બાદ કરતી હોવાના લીધે માનવ રક્ષણના નામે ગુનેગાર ને લાંબા સમય સુધી સુરક્ષિત એશો આરામ વાળી જેલ તો મળે પણ સજા થતી નથી.ગુનો નાનો કે મોટો સજા ને પાત્ર હોવો જરૂરી છે કેમકે ગુનેગાર ના પ્રભાવ ને લીધે લાખો સીટીઝન પ્રભાવિત થતા હોય છે.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે એ ફાઈલ d ને સાઇડ બેગ માં મૂકી ને ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ ની સામે સ્મિત કરતા કહ્યું કે "જય હિન્દ" ગૃહમંત્રી સાથેની મિટિંગ બાદ મળીએ.

ભારતીય જાસૂસ આરસી ઉર્ફ ઝૂરી નું સૌંદર્ય પ્રથમ દ્રષ્ટિ એ જ બધાને આકર્ષિત કરી દેતું હતું આમ છતાંય એક માસ પસાર થઈ ગયા બાદ પણ હેડ લાયબ્રેરીયન પર મુનમુન બેગમ નો ફોન ન આવ્યો એટલે એને ઝૂરી ની કિસ્મત પર ખુશી થતી હતી ને ઊંડે ઊંડે વ્હેમ પણ પડતો હતો.મહેલની લાયબ્રેરી માં ઝૂરી ને લેવા બેગમ નો પ્રવેશ ન થતા લાયબ્રેરી માં કામ કરતા લોકોને આશ્ચર્ય થતું હતું. લાયબ્રેરીમાં પ્રવેશ કરનાર ખૂબ સુરત હસીનાઓ બેગમ ની નજર નો શિકાર બની ને અમુક દિવસ બાદ કાળ નો કોળિયો બની ને રહસ્યમય રીતે ગુમ થઈ જતી હતી. લોકો ને લાગવા લાગ્યું હતું હતું કે મહેલની મહારાણી બેગમ ના મગજ માં અલગ જ ખીચડી પાકતી લાગે છે. ખૂબ સુરત આરસ પહાણ ની સંગે મરમર ને શરમાવે એવું આકર્ષણ મહેલ માં મોહક સ્મિત સાથે ફરતું હોય ને



મર્ડર મિસ્ટ્રી કેસ ભાગ: 88

- રુપાલી દવે

મુનમુન બેગમ ના શોખ મોટા મોટા મહારાજા ને પણ શરમાવે એવા મતલબ શિકાર ને ખત્મ કરતા પહેલા એની સાથે રમવાનો કાતિલ શોખ ભલભલા મજબૂત દિલ વાળા ના રોમટા ખડા કરી નાખે એવો છે.ઝૂરી ના મામલે એના શાતિર ગુનાહિત દિમાગ ઊંચે ઊડતા પંખી ની પાંખો ગણી લે એવું છે પણ પ્રથમ વખત એની સામે "ઝૂરી" ન ઉકેલી શકાય એવો જટિલ કોયડો હતો. પ્રથમ દ્રષ્ટિ એ જ બેગમ ની આંખ માં ઝૂરી વસી ગઈ હતી પણ બહાર થી તુર્કી ની નાગરિક લાગતી ઝૂરી ના હાવભાવ બોલવા ચાલવા ની રીત બેગમ ને પકિસ્તાની અથવા તો ભારતીય જેવા વધારે લાગતાં હતા. ઝૂરી એ આપેલ ઓળખની તપાસ કરવાનું ફરમાન બેગમ એ એના ખાસ માણસ સુલતાન ને કરી દીધું હતું. સુલતાન એ ઝૂરી એ આપેલ ઓળખ ની સઘન તપાસ કર્યા બાદ પ્રસ્થાપિત પણ કરી દીધું હતું કે ઝૂરી નું નાગરિકત્વ તુર્કી છે આમ છતાંય બેગમ નું શંકિત દિમાગ "જાસૂસ" માં લેસ માત્ર પણ ફર્ક ન પડ્યો.

લાઈબ્રેરી માં કામ કરતી ઝૂરી ને પ્રથમ દ્રષ્ટિ એ જોતાજ આકર્ષણ થયું હતું પણ બેગમ ની સીક્સ સેન્સ એને સૂચન કરતી હતી કે ઝૂરી ના સૌંદર્ય નું આકર્ષણ એને પુનઃ મોટી મુશ્કેલીમાં મૂકી શકે છે.. કદાચ એ ગુપ્તચર એજન્સીઓ એ મોકલેલ "ઝૂરી" એ જાસૂસો એ બનાવેલ સુનિયોજિત કાવત્રુ હોય શકે..

કોણ છે? આ ઝૂરી..

પાકિસ્તાની ના..ના,

ભારતીય જાસૂસ..

કદાચ હોઈ શકે..

પણ મહેલ ના ખૂણે ખૂણે લાગેલ સીસીટીવી કેમેરા ના રડાર તો નાનામાં નાની જીવાત પણ પકડી લે છે તો..તો ઝૂરી ની હરકત કેમ પકડી શકતા નથી? મહેલ ની ઓફિસની ચેમ્બર માં વિચારો માં મગ્ન મુનમુન બેગમ બેઠા હતા ત્યાં અચાનક એના પર્સનલ ફોન પર એનું ફેવરિટ નામ બ્લિંક થતા એણે ફોન પિક કર્યો.

"સલામ આપા" પહેચાના

બેગમ એ સ્માઈલ કરતા કહ્યું ઓહ!!આખીર લંબે અરસે કે બાદ લાઈફ મે કુછ અચ્છા હોને જા રહા હૈં..તુમ્હે કૈસે ન પહેચાનું તુમ મેરા હુકમ કા એક્કાહો.. બોલો આજ મેરે લિયે મેરા હુકમ કા એક્કા ક્યાં ખુશ ખબર લેકે આયે હો?

નાઝીમા બેગમ એ ઉત્સાહ માં આવીને આનંદિત થતા કહ્યું કે આપા,આપકી પાકિસ્તાન મેં વાપસી કા સંદેશ લેકે આયી હું..આપને પાકિસ્તાન છોડને સે પહેલે આપકા બિઝનેસ,પ્રોપર્ટીઝ સબ મેરે હવાલે કિયા થા ઈસકી વજહ સે આજ હમે દુશ્મન ભી આતેજતે સલામ કરતે કરતે થાકતા નહી.આપકી પાકિસ્તાન મેં સલામતી ઔર સુરક્ષા કી જીમ્મેદારી સરકાર લેંગી ક્યુંકી આપકી પાકિસ્તાન મેં વાપસી મોજુદા કેબિનેટ ભી ચાહતી હૈ. મોજુદા સારે ભારત વિરુદ્ધ સક્રિય ગ્રુપ્સ કા લશ્કર ઔર સરકાર પર આપકી વાપસી કા દબાવ હૈ..

બેગમ એ નાઝિમાં ને પૂછ્યું કે હમારી વાપસી સરકાર ઔર લશ્કર ચાહતા હૈ વો તુમ્હે કૈસે પતા ચલા? વહા સે ભાગે થે તબ તો ઈન્ડિયન જાસૂસ કે આગે પાકિસ્તાની સરકાર ને ઘૂંટણે ટેક દિયે થે. અચાનક ઐસા ક્યાં હુવા? કી હમ વાપસી કરે

નાઝીમા બેગમ એ કહ્યું કે આપા,હમ પાકિસ્તાન કે નયે ગૃહ મંત્રી બન ચૂકે હૈ..

મુનમુન બેગમ ની ઓફિસના મોટી સ્ક્રીન પરના ટીવી પર સીસીટીવી ફૂટેજ માં ઝૂરી ની હરકત પકડાતા મુનમુન બેગમ ના મુખ પર વિજયી મુદ્રા છવાતા એ ખડખડાટ હસતા હસતાં બોલ્યા કે નઝમા,આજ તુમને "ગૃહમંત્રી" વાલા ન્યૂઝ સુનાકર હમારા દિલ ખુશ કર દિયા.મેરે બચ્ચે,તુમ પહેલે વહા કી જમીન હમારે લિયે મજબૂત કરો,પાકિસ્તાન મેં વાપસી કે લિયે હમે મોજુદા સરકાર કી તરફ સે માનસન્માન વાલા ન્યોતા ચાહીએ..

તુમ્હે માલૂમ હૈ કી હમ કૌન હૈ આકાશ કી તરફ બિના દેખે ઉડતે પંખી કા શિકાર કરના જાનતે હૈ..

નાઝીમાં,દુશ્મનો કો પતા ચલે ઐસી ધૂમ ધડાકે વાલી વાપસી હમ ચાહતે હૈ,તુમ કર શકોંગે? ખુદા હાફિઝ બોલીને બેગમ એ ફોન કટ કર્યો..

# સલીમ ખાનની તબિયત પૂછવા હોસ્પિટલ પહોંચી મલાઈકા અરોરા

## સલમાનનો જિગરી શાહરુખ પણ દોડી આવ્યો, બ્રેઈન હેમરેજ પછી સ્ક્રિપ્ટ રાઈટર વેન્ટિલેટર પર



### સલીમ ખાન અને સલમાનાં લગ્ન 1964માં થયાં હતાં

સલમાનના પિતા અને સ્ક્રિપ્ટ રાઈટર સલીમ ખાને 1964માં સુશીલા ચરક સાથે લગ્ન કર્યા હતા. સુશીલાનો જન્મ એક મરાઠી હિન્દુ પરિવારમાં થયો હતો. સલીમ ખાન સાથે લગ્ન કરવા માટે તેણે ઈસ્લામ ધર્મ અપનાવ્યો અને પોતાનું નામ બદલીને સલમા રાખ્યું. સલીમના બીજા લગ્ન એક્ટ્રેસ હેલન સાથે થયા હતા, જે એક ખ્રિસ્તી છે. ફક્ત સલમાનના પિતા જ નહીં, તેનાં ભાઈ-બહેનો પણ અલગ-અલગ ધર્મોમાં લગ્ન કરેલાં છે. તેમને ચાર બાળકો છે: સલમાન ખાન, અરબાઝ ખાન, સોહેલ ખાન અને અલવીરા ખાન. બાદમાં 1981માં સલીમ ખાને એક્ટ્રેસ હેલન રિચાર્ડસન સાથે લગ્ન કર્યા. થોડાં વર્ષો પછી સલીમ ખાન અને હેલેને અર્પિતાને દત્તક લીધી.

તેમનો મોટો દીકરો સલમાન ખાન હિન્દી સિનેમાના ટોચના એક્ટરોમાંનો એક ગણવામાં આવે છે, જ્યારે અરબાઝ અને સોહેલ પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ છે. તેમની દીકરીઓમાં અલવીરાએ અતુલ અગ્નિહોત્રી સાથે લગ્ન કર્યા .

(એજન્સી) મુંબઈ તા.22

સલમાન ખાનના પિતા અને દિગ્ગજ સ્ક્રિપ્ટ રાઈટર સલીમ ખાનને બ્રેઈન હેમરેજ પછી વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે. શનિવારે રાતે શાહરુખ ખાન સલીમ ખાનના ખબરઅંતર પૂછવા લીલાવતી હોસ્પિટલ પહોંચ્યો હતો. ઉપરાંત મલાઈકા અરોરા પણ તેમના એક્સ સસરાની તબિયત પૂછવા હોસ્પિટલ આવી હતી. તે પોતાના પુત્ર અરહાન ખાન સાથે આવી હતી.

બુધવારે લીલાવતી હોસ્પિટલના ડોક્ટરે સલીમ ખાનની હેલ્થ અપડેટ આપી હતી. જોકે, તે પછી કથિત રીતે પરિવાર તરફથી કોઈ મેડિકલ અપડેટ જાહેર ન કરવાની વાત કહેવામાં આવી, જેના પછી તેમની હેલ્થને લઈને કોઈ સત્તાવાર અપડેટ સામે આવ્યું નથી. શુક્રવારે દાવો કરવામાં આવ્યો કે એક્ટર એજાઝ ખાને સલીમ ખાન સાથે મુલાકાત પછી જણાવ્યું કે તેમની હાલતમાં સુધારો થઈ રહ્યો છે. સલીમ ખાન હાલ ICUમાં છે અને બધું બરાબર રહ્યું તો સોમવાર સુધીમાં તેઓ ડિસ્ચાર્જ થઈ જશે.

સલીમ ખાનની તબિયત જાણવા લીલાવતી હોસ્પિટલમાં પરિવાર ઉપરાંત સેલેબ્સ પણ પહોંચી રહ્યા છે. શાહરુખ ખાન પહેલા શુક્રવારે રણવીર સિંહ, ફરાહ ખાન અને યુલિયા વંતૂર જેવા સેલેબ્સ પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. રણવીર સિંહ, જેને તાજેતરમાં લોરેન્સ ગેંગ તરફથી ધમકી મળી હતી, તે વધેલી સુરક્ષા વચ્ચે હોસ્પિટલ પહોંચ્યા. તેમની સાથે સુરક્ષા કાફલો પણ હાજર હતો.

સલીમ ખાનને મંગળવારે સવારે મગજ સંબંધિત તકલીફ બાદ લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને સવારે લગભગ 8:30 વાગ્યે ઈમરજન્સીમાં લાવવામાં આવ્યા. પ્રારંભિક તપાસ બાદ ડોકટરોની એક વિશેષ ટીમ બનાવવામાં આવી, જેણે તેમની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું. બુધવારે લીલાવતી હોસ્પિટલના ડોક્ટર જલીલ પારકરે માહિતી આપી હતી કે સલીમ ખાનની ડિજિટલ સબસ્ટ્રેક્શન એન્જીયોગ્રાફી (DSA) કરવામાં આવી. ડોકટરોના મતે, આ બ્રેન સર્જરી નથી હોતી. DSA એક એડવાન્સ્ડ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ છે, જેનાથી મગજની નસોની સ્થિતિ અને સંભવિત બ્લોકેજને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ડોકટરોએ જણાવ્યું હતું કે પ્રક્રિયા બાદ સલીમ ખાનની હાલત સ્થિર રહી. તેમને થોડા સમય સુધી નિરીક્ષણ હેઠળ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. મેડિકલ ટીમ સતત તેમની રિકવરી પર નજર રાખી રહી છે.

શુક્રવારે એવી માહિતી સામે આવી કે સલીમ ખાનનો પરિવાર ઈચ્છે છે કે તેમની સ્વાસ્થ્ય સંબંધિત માહિતી ખાનગી રાખવામાં આવે. વેરાયટી ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, બુધવારે હોસ્પિટલના સાર્વજનિક નિવેદનથી સલમાન ખાન અને તેમનો પરિવાર નારાજ હતો. પરિવારના નજીકના સૂત્રએ જણાવ્યું કે સ્વાસ્થ્ય એક ખાનગી બાબત છે અને મીડિયા સાથે વાત કરવાનું પરિવાર પર છોડી દેવું જોઈએ.

સલીમ ખાનનો જન્મ 24 નવેમ્બર, 1935ના રોજ થયો હતો અને તેઓ હાલ 90 વર્ષના છે. તેમને હિન્દી સિનેમાના સૌથી પ્રખ્યાત પટકથા લેખકોમાંના એક ગણવામાં આવે છે. સલીમ ખાને તેમની કારકિર્દીની શરૂઆત એક્ટર તરીકે કરી હતી. તેમણે 1960ના દાયકામાં ફિલ્મ 'બારાત'થી શરૂઆત કરી, પરંતુ તેમને મર્યાદિત અને નાની ભૂમિકાઓ મળી હતી. લગભગ બે ડઝન ફિલ્મોમાં કામ કર્યા પછી તેમને સમજાયું કે એક્ટિંગ તેમની સાચી શક્તિ નથી. ત્યાર બાદ તેઓ લેખન તરફ વળ્યા અને પટકથા લેખનમાં પ્રવેશ કર્યો.

સલીમ ખાન અને જાવેદ અખ્તરની જોડી 'સલીમ-જાવેદ'ના નામથી જાણીતી રહી છે. બંનેએ મળીને હિન્દી સિનેમાને ઘણી સુપરહિટ અને યાદગાર ફિલ્મો આપી, જેમ કે 'ઝંઝીર', 'દીવાર', 'શોલે', 'ડોન' અને 'સીતા ઔર ગીતા'. આ ફિલ્મોની દમદાર વાર્તાઓ અને ડાયલોગ લોકોના દિલમાં વસી ગયા. તેમણે લખેલી સ્ક્રિપ્ટે ફિલ્મોનો અંદાજ બદલી નાખ્યો. તેમણે મજબૂત પાત્રો, ડાયલોગ અને સામાજિક મુદ્દાઓને વાર્તાનો ભાગ બનાવ્યા. સલીમ-જાવેદની સફળતાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લેખકોને નવી ઓળખ અને સન્માન મળ્યું અને તેમને પણ સ્ટાર્સની જેમ મહત્વ મળવા લાગ્યું. સલીમ-જાવેદ ભારતીય સિનેમાના પ્રથમ લેખક માનવામાં આવે છે, જેમને 'સ્ટાર સ્ટેટસ' મળ્યું. તેમણે અમિતાભ બચ્ચનની 'એંગ્રી યંગ મેન' ઈમેજ સ્થાપિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

## 'ધુરંધર'ના શૂટિંગ દરમિયાન રડ્યા હતા અક્ષય ખન્ના-અર્જુન રામપાલ



### આર. માધવને જણાવ્યું - 26/11 હુમલાના રીક્રિએશન સીન પછી ભાવુક થયા હતા

(એજન્સી) મુંબઈ તા.22

ફિલ્મ 'ધુરંધર'માં 26/11 મુંબઈ આતંકી હુમલાના રીક્રિએશનવાળા સીનની શૂટિંગ પછી એક્ટર અક્ષય ખન્ના અને અર્જુન રામપાલ ખૂબ રડી પડ્યા હતા. આ વાત ફિલ્મમાં તેમના કો-સ્ટાર આર. માધવને તાજેતરમાં એક પોડકાસ્ટમાં જણાવી.

ખરેખર, આર. માધવને તાજેતરમાં સોનિયા શેનોય સાથેના પોડકાસ્ટમાં કહ્યું કે- જ્યારે તે સીન ફિલ્માવવામાં આવી રહ્યો હતો, જેમાં બોમ્બે પર હુમલો બતાવવામાં આવ્યો હતો, ત્યારે આસપાસ હાજર લોકોના ચહેરા જોવા જેવા હતા. તેણે એક રસપ્રદ ઘટનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે જ્યારે કલાકારો તે સીન ભજવી રહ્યા હતા, જેમાં તેઓ બોમ્બે પર થયેલા હુમલાની ઉજવણી કરતા દેખાઈ રહ્યા હતા, ત્યારે બધા ભારતીય કલાકારો પાકિસ્તાની પાત્રો ભજવી રહ્યા હતા. સીન પૂરો થયા પછી તેઓ બધા ખૂબ જ ભાંગી પડ્યા અને રડી પડ્યા, કારણ કે તેઓ તે સમયગાળામાંથી પસાર થઈ ચૂક્યા હતા. ફિલ્મ 'ધુરંધર'માં અક્ષય ખન્નાએ રહેમાન ડકૈત નામના પાકિસ્તાની ગેંગસ્ટર અને રાજનેતાનું પાત્ર ભજવ્યું, જ્યારે અર્જુન રામપાલે ISI અધિકારી મેજર ઈકબાલની ભૂમિકા ભજવી.

5 ડિસેમ્બર 2025ના રોજ રિલીઝ થયેલી 'ધુરંધર'નું નિર્દેશન આદિત્ય ધરે કર્યું હતું.

આ વર્ષ 2025ની સૌથી વધુ કમાણી કરનારી બોલિવૂડ ફિલ્મ હતી. ફિલ્મે બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ તોડીને વિશ્વભરમાં 1,300 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી. ફિલ્મમાં અક્ષય ખન્ના, આર. માધવન, અર્જુન રામપાલ ઉપરાંત રણવીર સિંહ અને સંજય દત્ત પણ જોવા મળ્યા હતા.

## બજરંગબલીના જન્મસ્થાનેથી 'જય હનુમાન'ના શ્રીગણેશ!



(એજન્સી) મુંબઈ તા.22

ફિલ્મ 'જય હનુમાન'ની સત્તાવાર શરૂઆત ભવ્ય મુહૂર્ત પૂજા સાથે થઈ. આ કાર્યક્રમ રવિવારે કર્ણાટકના કોપ્પલ જિલ્લાના અંજનાદ્રી બેટ્ટામાં કરવામાં આવ્યો, જેને ભગવાન હનુમાનનું જન્મસ્થાન માનવામાં આવે છે. ફિલ્મને ટી-સિરીઝના ભૂષણ કુમાર પ્રસ્તુત કરી રહ્યા છે, આ ફિલ્મને પ્રશાંત વર્મા ડિરેક્ટ કરી રહ્યા છે અને તેમાં 'કાંતારા' સ્ટાર ઋષભ શેટ્ટી લીડ રોલમાં છે. નોંધનીય છે કે, આ ફિલ્મ 2024ની બ્લોકબસ્ટર ફિલ્મ 'હનુમાન'ની સિક્વલ છે.

ફિલ્મનું પ્રોડક્શન મિથ્રી મૂવી મેકર્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ભારતમાં પોતાની હાજરી મજબૂત કરનાર આ કોલેબોરેશન હેઠળ મુહૂર્ત પૂજા અંજનાદ્રી બેટ્ટામાં આયોજિત કરવામાં આવી.

આ પ્રસંગે ભૂષણ કુમાર સાથે મૈત્રી મૂવી મેકર્સના નવીન યરનેની અને વાય. રવિ શંકર, એક્ટર ઋષભ શેટ્ટી, ડિરેક્ટર પ્રશાંત વર્મા અને ટી-સિરીઝના શિવ ચનાના હાજર રહ્યા. એક્ટર તેજા સજ્જા પણ કાર્યક્રમમાં સામેલ થયો હતો.

નોંધનીય છે કે, નેશનલ એવોર્ડ વિજેતા એક્ટર ઋષભ શેટ્ટી ફિલ્મમાં ભગવાન હનુમાનનો કિરદાર નિભાવી રહ્યો છે. તેજા સજ્જા આ પહેલા 2024માં રિલીઝ થયેલી ફિલ્મ 'હનુમાન'નો ભાગ રહી ચૂક્યો છે.

પ્રોડ્યુસર્સ અનુસાર, ફિલ્મને મોટા પાયે તૈયાર કરવામાં આવશે. તેમાં શાનદાર પ્રોડક્શન વેલ્યુ અને આધુનિક ટેકનિકનો ઉપયોગ કરવામાં આવશે, જેથી વાર્તાના ભવ્ય પાયા અને આસ્થાના ભાવને અસરકારક રીતે રજૂ કરી શકાય. ગુલશન કુમાર, ભૂષણ કુમાર અને ટી-સિરીઝ પ્રસ્તુત આ પાન-ઈન્ડિયા પૌરાણિક ફિલ્મ હવે ફ્લોર પર જઈ ચૂકી છે.

## મલાઈકાએ ગુજ્જુ બોયફ્રેન્ડ સાથે વેલેન્ટાઇન્સ ડે ઉજવ્યો!: હર્ષ સાથે ઇટાલી વેકેશનનો ફોટો વાઈરલ

### એક્ટ્રેસનો બર્થ ડે પણ સાથે સેલિબ્રેટ કર્યો હતો

(એજન્સી) મુંબઈ તા.22

બોલિવૂડની 'ફીટનેસ ક્વીન' મલાઈકા અરોરા હાલમાં ગુજ્જુ ડાયમન્ડ મર્ચન્ટ હર્ષ મહેતાને ડેટ કરી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બંનેને મુંબઈના એક કોન્સર્ટમાં સાથે સ્પોટ કરવામાં આવ્યા, ત્યારથી જ બંનેના લિંક-અપના સમાચાર ચર્ચામાં છે. આ દરમિયાન રૂમર્ડ કપલની ઈટાલીથી એક તસવીર વાયરલ થઈ છે, જેની સાથે દાવો કરવામાં આવી રહ્યો છે કે બંનેએ સાથે વેલેન્ટાઇન્સ ડે સેલિબ્રેટ કર્યો છે.

સામે આવેલી તસવીરમાં હર્ષ મહેતા, મલાઈકા અરોરા સાથે સેલ્ફી ક્લિક કરતો જોવા મળી રહ્યો છે. બ્લેક ઓવરકોટ પહેરેલી મલાઈકા અરોરા રોમેન્ટિક અંદાજમાં હર્ષ સાથે પોઝ આપતી જોવા મળી છે. આ દરમિયાન સેલ્ફી ક્લિક કરી રહેલા હર્ષે પણ ગ્રે ઓવરકોટ પહેર્યો છે. વાયરલ ફોટોનું બેકડ્રોપ ઈટાલીના પ્રખ્યાત મોન્યુમેન્ટનું છે.

થોડા સમય પહેલા જ મલાઈકા અરોરાને હર્ષ મહેતા સાથે મુંબઈમાં યોજાયેલા એનરિક ગ્લેસિયાના કોન્સર્ટમાં સ્પોટ કરવામાં આવી હતી. બંને સાથે કોન્સર્ટમાં ટ્વિનિંગ કરીને પહોંચ્યાં હતાં. કોન્સર્ટ દરમિયાન ઈશારામાં એકબીજા સાથે વાત કરતા જોવા મળ્યાં હતાં. ત્યારબાદ બંને કોન્સર્ટ પછી એકસાથે ત્યાંથી નીકળ્યાં હતાં.

ત્યારબાદ હર્ષ મહેતા, મલાઈકા અરોરાના 50મા જન્મદિવસની ઉજવણીમાં પણ હાજર રહ્યો હતો. આ પાર્ટીમાં મલાઈકાનો દીકરો પણ પહોંચ્યો હતો. મલાઈકા અરોરાએ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી પણ જન્મદિવસની ઉજવણીની અંદરની તસવીરો શેર કરી હતી, જોકે તે તસવીરોમાં હર્ષની સ્પષ્ટ ઝલક નહોતી. કાં તો તેનો ચહેરો ક્રોપ કરવામાં આવ્યો હતો, અથવા તે છુપાયેલો હતો.



### દુબઈના ઈવેન્ટમાં સાથે પહોંચ્યાં હતાં

થોડા દિવસો પછી બંનેને મુંબઈ એરપોર્ટ પર સ્પોટ કરવામાં આવ્યાં હતાં. જોકે, આ દરમિયાન બંને અલગ-અલગ એરપોર્ટ પર પહોંચ્યાં હતાં અને મીડિયાની નજરથી બચતા જોવા મળ્યાં હતાં. બંને દુબઈમાં યોજાયેલા એક પ્રોપર્ટી સંબંધિત ઈવેન્ટમાં પણ સાથે પહોંચ્યાં હતાં, જેનો વીડિયો પણ સામે આવ્યો હતો.

તાજેતરમાં 'ધ નમ્રતા ઝકારિયા શો'માં મલાઈકા અરોરાએ હર્ષ મહેતા સાથે નામ જોડાવા પર કહ્યું હતું, 'લોકોને વાતો કરવી ગમે છે. જો તમને કોઈની સાથે સ્પોટ કરવામાં આવે, તમે બહાર જાઓ છો, તો તે એક ચર્ચાનો મુદ્દો બની જાય છે. હું વગર કારણે આ વાતોને હવા આપવા માંગતી નથી. હું આવું કરવા માંગતી નથી કારણ કે તેનાથી ખરેખર કોઈ ફાયદો થશે નહીં. વિશ્વાસ કરો, હું જ્યારે પણ બહાર નીકળી છું, ભલે તે કોઈ જૂનો મિત્ર હોય, ગે ફ્રેન્ડ હોય, પરિણીત મિત્ર હોય, મેનેજર હોય કે કોઈ પણ હોય... મારું નામ તરત જ તે વ્યક્તિ સાથે જોડાઈ જાય છે. અમે આના પર હસીએ છીએ અને મજાક કરીએ છીએ.'

## લગ્નના વચ્ચે હૈદરાબાદ એરપોર્ટ પર દેખાયા વિજય-રશ્મિકા



(એજન્સી) મુંબઈ તા.22

વિજય દેવરાકોંડા અને રશ્મિકા મંદાના લગ્નના સમાચારોને કારણે ચર્ચામાં છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ કપલ 26 ફેબ્રુઆરીએ ઉદયપુરમાં લગ્ન કરવા જઈ રહ્યું છે. આ દરમિયાન કપલને હૈદરાબાદ એરપોર્ટ પરથી રવાના થતા જોવા મળ્યા હતા. આ પહેલા બંનેના લગ્નનું એક કાર્ડ પણ વાઈરલ થઈ ચૂક્યું છે.

હૈદરાબાદ એરપોર્ટ પર રશ્મિકા મંદાના કપાળે ટીકો લગાવેલી જોવા મળી હતી. જોકે, આ દરમિયાન તેણે માસ્કથી પોતાનો ચહેરો ઢાંકેલો હતો. તેણે ફૂલ હાફ સ્લીવ્સ ટી-શર્ટ સાથે બ્લેક લોઅર અને બ્લેક શૂઝ પહેર્યા હતા. ઉપરાંત, એક્ટ્રેસે ડાર્ક ગ્લાસિસ પણ પહેર્યા હતા. વિજય દેવરાકોંડાને બરાબર તે જ સમયે હૈદરાબાદ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. એરપોર્ટ પર વિજયે પણ ડાર્ક ગ્લાસિસ અને માસ્કથી પોતાનો ચહેરો છુપાવ્યો હતો.

ઈન્ડિયન એક્સપ્રેસ એ પત્રકાર સુભાષ કે. ઝાના હવાલાથી રશ્મિકા-વિજયના લગ્નની પુષ્ટિ કરી છે. રિપોર્ટ અનુસાર, પત્રકાર સુભાષ કે. ઝાએ રશ્મિકા મંદાનાને ઓનલાઈન મેસેજ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. આના પર એક્ટ્રેસે ઈનકાર કરવાને બદલે આભાર માન્યો, જેનાથી પુષ્ટિ થાય છે કે એક્ટ્રેસ લગ્ન કરવા જઈ રહી છે.

નવભારત ટાઈમ્સના રિપોર્ટમાં સૂત્રોના હવાલેથી લખવામાં આવ્યું છે કે રશ્મિકા-વિજયે લગ્ન માટે દિલ્હીનો એક પોપ્યુલર બેન્ડ હાયર કર્યો છે, જે આ પહેલા ઘણી સેલિબ્રિટી વેડિંગમાં પરફોર્મ કરી ચૂક્યો છે. આ ઉપરાંત વેડિંગ પ્લાનર હૈદરાબાદથી હાયર થયો છે, જે એક જાણીતા ટેનિસ પ્લેયરના લગ્ન પણ પ્લાન કરી ચૂક્યા છે.

## દીપિકા કક્કડને ફરીથી લિવર કેન્સર થવાનો ડર: 13 mmની ગાંઠ મળી આવી

(એજન્સી) મુંબઈ તા.22

એકવાર કેન્સરને હરાવી ચૂકેલી એક્ટ્રેસ દીપિકા કક્કડને ફરીથી લિવર કેન્સર થવાનો ડર સતાવી રહ્યો છે. ગયા વર્ષે એક્ટ્રેસને બીજા સ્ટેજનું લિવર કેન્સર હતું. જૂન 2025માં 14 કલાકની સર્જરીમાં તેના લિવર અને પિત્તાશયનો 22 ટકા ભાગ કાઢી નાખવામાં આવ્યો હતો. જોકે, હવે એક્ટ્રેસને ફરીથી એક સિસ્ટ (ગાંઠ) થઈ ગઈ છે, જેના કારણે એક્ટ્રેસ ડરી ગઈ છે.

દીપિકા કક્કડ અને તેના પતિ શોએબ ઈબ્રાહિમે તાજેતરમાં તેના નવા વ્લોગમાં જણાવ્યું છે કે એક્ટ્રેસને 20 ફેબ્રુઆરીએ પેટમાં તીવ્ર દુખાવો થયો હતો, ત્યારબાદ તેઓ હોસ્પિટલ પહોંચ્યા. સીટી સ્કેન કરવા પર જાણવા મળ્યું કે પેટમાં 13 એમએમની ગાંઠ છે. વ્લોગમાં શોએબે કહ્યું, 'ગઈકાલ સુધી બધું બરાબર હતું, તેને પેટમાં બે દિવસથી દુખાવો હતો. ગઈકાલે રાત્રે દુખાવો વધી ગયો. અમે હોસ્પિટલ ગયા. ડોકટરોએ કહ્યું કે સીટી સ્કેન કરીએ. જેમાં સામે આવ્યું કે 13 એમએમની ગાંઠ થઈ ગઈ છે.'

આના પર દીપિકાએ કહ્યું, 'પેટની સાથે એવો જ દુખાવો ખભા પર પણ બે દિવસથી થઈ રહ્યો છે. તેથી તે અમારા બંને માટે ચિંતાજનક હતું. આ શા માટે થઈ રહ્યું છે તે ખબર નથી.' વ્લોગમાં શોએબ-દીપિકાએ જણાવ્યું છે કે ડોકટરોના કહેવા પર જલ્દી જ તેની સારવાર શરૂ થશે. આ માટે કોઈ મોટી સર્જરી નહીં થાય. લેઝર દ્વારા સિસ્ટને બાળવામાં આવશે. આ માટે એક્ટ્રેસને 3-4 દિવસ સુધી હોસ્પિટલમાં દાખલ થવું પડશે. મંગળવાર એટલે કે 24 ફેબ્રુઆરીના રોજ તેની પ્રક્રિયા થવાની છે.

એક્ટ્રેસ દીપિકા કક્કડ ગયા વર્ષે સેલિબ્રિટી માસ્ટર શેફનો ભાગ હતી. જોકે, તબિયત બગડ્યા બાદ તેણે શો છોડી દીધો હતો. તેને ખભામાં તીવ્ર દુખાવો થતો હતો. તપાસ કરાવતા સામે આવ્યું કે તેના લિવરમાં ટેનિસ બોલ જેટલી મોટી સિસ્ટ (ગાંઠ) છે. તપાસમાં એ પણ સામે આવ્યું કે આ એક પ્રકારનું કેન્સર છે.

## મૃણાલ-સિદ્ધાંતના રોમાન્સ પર શાહિદનો સ્વેગ ભારે પડ્યો!: 'દો દીવાને સહર મેં'એ બીજા દિવસે ₹1.60 કમાયા




(એજન્સી) મુંબઈ તા.22

શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી સ્ટારર ફિલ્મ 'ઓ રોમિયો'એ 9 દિવસમાં 53 કરોડ રૂપિયાનું કુલ કલેક્શન કરી લીધું છે. વીકડેઝમાં ફિલ્મની કમાણીમાં ઘટાડો જોવા મળ્યો હતો, જોકે શનિવારે ફિલ્મની કમાણીમાં ઉછાળો જોવા મળ્યો છે. શનિવારે 'ઓ રોમિયો'એ 3.35 કરોડનું કલેક્શન કર્યું છે.

શુક્રવારે ફિલ્મ 'ઓ રોમિયો'એ માત્ર 2.15 કરોડ કમાયા હતા. જેના પછી કલેક્શનમાં 55.81 ટકાનો ઉછાળો આવ્યો છે અને ફિલ્મે શનિવારે સારી રિકવરી કરી છે. રવિવારે કલેક્શનમાં વધારો થવાના અનુમાન છે.

ફિલ્મ 'ઓ રોમિયો' 13 ફેબ્રુઆરીના રોજ રિલીઝ થઈ હતી. તેના રિલીઝના એક અઠવાડિયા પછી મૃણાલ ઠાકુર અને સિદ્ધાંત ચતુર્વેદી સ્ટારર ફિલ્મ 'દો દીવાને સહર મેં' 20 ફેબ્રુઆરીના રોજ રિલીઝ થઈ. ફિલ્મે ઓપનિંગ ડેમાં 1.25 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. ત્યારબાદ શનિવારે ફિલ્મે 1.60 કરોડ રૂપિયા કમાયા છે.

આ સાથે ફિલ્મનું કુલ કલેક્શન 2.85 કરોડ રૂપિયા થયું છે. આ ફિલ્મને 'ઓ રોમિયો' સાથેના ક્લેશથી નુકસાન થયું છે. આ ફિલ્મને 40 કરોડ રૂપિયાના બજેટમાં તૈયાર કરવામાં આવી છે, જોકે વીકએન્ડ પર થયેલી ફિલ્મની કમાણી જોઈને તેનું બજેટ પણ નીકળી શકવું મુશ્કેલ લાગી રહ્યું છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

### ગ્રીન લહેર અને મેડલનો વરસાદ

## ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સમાં ભારતીય સેનાનું એકહથ્થુ શાસન



(એજન્સી) ગુલમર્ગ । તા. 22

જમ્મુ-કાશ્મીરના બરફાચ્છાદિત પહાડો વચ્ચે ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સની છઠ્ઠી આવૃત્તિનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે એક વાત સ્પષ્ટ છે - ભારતીય સેનાનું વર્ચસ્વ. ગુલમર્ગના ઢોળાવ પર જ્યારે પણ સ્પર્ધા યોજાય છે, ત્યારે વિજયનો રંગ 'ઓલિવ ગ્રીન' એટલે કે ભારતીય સેનાનો જ હોય છે. વર્ષ ૨૦૨૦માં શરૂ થયેલી આ વિન્ટર ગેમ્સમાં સેનાએ ભાગીદારીથી લઈને સર્વોપરિતા સુધીની સફર અત્યંત શિસ્ત અને જોશ સાથે પૂરી કરી છે. ભારતીય સેનાએ છેલ્લા બે વર્ષમાં જે રીતે મેડલ ટેબલ પર કબજો જમાવ્યો છે, તે આશ્ચર્યજનક છે. નીચે મુજબના આંકડા તેની સાક્ષી પૂરે છે: સેનાના કોચ નદીમ ઈકબાલ મિર્ઝાએ જણાવ્યું છે કે આ સફળતા પાછળ આખું વર્ષ ચાલતી સખત તાલીમ જવાબદાર છે. ઉનાળામાં જ્યારે બરફ ઓગળી જાય છે, ત્યારે ખેલાડીઓ રોલર સ્કીઈંગ અને હાઈ-એલ્ટિટ્યુડ સાયકલિંગ દ્વારા પોતાની ક્ષમતા જાળવી રાખે છે. સેના પાસે સ્નો ગ્રૂમર્સ, સ્નો સ્કૂટર અને સ્કી લિફ્ટ જેવી આધુનિક માળખાગત સુવિધાઓ છે, જે યુરોપિયન દેશો જેવી તાલીમ પૂરી પાડે છે. વધુમાં, છેલ્લા ત્રણ વર્ષમાં સેનાએ પોતાના ખેલાડીઓને ઈટાલી અને સ્વીડન જેવા દેશોમાં વિશેષ તાલીમ માટે મોકલ્યા છે. તાજેતરમાં જ ગુલમર્ગમાં 'ચિનાર ઓપન વિન્ટર ગેમ્સ ૨૦૨૬' સંપન્ન થઈ, જેમાં રેકોર્ડ ૬૬૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

## ત્રિપુરા સ્ટેટ ગેમ્સના પ્રારંભથી રમતગમતમાં નવો સૂર્યોદય

અગરતલા । ત્રિપુરાના રમતગમત ઈતિહાસમાં આજે રવિવારે એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. રાજ્યની પ્રથમ 'ત્રિપુરા સ્ટેટ ગેમ્સ ૨૦૨૬' નું અગરતલાના પ્રતિષ્ઠિત દશરથ દેબ સ્ટેટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ત્રિપુરા ઓલિમ્પિક એસોસિએશન દ્વારા આયોજિત આ રમતોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના ગ્રાસરૂટ લેવલે રમતગમતની સંસ્કૃતિને મજબૂત કરવાનો અને ઉભરતી પ્રતિભાઓને યોગ્ય મંચ પૂરો પાડવાનો છે. મુખ્યમંત્રી માણિક સાહાએ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરીને રાજ્ય સરકારની યુવા પ્રતિભાઓને નિખારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રમતગમત મંત્રી ટિંકુ રોય મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત જિમ્નાસ્ટ અને પદ્મશ્રી વિજેતા દીપા કર્માકરની હાજરીએ ખેલાડીઓમાં વિશેષ ઉત્સાહ જગાડ્યો હતો. મેઘાલય અને અરુણાચલ પ્રદેશના ઓલિમ્પિક એસોસિએશનના હોદ્દેદારોએ પણ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા હાજરી આપી હતી.

### રાયન ગાર્સિયા બોક્સિંગ ચેમ્પિયન

## મારિયો બેરિયોસને હરાવી WBC ટાઈટલ જીત્યું



લોસ એન્જલસ | બોક્સિંગની દુનિયાના વિવાદાસ્પદ પણ અત્યંત પ્રતિભાશાળી ખેલાડી રાયન ગાર્સિયાએ શનિવારે રાત્રે રિંગમાં પોતાનું લોખંડી પ્રદર્શન બતાવીને WBC વેલ્ટરવેટ ચેમ્પિયનશિપનો બેલ્ટ પોતાના નામે કરી લીધો છે. ગાર્સિયાએ ચેમ્પિયન મારિયો બેરિયોસને ૧૨ રાઉન્ડના મુકાબલામાં એકતરફી રીતે હરાવીને સર્વાનુમતે વિજય મેળવ્યો હતો. જજોએ આ મેચમાં ગાર્સિયાને ૧૧૯-૧૦૮, ૧૨૦-૧૦૭ અને ૧૧૮-૧૦૯ ના સ્કોર સાથે વિજેતા જાહેર કર્યો હતો. મેચની શરૂઆત જ ધમાકેદાર રહી હતી. રાયન ગાર્સિયાએ મેચ શરૂ થયાની માત્ર ૩૦ સેકન્ડમાં જ જમણા હાથના પાવરફુલ પંચ (Overhand Right) થી બેરિયોસને નીચે પછાડી દીધો હતો. જોકે, ગાર્સિયાએ ઉતાવળ કરવાને બદલે અત્યંત સંયમ સાથે રમત આગળ વધારી હતી.

### પેગુલાએ સ્વિતોલિનાને હરાવી રચ્યો ઈતિહાસ, જન્મદિવસની પૂર્વસંધ્યાએ શાનદાર ભેટ

# USની સ્ટાર ટેનિસ ખેલાડી જેસિકા પેગુલાએ દુબઈ ટેનિસ ટાઈટલ જીત્યું




(એજન્સી) દુબઈ । તા. 22

અમેરિકાની સ્ટાર ટેનિસ ખેલાડી જેસિકા પેગુલાએ શનિવારે દુબઈ ડ્યુટી ફ્રી ટેનિસ ચેમ્પિયનશિપની ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કરતા વર્ષ ૨૦૨૬નું પ્રતિષ્ઠિત ડબલ્યુટીએ (WTA) ૧૦૦૦ ટાઈટલ પોતાના નામે કરી લીધું છે. આગામી મંગળવારે ૩૨ વર્ષની થવા જઈ રહેલી પેગુલાએ પોતાની જાતને જન્મદિવસની અગાઉથી જ એક શાનદાર ભેટ આપી છે. એકતરફી બનેલા ફાઈનલ જંગમાં તેણે યુક્રેનની દિગ્ગજ ખેલાડી એલિના સ્વિતોલિનાને હરાવીને ટ્રોફી પર કબજો જમાવ્યો હતો. આ જીત સાથે પેગુલાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તે હાલમાં વિશ્વની સૌથી ફોર્મમાં રહેલી ખેલાડીઓ પૈકીની એક છે.

### ફાઈનલમાં પેગુલાનો એકતરફી વિજય

દુબઈના ઉત્તરી એમિરેટમાં રમાયેલી આ હાઈ-પ્રોફાઈલ ફાઈનલમાં ચોથો ક્રમાંક ધરાવતી પેગુલાએ શરૂઆતથી જ આક્રમક રમત બતાવી હતી. તેણે એલિના સ્વિતોલિનાને ૬-૨, ૬-૪ થી સીધા સેટમાં હરાવીને કારકિર્દીનું ચોથું WTA ૧૦૦૦ ટાઈટલ જીત્યું હતું. આ જીત સાથે જ પેગુલાએ સ્વિતોલિના સામેનો પોતાનો હેડ-ટુ-હેડ રેકોર્ડ સુધારીને ૬-૩ કરી દીધો છે. પેગુલાએ આખું મેચ માત્ર ૭૨ મિનિટમાં ખતમ કરી નાખ્યું હતું, જે તેની રમતની ચોકસાઈ અને ઝડપ દર્શાવે છે.

ફાઈનલ સુધી પહોંચવાની સફર બંને ખેલાડીઓ માટે પડકારજનક રહી હતી. પેગુલાએ શુક્રવારે રમાયેલી સેમીફાઈનલમાં અમાન્ડા અનિસિમોવા સામે એક સેટ અને બ્રેકથી પાછળ હોવા છતાં લડાયક વાપસી કરીને જીત મેળવી હતી. બીજી તરફ, સ્વિતોલિનાએ કોકો ગોફ સામે ત્રણ કલાક સુધી ચાલેલી મેરેથોન મેચમાં વિજય મેળવ્યો હતો. એવું લાગતું હતું કે સ્વિતોલિના અગાઉની રાત્રિના થાકમાંથી હજુ ઉતરી શકી નહોતી, જેનો પૂરો ફાયદો પેગુલાએ ઉઠાવ્યો હતો.

# દિલ્હી ઓપન ટેનિસ: સિદ્ધાંત બાંઠિયા અને ડોન્સકીની જોડી ચેમ્પિયન

(એજન્સી) નવી દિલ્હી । તા. 22




ભારતના સિદ્ધાંત બાંઠિયા અને બલ્ગેરિયાના એલેક્ઝાન્ડર ડોન્સકીએ દિલ્હી ઓપન ૨૦૨૬ ટેનિસ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરતા પુરુષ ડબલ્સનું ટાઈટલ જીતી લીધું છે. ડીએલટીએ (DLTA) કોમ્પ્લેક્સ ખાતે રમાયેલી આ ફાઈનલમાં ટોચની ક્રમાંકિત જોડીએ જબરદસ્ત વાપસી કરીને રમતપ્રેમીઓના દિલ જીતી લીધા હતા. આ જીત સાથે સિદ્ધાંત બાંઠિયા દિલ્હી ઓપનમાં ડબલ્સ ટ્રોફી જીતનાર ત્રીજો ભારતીય ખેલાડી બન્યો છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ફાઈનલ મેચ અત્યંત રસાકસી ભરેલી રહી હતી. બાંઠિયા અને ડોન્સકીની જોડી પ્રથમ સેટ ૪-૬ થી હારી ગઈ હતી, પરંતુ બીજા સેટમાં ૬-૪ થી જીતીને મેચને ટાઈ-બ્રેકરમાં ખેંચી ગઈ હતી. સુપર ટાઈ-બ્રેકરમાં એક સમયે બંને ટીમો ૧૦-૧૦ ની બરાબરી પર હતી અને બંનેએ એક-એક મેચ પોઈન્ટ બચાવ્યા હતા. અંતે ૧૨-૧૦ થી બાજી મારીને ઈન્ડો-બલ્ગેરિયન જોડીએ ૪,૯૮૦ યુએસ ડોલરનું ઈનામ અને ૭૫ રેન્કિંગ પોઈન્ટ્સ પોતાના નામે કર્યા હતા.

બીજી તરફ, સિંગલ્સ ડ્રોમાં પણ મોટા ઉલટફેર જોવા મળ્યા છે. પાંચમા ક્રમાંકિત બ્રિટનના ઓલિવર ક્રોફોર્ડે જાપાનના રેઈ સાકામોતોને ૬-૪, ૬-૩ થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. તેની સામે ગ્રીસના બિનક્રમાંકિત ખેલાડી સ્ટેફનોસ સાકેલેરિડિસ ટકરાશે, જેણે ફેલિક્સ ગિલને સીધા સેટમાં ૬-૧, ૭-૬ થી હરાવ્યો હતો. ૨૧ વર્ષીય સાકેલેરિડિસ માટે ચેલેન્જર ટૂરમાં આ પ્રથમ ફાઈનલ છે, જેને લઈને તે અત્યંત ઉત્સાહિત છે.

મીડિયા અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬ બાદ આ ત્રીજી વખત છે જ્યારે કોઈ ભારતીય ખેલાડીએ દિલ્હીમાં ડબલ્સ ટાઈટલ જીત્યું હોય. અગાઉ સાકેત માયનેની અને યુકી ભામ્બરી જેવા દિગ્ગજો આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. જોકે, સિંગલ્સમાં સોમદેવ દેવવર્મન હજુ પણ એકમાત્ર ભારતીય ચેમ્પિયન છે. હવે ટેનિસ પ્રેમીઓની નજર પૂણેમાં યોજાનારી આગામી ટૂર્નામેન્ટ પર ટકેલી છે, જ્યાં બાંઠિયા અને ડોન્સકી પોતાની આ જીતનો લય જાળવી રાખવા પ્રયાસ કરશે.

## પ્રો લીગ હોકી ટૂર્નામેન્ટ માં ભારતનો ઓસ્ટ્રેલિયા સામે પરાજય

### પેનલ્ટી શૂટઆઉટમાં પરાજય થી ભારત સ્તબ્ધ



(એજન્સી)ચેન્નાઈ/હોબાર્ટ । તા. 22

ઓસ્ટ્રેલિયાના હોબાર્ટ ખાતે રમાયેલી એફઆઈએચ (FIH) પ્રો લીગ ૨૦૨૫-૨૬ ની રોમાંચક મેચમાં ભારતીય હોકી ટીમને યજમાન ઓસ્ટ્રેલિયા સામે પેનલ્ટી શૂટઆઉટમાં ૪-૫ થી હારનો સામનો કરવો પડ્યો છે. નિયત સમય સુધી બંને ટીમો ૨-૨ ની બરાબરી પર રહી હતી, પરંતુ નસીબે સાથ ન આપતા શૂટઆઉટમાં ભારતે જીત ગુમાવી હતી. સતત પાંચ હાર બાદ ભારતે આ ડ્રો મેચ દ્વારા ટૂર્નામેન્ટમાં પોતાનું પ્રથમ પોઈન્ટ મેળવીને ખાતું ખોલ્યું છે. મેચની શરૂઆતથી જ ભારતીય ખેલાડીઓએ આક્રમક વલણ અપનાવ્યું હતું. પ્રથમ ક્વાર્ટરની અંતિમ ક્ષણોમાં ભારતે પેનલ્ટી કોર્નર મેળવ્યો હતો, જેને અમિત રોહિદાસે શાનદાર ડ્રેગફ્લિક દ્વારા ગોલમાં ફેરવી ભારતને ૧-૦ ની લીડ અપાવી હતી. ત્યારબાદ ત્રીજા ક્વાર્ટરમાં જુગરાજ સિંહે વધુ એક પેનલ્ટી કોર્નરનો લાભ ઉઠાવતા સ્કોર ૨-૦ કરી દીધો હતો. ભારતીય રક્ષણ પંક્તિએ ઓસ્ટ્રેલિયાના હુમલાઓને ખાળવામાં લાંબા સમય સુધી સફળતા મેળવી હતી.

### ઓસ્ટ્રેલિયાનું વળતું આક્રમણ

૨-૦ થી પાછળ રહ્યા બાદ ઓસ્ટ્રેલિયાના જોએલ રિન્ટાલાએ ચોથા ક્વાર્ટરમાં બાજી પલટી નાખી હતી. રિન્ટાલાએ ૪૭મી અને ૫૬મી મિનિટે બે શાનદાર ગોલ કરીને સ્કોર ૨-૨ ની બરાબરી પર લાવી દીધો હતો. મેચ સમાપ્ત થવાની માત્ર ૪ મિનિટ પહેલા થયેલા બરાબરીના ગોલને કારણે મેચ શૂટઆઉટમાં ગઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, શૂટઆઉટમાં બંને ટીમોએ પ્રથમ ચાર તક ઝડપી લીધી હતી, પરંતુ અંતિમ ક્ષણે આદિત્ય અર્જુન લાલગે ગોલ કરવામાં નિષ્ફળ રહેતા ઓસ્ટ્રેલિયાનો વિજય થયો હતો. આ ડ્રો સાથે ભારતીય ટીમ માટે થોડા રાહતના સમાચાર એ છે કે તેમણે આખરે પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

**ગેનેસીસ ઇન્વિટેશનલ ગોલ્ફ** | ભારતીય મૂળના ગોલ્ફરોની સફળતા થી ચાહકોમાં ઉત્સાહ

## ભારતીય મૂળના ત્રણેય ખેલાડીઓ 'કટ' કરવામાં સફળ



(એજન્સી) લોસ એન્જલસ । તા. 22

પીજીએ (PGA) ટૂરની સીઝનની બીજી મોટી સિગ્નેચર ઈવેન્ટ 'ગેનેસીસ ઈન્વિટેશનલ' માં ભારતીય મૂળના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન જાળવી રાખ્યું છે. અમેરિકાના પ્રતિષ્ઠિત રિવેરા કન્ટ્રી ક્લબ ખાતે રમાઈ રહેલી આ ટૂર્નામેન્ટમાં એરોન રાય, અક્ષય ભાટિયા અને સાહિથ થીગાલા - આ ત્રણેય ખેલાડીઓ હાફવે કટ (Cut) કરવામાં સફળ રહ્યા છે. આ સફળતા સાથે હવે તેઓ અંતિમ રાઉન્ડમાં ચેમ્પિયનશિપ માટે પોતાની દાવેદારી મજબૂત કરશે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, એરોન રાય અત્યારે સૌથી મજબૂત સ્થિતિમાં છે. પ્રથમ રાઉન્ડમાં ૬૬ ના સ્કોર સાથે ટોપ ૧૦ માં રહ્યા બાદ, બીજા રાઉન્ડમાં તેણે ૭૦ નો સ્કોર કર્યો હતો અને તે અત્યારે સંયુક્ત ૧૨મા (T-12) સ્થાને છે.

રાયે બીજા રાઉન્ડમાં પાંચ બર્ડીઝ મેળવી હતી. બીજી તરફ, અક્ષય ભાટિયા (૬૮-૭૧) ના સ્કોર સાથે સંયુક્ત ૨૧મા અને સાહિથ થીગાલા (૭૦-૭૧) ના સ્કોર સાથે સંયુક્ત ૩૩મા સ્થાને છે. નોંધનીય છે કે થીગાલા આ અઠવાડિયે યજમાન ટાઈગર વૂડ્સના વિશેષ 'ચાર્લી સિફોર્ડ' મુક્તિ હેઠળ રમી રહ્યો છે.

### અભિષેક શર્માની નબળાઈ અને ઓફ-સ્પિનનો ફંદો

## ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ભારત વિશ્લેષણ: ઈરફાન પઠાણે ખોલી નબળાઈઓ




(એજન્સી) અમદાવાદ । તા. 22

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ના સુપર ૮ રાઉન્ડમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં જંગ ખેલાશે. આ મેચ પૂર્વે ભૂતપૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે ભારતીય ઓપનિંગ જોડીનું ઉંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું છે. પઠાણે ખાસ કરીને યુવા ઓપનર અભિષેક શર્માની ઓફ-સ્પિનર્સ સામેની નબળાઈ અને ઈશાન કિશનના શાનદાર ફોર્મ પર પ્રકાશ પાડ્યો છે. ગ્રુપ સ્ટેજમાં અજેય રહેલી ભારતીય ટીમ માટે સુપર ૮ નો આ પ્રથમ પડકાર અત્યંત મહત્વનો છે. ઈરફાન પઠાણે જણાવ્યું કે અભિષેક શર્મા ઓફ-સ્પિનર્સ સામે સતત સંઘર્ષ કરી રહ્યો છે. પાકિસ્તાન અને નેધરલેન્ડ સામેની મેચમાં તે ઓફ-સ્પિનનો શિકાર બન્યો હતો. પઠાણના મતે, "મુખ્ય સમસ્યા તેના શોટ સિલેક્શનમાં છે. તે સીધું રમવાને બદલે આડા બેટથી રમવાનો પ્રયત્ન કરે છે, જેના કારણે તે મુશ્કેલીમાં મુકાય છે." વધુમાં, પેટમાં ઈન્ફેક્શન બાદ પુનરાગમન કરી રહેલો અભિષેક છેલ્લી આઠ ઈનિંગ્સમાં પાંચ વખત શૂન્ય પર આઉટ થયો છે. પઠાણે સલાહ આપી છે કે તેણે માર્કરામ જેવા બોલરો સામે શરૂઆતમાં માત્ર સિંગલ્સ લેવા પર ધ્યાન આપવું જોઈએ.

પઠાણે ઈશાન કિશનના ભારોભાર વખાણ કર્યા છે. ઈશાન અત્યારે તેના જીવનના સર્વશ્રેષ્ઠ ફોર્મમાં છે. ચાર મેચમાં ૨૦૨.૨૯ ના સ્ટ્રાઈક રેટથી ૧૭૬ રન બનાવનાર કિશન ભારતનો સ્ટાર પરફોર્મર રહ્યો છે.

**ઈન્ડિયન સુપર લીગ** // વિન્સી બારેટોના ગોલથી જમશેદપુરની શાનદાર જીત, પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચ્યું જમશેદપુર

# જમશેદપુર એફસીનો પંજાબ સામે દબદબાભર્યો વિજય

(એજન્સી) જમશેદપુર । તા. 22

ઈન્ડિયન સુપર લીગ (ISL) ૨૦૨૫-૨૬ની રોમાંચક સીઝનમાં જમશેદપુર એફસીએ પોતાનું વિજયી અભિયાન ચાલુ રાખતા પંજાબ એફસી સામે ૧-૦થી સંઘર્ષપૂર્ણ વિજય મેળવ્યો છે. શનિવારે રાત્રે જમશેદપુરના જેઆરડી ટાટા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં સ્થાનિક ટીમે રમતની છેલ્લી ક્ષણોમાં બાજી પલટી નાખી હતી. આ જીત સાથે જમશેદપુરની ટીમ હવે પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે, જે તેની શાનદાર શરૂઆત દર્શાવે છે.

મેચની શરૂઆતથી જ બંને ટીમોએ આક્રમક રમત બતાવી હતી. પંજાબ એફસીએ શરૂઆતમાં જમશેદપુર પર દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. મેચની ૧૮મી મિનિટે પંજાબના વિકાસ સિંહે ગોલ કર્યો હતો, પરંતુ રેફરીએ તેને ઓફસાઈડ જાહેર કરતા પંજાબની ખુશી લાંબો સમય ટકી નહોતી. મીડિયા અહેવાલ અનુસાર, જમશેદપુરના ગોલકીપર અલ્બિનો ગોમ્સે ૩૦મી મિનિટે સતત બે શાનદાર બચાવ કરીને પોતાની ટીમને મેચમાં ટકાવી રાખી હતી. પ્રથમ હાફના અંત સુધી સ્કોર ૦-૦ રહ્યો હતો, જેમાં રક્ષણાત્મક રમતનું જોર વધુ જોવા મળ્યું હતું.

### વિન્સી બારેટોએ અપાવી નિર્ણાયક લીડ

બીજા હાફમાં પણ શરૂઆતમાં બંને ટીમો ગોલ કરવા માટે



સંઘર્ષ કરતી જોવા મળી હતી. જોકે, મેચની ૭૮મી મિનિટે જમશેદપુર માટે 'ટર્નિંગ પોઈન્ટ' આવ્યો હતો. મોહમ્મદ સનાને જમણી બાજુથી સચોટ લો-ક્રોસ મોકલ્યો હતો. પંજાબના ગોલકીપર અર્શદીપ સિંહે બોલને પંચ કરીને દૂર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ સીધો વિન્સી બારેટોના પગમાં ગયો. વિન્સીએ જરા પણ ભૂલ કર્યા વગર વીજળીક ઝડપે બોલને જાળમાં ધકેલી દીધો હતો. આ એકમાત્ર ગોલ અંતે નિર્ણાયક સાબિત થયો અને જમશેદપુરને ત્રણ મહત્વના પોઈન્ટ અપાવ્યા.

### અલ્બિનો ગોમ્સનું અભેદ્ય સંરક્ષણ

જમશેદપુરની જીતમાં ગોલકીપર અલ્બિનો ગોમ્સની ભૂમિકા અત્યંત મહત્વની રહી હતી. તેણે આખી મેચ દરમિયાન પંજાબના આક્રમણને ખાળી રાખ્યું હતું અને ટીમને બીજી ક્લીન શીટ અપાવવામાં મદદ કરી હતી. પંજાબ એફસીએ મેચની છેલ્લી મિનિટોમાં સ્કોર બરાબર કરવા માટે આકાશ-પાતાળ એક કર્યા હતા, પરંતુ જમશેદપુરના ડિફેન્સે મક્કમતાથી તેમનો સામનો કર્યો હતો. વિન્સી બારેટોને તેના નિર્ણાયક ગોલ માટે 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

### પોઈન્ટ ટેબલમાં જમશેદપુરનો ઉછાળો

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ જીત સાથે જમશેદપુર એફસી ૬ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં બીજા ક્રમે પહોંચી ગયું છે. હાલમાં ઈસ્ટ બંગાળ એફસી સારા ગોલ ડિફરન્સના કારણે ટોચ પર છે. જમશેદપુરના મુખ્ય કોચ ઓવેન કોયલે ટીમની રણનીતિમાં કરેલા ફેરફારો સફળ રહ્યા છે. બીજી તરફ, પંજાબ એફસીના કોચ પાનાગિયોટિસ ડિલમ્બેરિસ માટે આ હાર આંચકા સમાન છે, કારણ કે તેમની ટીમે ઘણી તકો ગુમાવી હતી.

**યુવા ગોલ્ફરોનો દબદબો અને નવો ઉત્સાહ**

# ભારતીય ગોલ્ફ લીગ ૭૨ ના લોન્ચિંગથી ગોલ્ફમાં નવો યુગ



(એજન્સી) નવી દિલ્હી । તા. 22

ભારતીય ગોલ્ફના ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. પ્રોફેશનલ ગોલ્ફ ટૂર્નામેન્ટ ઓફ ઈન્ડિયા (PGTI) દ્વારા આયોજિત પ્રથમ '૭૨ ધ લીગ' (72 The League) નું શનિવારે નવી દિલ્હીમાં ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પીજીટીઆઈના પ્રમુખ કપિલ દેવ અને આઈસીસી (ICC) ના અધ્યક્ષ જય શાહની વિશેષ ઉપસ્થિતિમાં લીગની ચમકતી ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ લીગ ભારતીય ગોલ્ફરો માટે એક એવો મંચ તૈયાર કરશે જ્યાં તેઓ ટીમ ફોર્મેટમાં રમીને પોતાની પ્રતિભા વિશ્વ સમક્ષ રજૂ કરી શકશે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ લીગમાં કુલ છ ટીમો ભાગ લઈ રહી છે, જેમાં દરેક ટીમમાં ૧૦ પ્રોફેશનલ ગોલ્ફરોનો સમાવેશ થાય છે. આ હરાજીમાં હની બૈસોયા ૨૦.૫૦ લાખ રૂપિયાની કિંમત સાથે સૌથી મોંઘા ખેલાડી બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ લીગમાં ૧૬ વર્ષીય કાર્તિક સિંહ અને શૌર્ય ભટ્ટાચાર્ય જેવા ઉભરતા સિતારાઓ પણ પોતાની કૌશલ્ય બતાવશે. ખાસ વાત એ છે કે આ લીગ 'મેચપ્લે' ફોર્મેટમાં રમાશે, જેમાં સિંગલ્સ, ફોરબોલ્સ અને ફોરસમ જેવા રોમાંચક રાઉન્ડ્સનો સમાવેશ થાય છે.

આ લીગમાં માત્ર ભારતીય જ નહીં પરંતુ ૧૨ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પણ ભાગ લઈ રહ્યા છે.

### પાકિસ્તાની એર સ્ટ્રાઈકમાં નિર્દોષ નાગરિકોના મોત, તાલિબાનની સીધી ચેતવણી

# અફઘાનિસ્તાન પર પાકિસ્તાની વાયુસેનાના પ્રચંડ હુમલા

(એજન્સી) ઇસ્લામાબાદ/કાબુલ । તા. 22

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો અત્યારે સૌથી નીચલી સપાટીએ પહોંચી ગયા છે. શનિવાર અને રવિવારની મધ્યરાત્રિએ પાકિસ્તાની વાયુસેનાના ફાઈટર જેટ વિમાનોએ અફઘાનિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદમાં ઘૂસીને અનેક સ્થળોએ ભયાનક એર સ્ટ્રાઈક કરી છે. આ સૈન્ય કાર્યવાહીમાં મોટી સંખ્યામાં જાનહાનિ થઈ હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે, જેના કારણે દક્ષિણ એશિયાના આ વિસ્તારમાં યુદ્ધ જેવી ગંભીર સ્થિતિ પેદા થઈ છે. બંને દેશો વચ્ચે વર્ષોથી ચાલી રહેલો સરહદી વિવાદ હવે લોહિયાળ સંઘર્ષમાં પરિવર્તિત થયો છે.

પાકિસ્તાનના સૂચના મંત્રી અતાઉલ્લાહ તરારે રવિવારે સવારે સોશિયલ મીડિયા દ્વારા આ ઓપરેશનની સત્તાવાર પુષ્ટિ કરી હતી. પાકિસ્તાની સેનાએ ચોક્કસ ઈન્ટેલિજન્સ ઈનપુટ્સના આધારે 'તહેરિક-એ-તાલિબાન પાકિસ્તાન' (TTP) અને ઈસ્લામિક સ્ટેટ



(IS) સાથે જોડાયેલા અંદાજે સાત જેટલા આતંકી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હોવાનો દાવો કર્યો છે. પાકિસ્તાનનો આરોપ છે કે તાજેતરમાં ઈસ્લામાબાદની શિયા મસ્જિદમાં થયેલા આત્મઘાતી બ્લાસ્ટ સહિતના અનેક હુમલાઓનું કાવતરું અફઘાનિસ્તાનની ધરતી પરથી ઘડવામાં આવ્યું હતું. આ એર સ્ટ્રાઈક તે આતંકી હુમલાઓનો જડબાતોડ જવાબ હોવાનું પાકિસ્તાન કહી રહ્યું છે.

બીજી તરફ, અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે પાકિસ્તાનના આ દાવાઓને સદંતર ફગાવી દીધા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાની જેટ વિમાનોએ આતંકી ઠેકાણાઓના નામે રહેણાંક વિસ્તારો અને ધાર્મિક મદરેસાઓ પર બોમ્બમારો કર્યો છે. અફઘાનિસ્તાનના પક્તિકા અને નંગરહાર પ્રાંતમાં થયેલા આ હુમલામાં અત્યાર સુધીમાં ૧૯ નિર્દોષ નાગરિકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. સૌથી હૃદયદ્રાવક ઘટના નંગરહારના બેહસુદ જિલ્લામાં બની છે, જ્યાં એક મકાન પર થયેલા બોમ્બમારામાં એક જ પરિવારના ૧૯ સભ્યોએ જીવ ગુમાવ્યા છે. આ મૃતકોમાં ૮૦ વર્ષના વૃદ્ધથી લઈને માત્ર એક વર્ષના માસૂમ બાળકનો પણ સમાવેશ થાય છે, જે પાકિસ્તાની કાર્યવાહી સામે ગંભીર સવાલો ઉભા કરે છે.

અફઘાનિસ્તાનના વહીવટી અધિકારીઓએ આ હુમલાની આકરા શબ્દોમાં નિંદા કરતા તેને આંતરરાષ્ટ્રીય સરહદ અને સાર્વભૌમત્વનું ઘોર ઉલ્લંઘન ગણાવ્યું છે. તાલિબાન સરકારે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે આ અન્યાયી હુમલાનો ખૂબ જ જલ્દી અને આકરો બદલો લેવામાં આવશે. હાલમાં હુમલાગ્રસ્ત વિસ્તારોમાં કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા માટે યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સરહદી વિસ્તારોમાં રહેતા પરિવારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. વર્ષ ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તા પર આવ્યા બાદ પાકિસ્તાન સાથેના સંબંધો ક્યારેય સુમેળભર્યા રહ્યા નથી. પાકિસ્તાન સતત આક્ષેપ કરતું આવ્યું છે કે અફઘાનિસ્તાન તેના વિરોધી આતંકી સંગઠનોને આશરો આપી રહ્યું છે, જ્યારે તાલિબાન આ આક્ષેપોને નકારી રહ્યું છે. આ તાજી એર સ્ટ્રાઈક બાદ બંને દેશો વચ્ચેની ખાઈ વધુ ઊંડી થઈ છે. રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે જો આ સંઘર્ષ વધુ વકરશે તો તેની અસર સમગ્ર એશિયાના શાંતિ અને સુરક્ષા પરપડશે.

### ગ્રેટર ઈઝરાયેલ વિવાદ પર

# અમેરિકી રાજદૂતના નિવેદનથી ખળભળાટ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 22

મધ્યપૂર્વના ભૌગોલિક નકશા અને ધાર્મિક માન્યતાઓ પર અમેરિકી રાજદૂત માઈક હુકાબીએ કરેલી એક ટિપ્પણીએ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદનું વંટોળ ઊભું કર્યું છે. હુકાબીએ દાવો કર્યો છે કે મધ્યપૂર્વના મોટાભાગના હિસ્સા પર ઈઝરાયલનો નૈતિક અને ધાર્મિક અધિકાર છે. આ નિવેદનને પગલે આરબ જગત અને મુસ્લિમ દેશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સાઉદી અરેબિયા અને ઈજિપ્ત જેવા પ્રભાવશાળી દેશોએ આ ટિપ્પણીને અત્યંત કટ્ટરપંથી ગણાવીને તેની આકરી નિંદા કરી છે.

જો ઈઝરાયલ સમગ્ર પ્રદેશ પર કબજો કરે તો પણ તે યોગ્ય ગણાશે. તેમણે 'ગ્રેટર ઈઝરાયેલ'ની વિભાવનાને સમર્થન આપતા સંકેત આપ્યો કે નાઈલથી લઈને યુફ્રેટીસ નદી સુધીના વિસ્તારો પર ઈઝરાયલનો હક છે. જોકે, તેમણે એમ પણ ઉમેર્યું કે ઈઝરાયલ હાલમાં વિસ્તારવાદમાં માનતું નથી, પરંતુ તેને પોતાની સુરક્ષા માટે કાયદેસરની સરહદો જાળવી રાખવાનો પૂર્ણ અધિકાર છે. વર્ષ ૧૯૬૭ના યુદ્ધ બાદ ઈઝરાયલની સરહદોમાં અનેક ફેરફારો થયા છે. વેસ્ટ બેંક અને ગાઝા જેવા વિસ્તારોમાં ઈઝરાયલનું નિયંત્રણ હોવા છતાં, આંતરરાષ્ટ્રીય સમુદાય બે-રાજ્ય ઉકેલ (Two-State Solution) ના પક્ષમાં છે.

**મુસ્લિમ દેશોમાં ભભૂકતો રોષ**

સાઉદી અરેબિયાએ આ નિવેદનને આંતરરાષ્ટ્રીય શાંતિ માટે જોખમી ગણાવ્યું છે. ઈજિપ્તે તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું છે, જ્યારે આરબ લીગે ચેતવણી આપી છે કે આવા શબ્દો પ્રાદેશિક ભાવનાઓને ભડકાવવાનું કામ કરે છે. બીજી તરફ, પેલેસ્ટિનિયનો વર્ષોથી પૂર્વ જેરુસલેમને રાજધાની બનાવી સ્વતંત્ર રાજ્યની માગ કરી રહ્યા છે, જેની વચ્ચે આ નિવેદન બળતામાં ઘી હોમવાનું કાર્ય કરી રહ્યું છે.

## ન્યૂઝ બ્રીફ

### ઈઝરાયલ લેબનોન યુદ્ધ તણાવ વધતા હવાઈ હુમલામાં ૧૨ના મોત



તેલ અવીવ/બેરૂત | મધ્યપૂર્વમાં શાંતિના પ્રયાસોને મોટો ઝટકો લાગ્યો છે. નવેમ્બર ૨૦૨૪માં અમેરિકાની મધ્યસ્થતામાં થયેલા યુદ્ધવિરામ બાદ લેબનોન પર ઈઝરાયલના સૌથી ઘાતક હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા છે અને ૫૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. IDFએ પૂર્વી લેબનોનની બેકા ઘાટીમાં આવેલા હિઝબુલ્લાહના ત્રણ મુખ્ય કમાન્ડ સેન્ટરોને નિશાન બનાવ્યા છે. ઈઝરાયલનો દાવો છે કે આ કેન્દ્રો પરથી ઈઝરાયલ વિરુદ્ધ મોટા રોકેટ હુમલાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બેકા ઘાટીના બાલબેક વિસ્તારમાં થયેલા હુમલામાં હિઝબુલ્લાહના આઠ લડાયકો માર્યા ગયા છે.

### વજ્ર પ્રહાર સૈન્ય અભ્યાસ માટે ભારત અને અમેરિકા સજ્જ

નવી દિલ્હી/બકલોહ | ભારત અને અમેરિકા વચ્ચેના ગાઢ બનતા સંરક્ષણ સંબંધોના પ્રતીક સમાન 'વજ્ર પ્રહાર' સૈન્ય અભ્યાસની ૧૬મી આવૃત્તિ આવતીકાલ એટલે કે ૨૩ ફેબ્રુઆરીથી હિમાચલ પ્રદેશના બકલોહ ખાતે શરૂ થવા જઈ રહી છે. ૧૫ માર્ચ સુધી ચાલનારા આ સંયુક્ત અભ્યાસમાં બંને દેશોના સ્પેશિયલ ફોર્સના જવાનો અત્યાધુનિક યુદ્ધકળા અને રણનીતિઓનું આદાન-પ્રદાન કરશે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય પહાડી અને જટિલ ભૂપ્રદેશોમાં આતંકવાદ વિરોધી કામગીરી અને સંયુક્ત સૈન્ય ક્ષમતાને વધુ ધારદાર બનાવવાનો છે. આ તાલીમમાં ભારત તરફથી સ્પેશિયલ ફોર્સની ટુકડી અને અમેરિકા તરફથી સુપ્રસિદ્ધ 'ગ્રીન બેરેટ્સ' (Green Berets) ના ૪૫-૪૫ જવાનો ભાગ લેશે. આ અગાઉ વર્ષ ૨૦૨૪માં ૧૫મી આવૃત્તિ અમેરિકાના ઈડાહો ખાતે યોજાઈ હતી.

### બલૂચિસ્તાન કરફ્યુ સંકટ વચ્ચે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત



નુશ્કી | પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનના નુશ્કી શહેરમાં છેલ્લા બે અઠવાડિયાથી લાદવામાં આવેલો કરફ્યુ હવે સ્થાનિક લોકો માટે કાળ સમાન સાબિત થઈ રહ્યો છે. ૬ ફેબ્રુઆરીથી અમલી આ કરફ્યુને કારણે જનજીવન થંભી ગયું છે. સ્થાનિક રહેવાસીઓનો આરોપ છે કે સુરક્ષા દળો કરફ્યુ હટાવવા માટે વિચિત્ર અને જોહુકમી ભરી શરતો રાખી રહ્યા છે. શાસન દ્વારા નાગરિકોને દબાણ કરવામાં આવી રહ્યું છે કે જો તેઓ સરકારના સમર્થનમાં રેલી કાઢે અને ઘરો પર પાકિસ્તાની ઝંડા લહેરાવે તો જ પ્રતિબંધોમાં ઢીલ આપવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, નુશ્કીમાં વ્યાપારી પ્રવૃત્તિઓ સાવ ઠપ્પ થઈ ગઈ છે.

### ચૌદસો કિમી અંદર ઘૂસી યુક્રેને મચાવી તબાહી

# યુક્રેની ડ્રોનનો રશિયાના દિલમાં પ્રચંડ પ્રહાર, રશિયાના પરમાણુ મિસાઈલ પ્લાન્ટ પર હુમલો

(એજન્સી) મોસ્કો/કિવ । તા. 22

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં હવે એક નવો અને અત્યંત ખતરનાક વળાંક આવ્યો છે. યુક્રેની વાયુસેનાના ડ્રોન વિમાનોએ રશિયાની સરહદમાં અધધ ૧૪૦૦ કિલોમીટર અંદર ઘૂસીને એક અત્યંત મહત્વના ઔદ્યોગિક અને સૈન્ય સંકુલને નિશાન બનાવ્યું છે. રશિયાના ઉદમૂર્ત ગણરાજ્યમાં થયેલા આ હુમલાએ ક્રેમલિનની ઊંઘ હરામ કરી દીધી છે. યુક્રેનનો આ હુમલો રશિયાના અંતરિયાળ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખતો સાબિત થયો છે, કારણ કે આટલી લાંબી દૂરી કાપીને યુક્રેની ડ્રોન રશિયાના વ્યૂહાત્મક મિસાઈલ પ્લાન્ટ સુધી પહોંચવામાં સફળ રહ્યા છે.



#### પરમાણુ મિસાઈલ ફેક્ટરી પર ભીષણ હુમલો

મીડિયા અહેવાલ મુજબ, રશિયન ટેલિગ્રામ ચેનલોએ દાવો કર્યો છે કે આ ડ્રોન હુમલો સીધો 'વોટકિંસ્ક મશીન બિલ્ડિંગ પ્લાન્ટ' પર કરવામાં આવ્યો છે. આ કોઈ સામાન્ય કારખાનું નથી, પરંતુ રશિયાનું અત્યંત મહત્વનું સરકારી સંરક્ષણ એકમ છે. અહીં રશિયાની ઘાતક ઈસ્કંદર બેલિસ્ટિક મિસાઈલ અને પરમાણુ ક્ષમતા ધરાવતી આંતરખંડીય બેલિસ્ટિક મિસાઈલો (ICBM) નું ઉત્પાદન કરવામાં આવે છે. આ પ્લાન્ટ યુક્રેનની સરહદથી અંદાજે ૧૪૦૦ કિલોમીટર દૂર હોવા છતાં યુક્રેને તેને સફળતાપૂર્વક નિશાન બનાવી રશિયાની સૈન્ય તાકાતને મોટો ઝટકો આપ્યો છે.

#### વિસ્ફોટોથી ધ્રૂજી ઉઠ્યું ઈઝેવસ્ક શહેર

રશિયાના રિજનલ પ્રમુખ એલેક્ઝાન્ડર બ્રેચાલોવે આ હુમલાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે ડ્રોન હુમલાને કારણે નિર્ધારિત સ્થળને ગંભીર નુકસાન પહોંચ્યું છે. સ્થાનિક સ્વાસ્થ્ય મંત્રી સર્ગેઈ બાગિનના જણાવ્યા અનુસાર, આ હુમલામાં કુલ ૧૧ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાથી તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

હુમલા બાદ વિસ્તારમાં કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા અને વિસ્ફોટોનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના રહેવાસીઓ ફફડી ઉઠ્યા હતા. આ ઘટનાને પગલે સાવચેતીના ભાગરૂપે ઈઝેવસ્ક શહેરના મુખ્ય એરપોર્ટ સહિત આસપાસના તમામ હવાઈ મથકોની કામગીરી અસ્થાયી ધોરણે બંધ કરી દેવામાં આવી હતી.

#### રશિયાનો યુક્રેન પર વળતો પ્રહાર

બીજી તરફ, રશિયાએ પણ આ હુમલાના જવાબમાં યુક્રેન પર વિનાશક હુમલા ચાલુ રાખ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, રશિયાએ મોડી રાત્રે ૧૨૦ જેટલા ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલો વડે યુક્રેનના ઓડેસા ક્ષેત્રને નિશાન બનાવ્યું હતું. આ હુમલામાં યુક્રેનના ઉર્જા માળખા અને નાગરિક વિસ્તારોને ભારે નુકસાન થયું હોવાના અહેવાલ છે. રશિયાના આ વળતા પ્રહારમાં બે લોકો ઘાયલ થયા હોવાની પુષ્ટિ યુક્રેનની એરફોર્સે કરી છે. બંને દેશો વચ્ચેની આ આરપારની લડાઈ હવે વધુ ઘાતક બની રહી છે.

#### યુદ્ધના મેદાનમાં નવી રણનીતિના એંધાણ

યુક્રેન દ્વારા રશિયાના આટલા અંતરિયાળ અને મહત્વના મિસાઈલ પ્લાન્ટ પર કરવામાં આવેલો હુમલો સ્પષ્ટ કરે છે કે હવે યુક્રેન માત્ર સરહદી સુરક્ષા સુધી મર્યાદિત નથી. રશિયાના સૈન્ય પુરવઠાને તોડવા માટે યુક્રેન હવે સીધું જ મિસાઈલ ઉત્પાદન કરતા એકમોને નિશાન બનાવી રહ્યું છે. આ હુમલા બાદ રશિયાની વાયુસેના અને એર ડિફેન્સ સિસ્ટમ પર ગંભીર સવાલો ઉભા થયા છે. આગામી દિવસોમાં આ સંઘર્ષ વધુ ઉગ્ર બને અને રશિયા કોઈ મોટો વળતો પ્રહાર કરે તેવી આશંકા સેવાઈ રહી છે.

### અમેરિકાનો ચોંકાવનારો દાવો અને સત્ય

# ચીન પરમાણુ શસ્ત્રો ખતરો વધતા ભારતની સુરક્ષામાં ચિંતા



(એજન્સી) વોશિંગ્ટન । તા. 22

એશિયામાં શક્તિ સંતુલન બગાડવા માટે ચીન દ્વારા ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રોની નવી પેઢી વિકસાવવામાં આવી રહી હોવાનો સનસનીખેજ ખુલાસો અમેરિકાએ કર્યો છે. અમેરિકન ઈન્ટેલિજન્સના અહેવાલ મુજબ, ચીન હવે વિશાળ બોમ્બને બદલે નાના અને અત્યંત સચોટ 'ટાર્ગેટેડ' પરમાણુ શસ્ત્રો બનાવી રહ્યું છે. આ શસ્ત્રો ખાસ કરીને ભારતના સરહદી વિસ્તારો અને તાઈવાન જેવા પડોશી દેશોને નિશાન બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા હોવાનું મનાય છે, જે દક્ષિણ એશિયામાં ગંભીર સુરક્ષા કટોકટી સર્જી શકે છે.

ચીને જૂન ૨૦૨૦માં જ એક ગુપ્ત પરમાણુ પરીક્ષણ કર્યું હતું. જિનીવા ખાતેના નિઃશસ્ત્રીકરણ સંમેલનમાં અમેરિકન અધિકારી થોમસ ડિનાનોએ આ દાવો કર્યો છે કે ચીન હવે એક જ મિસાઈલ દ્વારા અનેક નાના પરમાણુ શસ્ત્રો છોડવાની ક્ષમતા કેળવી રહ્યું છે. આ પ્રકારના 'ટેકટિકલ' પરમાણુ શસ્ત્રો અગાઉ ચીનના કાફલામાં નહોતા, પરંતુ હવે તે રશિયા અને અમેરિકાની હરોળમાં આવવા માટે રાત-દિવસ એક કરી રહ્યું છે.

ચીન આ ઓછી ક્ષમતાવાળા પરમાણુ શસ્ત્રો તેના પડોશીઓ વિરુદ્ધ ગોઠવવાની યોજના ધરાવે છે. ખાસ કરીને ભારત સાથેના સીમા વિવાદોમાં ચીન આ મનોવૈજ્ઞાનિક દબાણ વધારવા માટે આ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે છે. અમેરિકન ગુપ્તચર વિભાગનું માનવું છે કે ચીન ૧૯૯૬થી લાદવામાં આવેલા સ્વૈચ્છિક પરીક્ષણ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી રહ્યું છે, જે વૈશ્વિક શાંતિ માટે જોખમી સંકેત છે.

બીજી તરફ, ચીને આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. ચીની પ્રવક્તાએ વળતો પ્રહાર કરતા જણાવ્યું છે કે અમેરિકા પોતાની નિઃશસ્ત્રીકરણની જવાબદારીઓમાંથી છટકી જવા માટે આવા ખોટા દાવા કરી રહ્યું છે.

## નેપાળ ચૂંટણી હિંસા વચ્ચે રૌતહટમાં કરફ્યુ લાદવામાં આવ્યો

(એજન્સી) કાઠમંડુ । તા. 22

પાડોશી દેશ નેપાળમાં આગામી સપ્તાહે યોજાનારી સામાન્ય ચૂંટણીઓ પૂર્વે દક્ષિણ મેદાની વિસ્તારમાં સ્થિતિ તણાવપૂર્ણ બની છે. રૌતહટ જિલ્લાના ગૌર નગરપાલિકા વિસ્તારમાં બે સમુદાયો વચ્ચે થયેલી હિંસક સાંપ્રદાયિક અથડામણ બાદ સ્થાનિક વહીવટીતંત્રએ અનિશ્ચિતકાલીન કરફ્યુ લાદી દીધો છે. ગૌરના સબગઢ વિસ્તારમાં લગ્નના વરઘોડા દરમિયાન શરૂ થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પથ્થરમારો અને આગજનીની ઘટનાઓ બની હતી, જેના કારણે સુરક્ષા દળોએ કડક કાર્યવાહી કરવાની ફરજ પડી છે.

રૌતહટના મુખ્ય જિલ્લા અધિકારી દિનેશ સાગર ભુસાલના જણાવ્યા મુજબ, પરિસ્થિતિ વધુ ન બગડે તે માટે કરફ્યુ લાદવો અનિવાર્ય હતો. રવિવારે સવારે બે કલાકની ઢીલ આપ્યા બાદ



ફરીથી ચુસ્ત અમલ શરૂ કરવામાં આવ્યો છે. મુંદબલવા ગેટથી લઈને લાલબકૈયા ડેમ અને ગૌર કસ્ટમ્સ ઓફિસ સુધીના તમામ વિસ્તારોમાં કોઈપણ પ્રકારની સભાઓ, રેલીઓ કે સરઘસ કાઢવા પર સખત પ્રતિબંધ છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તોફાની તત્વોએ એક વાહનને આગ ચાંપી દેતા તણાવ ચરમસીમાએ પહોંચ્યો હતો.

## એબટાબાદ બજાર વિરોધ પ્રદર્શન થી સમગ્ર શહેર થંભી ગયું

એબટાબાદ | પાકિસ્તાનના એબટાબાદમાં વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી અતિક્રમણ વિરોધી ઝુંબેશ હિંસક વિરોધમાં ફેરવાઈ ગઈ છે. શહેરના મુખ્ય બજારમાં ACના નેતૃત્વમાં કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન વેપારીઓના વાહનોના ટાયરો કાપી નાખવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાના વિરોધમાં સેંકડો વેપારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને મુખ્ય ચોક પર બે કલાક સુધી ચક્કાજામ સર્જીને પ્રશાસન વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. શુક્રવારની નમાજ દરમિયાન જ્યારે વેપારીઓ પોતાની દુકાનોની બહાર વાહનો પાર્ક કરીને ગયા હતા, ત્યારે વહીવટી તંત્રના અધિકારીઓ પોલીસ કાફલા સાથે ત્રાટક્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કોઈપણ પૂર્વ ચેતવણી કે દંડ વસૂલ્યા વગર ઓછામાં ઓછા ૧૩ વાહનોના ટાયર તીક્ષ્ણ હથિયારોથી ચીરી નાખવામાં આવ્યા હતા.

## વૈશ્વિક મંદીની ચેતવણી અને અમેરિકા ઈરાન યુદ્ધનો ખતરો

### તેલના ભાવમાં વધારો થવાની શક્યતા, ઈરાન અને અમેરિકા યુદ્ધની ભીતિ

(એજન્સી) વોશિંગ્ટન/તેહરાન । તા. 22

ઈરાન અને અમેરિકા વચ્ચે વકરી રહેલો તણાવ હવે માત્ર બે દેશો પૂરતો મર્યાદિત ન રહેતા સમગ્ર વિશ્વ માટે વિનાશક સાબિત થઈ શકે છે. અમેરિકાએ આપેલી ૧૦ દિવસની મહેતલને પગલે વૈશ્વિક રાજનીતિમાં ખળભળાટ મચી ગયો છે. નિષ્ણાતોના મતે, જો આ યુદ્ધ ફાટી નીકળશે તો દુનિયાએ ૬ પ્રકારની ગંભીર આફતોનો સામનો કરવો પડશે, જેમાં સૌથી ભયાનક આર્થિક પાયમાલી હશે. હોર્મઝ સ્ટ્રેઈટ જેવા વ્યૂહાત્મક માર્ગો બંધ થવાથી ઉર્જા સંકટ ઘેરી બનવાની પૂરેપૂરી શક્યતા છે.

સૌથી મોટો ફટકો પેટ્રોલ અને ડીઝલના દરો પર પડશે. ઈરાન વિશ્વનો સૌથી મહત્વનો તેલમાર્ગ એટલે કે હોર્મઝ સ્ટ્રેઈટ બંધ કરી શકે છે, જ્યાંથી વિશ્વનો ૨૫ ટકા તેલનો જથ્થો અને ૨૦ ટકા ગેસ પસાર થાય છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, જો આ માર્ગ બંધ થશે તો તેલના ભાવ આસમાનને સ્પર્શશે. ભારત જેવા દેશો, જે પોતાની તેલની જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર છે, ત્યાં સામાન્ય માનવીના ખિસ્સા પર સીધો બોજો પડશે અને મોંઘવારી બેકાબૂ બની જશે. મોટી બેંકોની આગાહી મુજબ, આ યુદ્ધ વૈશ્વિક અર્થવ્યવસ્થાને પાટા પરથી ઉતારી દેશે. રોકાણકારોનો વિશ્વાસ ડગમગતા શેરબજારમાં ભારે ગીરાવટ આવશે. પરિવહન અને ઉત્પાદન ખર્ચ વધવાથી દરેક નાની-મોટી ચીજવસ્તુઓ મોંઘી થશે. આર્થિક સંસ્થાઓએ ચેતવણી આપી છે કે આ સ્થિતિ લાંબા ગાળાની મંદી તરફ દોરી જશે, જેના કારણે નોકરીઓમાં કાપ અને આર્થિક વિકાસ દર અટકી શકે છે.

**ચિંતાનો વિષય** | સંકોચાઈ રહ્યો છે પૃથ્વીનો કુદરતી ઉપગ્રહ, મૂનક્વેક્સનું વધતું મોટું જોખમ

# ચંદ્ર પર હજારો ભયાનક તિરાડોથી નાસા ચિંતામાં

(એજન્સી) વોશિંગ્ટન। તા. 22

અંતરિક્ષ વિજ્ઞાનના ક્ષેત્રમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે, જે પૃથ્વીના એકમાત્ર કુદરતી ઉપગ્રહ એવા ચંદ્રના અસ્તિત્વ અને ભવિષ્યના માનવ મિશનો પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. વિશ્વની પ્રતિષ્ઠિત સ્પેસ એજન્સી નાસા (NASA) દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, ચંદ્ર ધીમે ધીમે સંકોચાઈ રહ્યો છે અને તેના કારણે તેની સપાટી પર હજારોની સંખ્યામાં ભયાનક તિરાડો અને ઊંચા શિખરોનું નિર્માણ થઈ રહ્યું છે. આ ભૌગોલિક ફેરફાર આગામી સમયમાં ચંદ્ર પર મોકલવામાં આવનારા મિશનો માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે તેવી ચેતવણી વૈજ્ઞાનિકોએ ઉચ્ચારી છે.

નાસાના લુનર રિકોનિસન્સ ઓર્બિટર (LRO) દ્વારા એકત્ર કરવામાં આવેલા ડેટાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરતા જાણવા મળ્યું છે કે, છેલ્લા અબજો વર્ષોમાં ચંદ્રનો આંતરિક ભાગ સતત ઠંડો પડી રહ્યો છે. આ કુદરતી પ્રક્રિયાના પરિણામે ચંદ્રના કદમાં ઘટાડો થયો છે અને તેની બહારની સપાટી સંકોચાવા લાગી



છે. વૈજ્ઞાનિકોએ આ અજીબ ઘટનાની સરખામણી દ્રાક્ષ સુકાઈને કિસમિસ બનવાની પ્રક્રિયા સાથે કરી છે. જેમ દ્રાક્ષ સુકાતા તેની ઉપર કરચલીઓ પડે છે, તેમ ચંદ્રનો અંદરનો ભાગ સંકોચાતા તેની સપાટી વળી ગઈ છે અને ત્યાં લાંબી ખીણ જેવી તિરાડો પડી છે, જેને વિજ્ઞાનની ભાષામાં 'લોબેટ સ્કેપ્સ' તરીકે ઓળખવામાં આવે છે.

ચંદ્રની સપાટી પર અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ 'થ્રસ્ટ ફોલ્ટ્સ' એટલે કે ભૌગોલિક ખામીઓ જોવા મળી છે. જોકે ચંદ્ર પર પૃથ્વી જેવી પ્લેટ ટેક્ટોનિક્સ વ્યવસ્થા નથી, તેમ છતાં તે હજુ પણ ભૌગોલિક રીતે સક્રિય હોવાના પુરાવા મળ્યા છે. આ તિરાડોને કારણે ચંદ્ર પર 'મૂનક્વેક્સ' (Moonquakes) આવવાની સંભાવના અનેકગણી વધી ગઈ છે. એપોલો પ્રોગ્રામ દરમિયાન ચંદ્રની સપાટી પર મૂકવામાં આવેલા સિસ્મોમીટર્સે અગાઉ પણ આવા શક્તિશાળી આંચકા નોંધ્યા હતા. આ ચંદ્રકંપ પૃથ્વીના ભૂકંપ કરતા અલગ હોય છે અને તે સતત કેટલાય કલાકો સુધી સપાટીને હચમચાવી શકે તેટલા મજબૂત હોય છે.

વૈજ્ઞાનિકોની સૌથી મોટી ચિંતા ચંદ્રના દક્ષિણ ધ્રુવને લઈને છે. ભવિષ્યના મોટાભાગના મિશનો અને માનવ વસાહતો માટે આ વિસ્તાર પસંદ કરવામાં આવ્યો છે, પરંતુ લેટેસ્ટ અભ્યાસ મુજબ કેટલીક ગંભીર તિરાડો આ વિસ્તારમાં પણ જોવા મળી છે. જો આ વિસ્તારમાં લેન્ડિંગ કે બાંધકામ કરવામાં આવે, તો તીવ્ર મૂનક્વેક્સને કારણે ભવિષ્યના મિશન જોખમમાં મુકાઈ શકે છે.

# બાંગ્લાદેશ પ્રવાસી વિઝા સેવા ભારતીયો માટે ફરી શરૂ થશે

(એજન્સી) ઢાકા । તા. 22

અને બાંગ્લાદેશ વચ્ચેના પ્રવાસન ક્ષેત્રે એક મોટા સમાચાર સામે આવ્યા છે. બાંગ્લાદેશ સરકારે ભારતીય નાગરિકો માટે સ્થગિત કરવામાં આવેલી પ્રવાસી વિઝા સેવાઓ સોમવારથી પુનઃ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સુરક્ષાના કારણોસર અને તાજેતરની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ સેવાઓ પર અસ્થાયી રોક લગાવવામાં આવી હતી. હવે પરિસ્થિતિમાં સુધારો થતાં, નવી દિલ્હી સ્થિત હાઈ કમિશન સહિત કોલકાતા, મુંબઈ, અગરતલા અને ગુવાહાટી જેવા શહેરોમાં આવેલા બાંગ્લાદેશી રાજદ્વારી મિશનો સોમવારથી પ્રવાસી વિઝા આપવાનું શરૂ કરશે.

બાંગ્લાદેશ વિદેશ મંત્રાલયના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૧૨ ફેબ્રુઆરીએ યોજાયેલી સામાન્ય ચૂંટણીઓને કારણે ૧૫ જાન્યુઆરીથી ૧૫ ફેબ્રુઆરી સુધી વિઝા સેવાઓ મર્યાદિત કરવામાં આવી હતી. માત્ર કટોકટીના કિસ્સામાં જ વિઝા આપવામાં આવતા હતા. હવે વડાપ્રધાન તારિક રહેમાનના નેતૃત્વમાં નવી સરકારની રચના બાદ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, માત્ર ભારત જ નહીં પરંતુ ભૂટાન અને નેપાળ માટે પણ અટકાવવામાં આવેલી વિઝા સેવાઓ હવે સંપૂર્ણપણે કાર્યરત કરી દેવામાં આવી છે.

વચગાળાની સરકાર દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં થોડી કડવાશ જોવા મળી હતી, પરંતુ નવી સરકારના શપથ ગ્રહણ સમારોહમાં ભારતના લોકસભા સ્પીકર ઓમ બિરલાના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે હાજરી આપતા સંબંધોમાં બરફ ઓગળ્યો હોય તેમ જણાય છે.

### 4 ઓક્ટોબર 2025ના અમદાવાદમાં પેન્ટમાં છુપાવેલી 491 ગ્રામ સોનાની પેસ્ટ ઝડપાઈ

# અમદાવાદ સિવિલમાં શાહરૂખને ટોઈલેટ કરાવ્યું ને 21 લાખનું સોનું નીકળ્યું : અબુ ધાબીથી આવેલા પેસેન્જરના શરીરમાંથી 135 ગ્રામ સોનાની ત્રણ કેપ્સ્યુલ મળી

અમદાવાદ | અબુ ધાબીથી અમદાવાદ આવેલી એર અરેબિયા ફ્લાઈટમાં આવેલા શાહરૂખ નામના પેસેન્જરના શરીરમાંથી 21 લાખથી વધુની કિંમતની સોનાની કેપ્સ્યુલ કસ્ટમ વિભાગના એર ઈન્ટેલિજન્ટ યુનિટ દ્વારા કબ્જે કરવામાં આવી છે.

આ અગાઉ યુગાન્ડાની મહિલાના શરીરમાં છુપાવેલી હેરોઈન ભરેલી 79 કેપ્સ્યુલ કબ્જે કરવામાં આવી હતી. આ કેસમાં તાજેતરમાં જ કોર્ટ દ્વારા મહિલા આરોપીને વીસ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ત્યાં ફરી આવો જ કેસ કસ્ટમ વિભાગના અધિકારીઓએ પકડી પાડ્યો છે.

19 ફેબ્રુઆરી 2026ના રોજ અમદાવાદ કસ્ટમ્સના AIU અધિકારીઓએ પ્રોફાઈલિંગના આધારે ભારતીય પાસપોર્ટ ધરાવતા અને એર અરેબિયા ફ્લાઈટ નં. 3L 111 દ્વારા અબુ ધાબીથી અમદાવાદ આવી રહેલા શાહરૂખ નામના એક પેસેન્જરને અટકાવ્યો હતો. તેની પૂછપરછમાં પેસેન્જરે કબૂલ્યું છે કે તેણે ગળીને તેના શરીરમાં સોનાને કેપ્સ્યુલ છુપાવી હતી. ત્યારબાદ તેને 19મી ફેબ્રુઆરીના રોજ જ અમદાવાદના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ શરીરમાં છુપાયેલા પદાર્થો શોધી શકાય તે માટે મુસાફરને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો.

સિવિલ હોસ્પિટલમાં, મળ પસાર કરાવતી વખતે ડૉક્ટરને મુસાફરના શરીરમાંથી પીળા રંગની 3 નળાકાર કેપ્સ્યુલ અને 1 ગોળાકાર આકારના સ્ટીલ કલરનો બોલ છુપાવેલો જોવા મળ્યો. સિવિલ હોસ્પિટલ, અમદાવાદે 21 ફેબ્રુઆરીના રોજ મેડિકલ રિપોર્ટ દ્વારા આ છુપાવેલા માલની માહિતી આપી અને મુસાફરને ડિસ્ચાર્જ કર્યો હતો.

ત્યાર બાદ પેસેન્જરના શરીરમાંથી મલેલા માલનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને પ્રમાણપત્ર રજૂ કર્યું. જેમાં પ્રમાણિત કરવામાં આવ્યું કે 3 ત્રણ નળાકાર આકારના કેપ્સ્યુલની ધાતુ 135.200 ગ્રામ વજનની સોનાની છે, જેની શુદ્ધતા 999.0 /24 કેરેટની છે, તેની બજાર કિંમત રૂ. 21 લાખ 89 હજાર 564 થાય છે અને ટેરિફ મૂલ્ય રૂ. 20 લાખ 17 હજાર 801 છે.

જ્યારે ચોથી ગોળાકાર કેપ્સ્યુલ ફેરસ ધાતુનું બનેલી હોવાનું જાણવા મળ્યું હતું. તેથી, કસ્ટમ્સ એક્ટ, 1962ની જોગવાઈઓ હેઠળ તેને જપ્ત કરવામાં આવ્યું હતું કારણ કે તેને કસ્ટમ્સને જાહેર કર્યા વિના શરીરમાં છુપાવીને ભારતમાં દાણચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અંગેની વધુ તપાસ ચાલુ છે.

9 ફેબ્રુઆરી, 2026ના રોજ અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે દુબઈથી આવેલા એક શખ્સ પાસેથી કુલ 96 લાખ રૂપિયાનું સોનું ઝડપ્યું હતું. આ શખ્સે દાણચોરી માટે ચાલાકીપૂર્વક તેના અન્ડરવેરમાં 45 લાખની કિંમતનું સોનું પેસ્ટ સ્વરૂપે છુપાવ્યું હતું, જે જોતાં પહેલી નજરે સામાન્ય કાપડ જેવું જ દેખાતું હતું, પરંતુ કસ્ટમ્સ વિભાગને એરપોર્ટ પર શખ્સની શંકાસ્પદ હિલચાલના આધારે તેની તપાસ કરતાં આ અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો હતો અને અધિકારીઓ પણ સોનાને છુપાવવાની આ પદ્ધતિ અને સંપૂર્ણ સોનાનું અંડરવેર જોઈને દંગ રહી ગયા હતા.

વિદેશથી કેટલું સોનું, મોબાઇલ, દારૂ, રોકડ લાવી શકાય?

એરપોર્ટ પર સોનું, ચાંદી, હીરા જેવી કીમતી વસ્તુ અને મોંઘા મોબાઈલ જેવાં ગેજેટ્સ સાથે મુસાફર પકડાઈ જવાના ઘણા કિસ્સા સામે આવતા હોય છે. વળી, વિદેશમાં રહેતા સંબંધી વતન આવે તો મોબાઈલ, લેપટૉપ જેવી વસ્તુઓ મગાવવાની પણ ઘણા લોકોની ઈચ્છા હોય, પરંતુ સામાન્ય મુસાફરના મનમાં પણ સવાલો ઊઠે કે વિદેશથી કઈ વસ્તુ કેટલા પ્રમાણમાં લવાય, કેટલી રોકડ લાવી શકાય અને કેટલું લઈ જઈ શકાય? જો સોના-ચાંદીનાં ઘરેણાં પહેરીને વિદેશ જઈએ તો પરત આવતા સમયે એરપોર્ટ પર કોઈ રોકે તો શું કરવું?




અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી દાણચોરી કરી લાવવામાં આવતું ગોલ્ડ ઝડપાવાનો સિલસિલો યથાવત્ જોવા મળી રહ્યો છે. અમદાવાદ કસ્ટમ દ્વારા દુબથી આવેલા એક ભારતીય નાગરિક પાસેથી રૂપિયા 59 લાખ રૂપિયાનું ગોલ્ડ જપ્ત કરવામાં આવ્યું છે.
એરપોર્ટ પર ચેકિંગમાં ઝડપાય નહીં એ માટે યુવક દ્વારા ગોલ્ડનો પાઉડર અને પેસ્ટ બનાવી જીન્સ પેન્ટના નીચેના ભાગે કાપડના બે સ્તર વચ્ચે છુપાવ્યું હતું, જોકે ડીઆરઆઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે યુવક એરપોર્ટ પર ઊતરતાં જ તેની તલાશી લઈ ઝડપી પાડ્યો હતો.

## NRI પત્ની સાથે વિશ્વાસઘાત : ગાંધીનગર કોર્ટના છૂટાછેડાના ફેક ડોક્યુમેન્ટથી પતિએ બીજા લગ્ન કર્યાં

ગાંધીનગર | અમેરિકાની નાગરિકતા ધરાવતા અને મૂળ કલોલના મોખાસણ ગામના મહિલા બાળકો સાથે અમેરિકા હોવાનો ફાયદો ઉઠાવી પતિએ ગાંધીનગર સિવિલ કોર્ટના છુટાછેડાના ખોટા કાગળો બનાવી બીજી પત્ની અને તેની દીકરીના નામ કરોડોની મિલકતમાં ચડાવી દેવાતા કલોલ તાલુકા પોલીસ મથકે છેતરપિંડી, વિશ્વાસઘાત અને બનાવટી દસ્તાવેજો બનાવવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મૂળ કલોલના મોખાસણ ગામના હાલમાં અમેરિકાની નાગરિકતા ધરાવતા સુધાબેન પટેલના લગ્ન અશોક પટેલ સાથે 1985માં થયા હતા. 1991માં અશોક ધંધા-રોજગાર માટે અમેરિકા જતા 1995માં સુધાબેન પણ ત્યાં ગયા હતા. જોકે, પતિને અન્ય સ્ત્રીઓ સાથે અનૈતિક સબંધો હોવાની જાણ થતા સુધાબેન બે બાળકને લઈ અમેરિકામાં તેમના સગા-સંબંધીઓ સાથે રહેવા લાગ્યા હતા. જેથી તેઓ ઈન્ડિયા આવતા જતા હતાં.

એ વખતે સાસુએ ડાંગરવા ખાતેની સાસરી પક્ષની વડિલોપાર્જિત જમીન સુધાબેનના નામે લખી આપી હતી. ત્યારે 2025માં સુધાબેન ભાઈના ત્યાં લગ્ન પ્રસંગે આવ્યા હતા, ત્યારે ડાંગરવા ગામના બે મકાનનો વેરો ભરવા તેમજ બન્ને બાળકોનું નામ ચડાવવા માટે તલાટીને મળ્યા હતા. આ સમયે માલુમ પડ્યું કે, અમેરિકન ગ્રીન કાર્ડ હોલ્ડર પતિ અશોકે આ મિલકમાં પત્ની દેવ્યાનીબેન તથા તેમનાથી જન્મેલી દીકરીનું નામ 30 મે, 2025 રોજ દાખલ કરાવી દીધું છે.

## 8 PG સંચાલકોએ લેખિતમાં બાહેંધરી આપતા AMCએ સીલ ખોલી આપ્યા : '1 લાખ લોકો રોડ પર આવી જશે'

અમદાવાદ | શહેરમાં ખાનગી સોસાયટીમાં આવેલા ફ્લેટ અને મકાનોમાં વિદ્યાર્થીઓ અને નોકરી કરતા લોકોને રહેવા માટે પીજી તરીકે ભાડે આપવામાં આવતા મકાનો સીલ કરવાની કાર્યવાહી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહી છે. બોડકદેવ વોર્ડમાં આવેલા પ્રેમચંદનગર સોસાયટીમાં PG મકાનો સીલ કરી દેવામાં આવ્યા છે. ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા આ સોસાયટીના રહીશો દ્વારા વિદ્યાર્થીઓની પરીક્ષાને ધ્યાનમાં લઈને સીલ ખોલી આપવા માટે કરેલી રજુઆતને ધ્યાનમાં લઈને ભવિષ્યમાં PG તરીકે ઉપયોગમાં નહીં લેવામાં આવે તેવી રૂ. 300ના સ્ટેમ્પ પેપર પર બાહેંધરી લઈને 8 મકાનોના સીલ ખોલી આપવામાં આવ્યા છે. AMC દ્વારા દંડ વસૂલ કરીને આ સીલ ખોલી આપવામાં આવ્યા છે.

બીજી તરફ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રેમચંદ નગરમાં મકાનો ખોલી આપવામાં આવ્યા હતા જેને લઈને સ્થાનિક લોકોએ પણ વિરોધ કર્યો હતો. ઢોલ નગારા વગાડી અને સ્થાનિક લોકો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ દાણાપીઠ ખાતે પીજીના સંચાલકો દ્વારા મ્યુનિસિપલ કમિશનરને મળીને સીલ ન કરવાની કાર્યવાહી અંગેની રજૂઆત કરી હતી જોકે નિયમ મુજબ સીલ કરવાની કાર્યવાહી કરાશે એવું ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે સ્પષ્ટ જણાવી દીધું હતું.

જો આ રીતે પીજી સીલ કરાશે તો એક લાખ લોકો રોડ પર આવી જશે- સોહમ પંડ્યા

પીજી સંચાલકો દ્વારા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને મળીને રજૂઆત કરવામાં આવી હતી. પીજી સંચાલક સોહમ પંડ્યાએ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અત્યારે હાલમાં પીજી સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે જે હોસ્ટેલના નિયમો પ્રમાણેની કાર્યવાહી કરાય છે

. જો પીજી સીલ કરવામાં આવશે તો એક લાખ લોકો રોડ પર આવી જશે. જો પીજીના કારણે ક્યાંક ન્યુસન્સ થતું હોય તો તે પીજી સીલ કરવા જોઈએ પરંતુ બધા જ પીજીને આ રીતે સીલ ન મારવા માટે સંચાલકો દ્વારા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી.

## સોલામાં ₹25 લાખની ઉચાપત, બે કેશિયરો વિરુદ્ધ પોલીસ ફરિયાદ

### ઘાટલોડિયામાં રહેતા 28 વર્ષીય જયમીનભાઈ શાહ નામના શખ્સે સ્ટોરમાં થયેલી લાખો રૂપિયાની ઉચાપત અંગે પોલીસ ફરિયાદ નોંધાવી

અમદાવાદ | અમદાવાદના સોલા વિસ્તારમાં આવેલા એક સ્ટોરમાં કેશિયરે લાખો રૂપિયાની ઉચાપત કર્યાની ઘટના સામે આવી છે. અહીં સુકુતિ ગૃહ ઉદ્યોગ અને ગોરમે નામના સ્ટોરના કેશિયર તરીકે કામ કરતાં બે કર્મીએ હિસાબમાં ગડબડ કરીને કુલ રૂપિયા 25,19,972ની ઉચાપત કરી છે. આ ઘટના અંગે મેનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મહત્વનું છે કે, ડિસેમ્બર 2024થી 31-10-2025 સુધી થયેલી આ ઉચાપત અંગે ગત 3-11-2025 રોજ મેનેજર દ્વારા તપાસ કરતા જાણ થયા બાદ 21-2-2026ના રોજ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

આ ઘટના અંગે ઘાટલોડિયામાં રહેતા 28 વર્ષીય જયમીનભાઈ શાહ નામના શખ્સે સ્ટોરમાં થયેલી લાખો રૂપિયાની ઉચાપત અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમના જણાવ્યું છે કે, સુકુતિ ગૃહ ઉદ્યોગ અને ગોરમે નામના સ્ટોરમાં નિર્ભયસિંહ અને કેશવ ગોયલ નામના બે કેશિયર દ્વારા ડિસેમ્બર 2024 થી 31-10-2025 સુધી ઓપનિંગ સ્ટોક, ખરીદ બાદ વેચાણ સ્ટોક, બીજા સ્ટોરમાં કરવામાં આવતા ઈન્ટરનલ ટ્રાન્સફર, હાલનો કરંટ સ્ટોકનો હિસાબ, ખરીદ વેચાણ અને નફા નુકસાનના 24,48,972 રૂપિયા અને કસ્ટમરના રોકડ હિસાબના 71,000 રૂપિયા એમ કુલ 25,19,972 રૂપિયાની ઉચાપત કરી છે. આ ઘટના અંગે મળતી માહિતી મુજબ, સુપર સેન્ટર રીટેલ હબ પ્રા. લી કંપનીમાં એકાઉન્ટ અને એડમીન હેડ મેનેજર જયમીનભાઈ શાહ ગઈ તારીખ 01-11-2025ના રોજ સુકુતિ ગ્રુહ ઉધોગ એન્ડ ગોરમે સ્ટોર ખાતે વાર્ષિક સ્ટોક ચેક કરવા ગયેલ હતા. તારીખ 3-11-2025એ સ્ટોક ચેક કરતા ડીસેમ્બર 2024થી તારીખ 31-10-2025 સુધીમાં કંપનીએ સ્ટોરમાં આવેલ ઓપનીંગ સ્ટોક તથા ખરીદી બાદ કરતા વેચાણ સ્ટોક તેમજ બીજા સ્ટોર પર કરવામાં આવતા હતાં.

## આઇસક્રીમની આડમાં દારૂની હેરાફેરી:અમદાવાદથી આઇસ્ક્રીમ ભરી રાજસ્થાન લઈ ગયા, રિટર્ન થતાં કેરેટમાં દારૂ ભરીને લાવ્યા

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બુટલેગરોની દારૂ મંગાવાની નવી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કર્યો છે. અમદાવાદથી બુટલેગર આઈસ્ક્રીમ ભરેલી ટ્રક લઈને રાજસ્થાન ડિલિવરી માટે જતા રિટર્નમાં એ જ આઈસ્ક્રીમના ખાલી કેરેટમાં દારૂનો જથ્થો લઈને અમદાવાદ આવતા હતા. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે નાના ચિલોડા પાસેથી આઈસ્ક્રીમના કેરેટમાં લાવવામાં આવેલો 2.19 લાખ રૂપિયાના દારૂ સાથે બુટલેગર અને અન્ય બે આરોપીઓની ધરપકડ કરી છે. આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ આઈ.એન ઘાસુરા અને તેમની ટીમને બાતમી મળી હતી. જેના આધારે નાના ચિલોડા સર્કલ પાસેના એસપી રીંગ રોડ પર એક બંધ બોડીની આઈસ્ક્રીમની ટ્રક રોકી હતી. આ ટ્રકની તપાસ કરતા આઈસ્ક્રીમના કેટલાક ખાલી કેરેટમાંથી 145 દારૂની બોટલ અને 360 બિયરના ટીન એમ કુલ 2.19 લાખ રૂપિયા નો દારૂ મળી આવ્યો હતો.દારૂના જથ્થા સાથે પોલીસે જવાનસિંઘ રાવત,કાનસિંગ રાવત




અને પ્રેમકુમાર ભાંડ નામના આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે કૃષ્ણનગરમાં રહેતા જવાનસિંઘ રાવતે આઈસ્ક્રીમની ડિલિવરી કરતા તેના સંબંધી સાથે મળીને રાજસ્થાનમાં ડિલિવરી કર્યા બાદ આઈસ્ક્રીમના ખાલી કેરેટમાં ત્યાંથી દારૂ ભરીને અમદાવાદ લાવ્યા હતા. જવાનસિંઘ અમદાવાદમાં આ દારૂનો જથ્થ છૂટક વેચવાનો હતો.

મહત્વનું છે કે રાજસ્થાનથી દારૂ ભરેલી ટ્રક આવી છતાં રાજ્યની ચેક પોસ્ટ પર ચેકીંગ બાદ પણ દારૂ મળી આવ્યો નહોતો.આ દારૂ ભરેલી ટ્રક બનાસકાંઠા બોર્ડરથી આવી હતી છતાં બોર્ડર ચેક પોસ્ટ પર પોલીસના નાક નીચેથી ટ્રક અમદાવાદ સુધી પહોંચી હતી. રાજ્યમાં રોજ લાખો રૂપિયાનો દારૂ પકડાય છે તે પણ પડોશી રાજ્યમાંથી જ આવે છે તો સરહદી જિલ્લાની પોલીસની કામગીરી પર પણ સવાલ ઊભા થાય છે.

### અમરેલી જિલ્લા સંકલન ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અને સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા તેમજ લાઠી બાબરા ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જનપ્રતિનિધિશ્રીઓના અગાઉના પેન્ડિંગ પ્રશ્નો જેમ કે, ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આંતરિક અને અન્ય રસ્તાઓ સાથે જોડતાં રસ્તાઓ, નવા આધારકાર્ડ બનાવવા અને આધાર અપડેટ સેવા કેન્દ્રો, સાવર, સામાપાદર, મોટા ઝીંઝુડા મુકામે ગૌચર જમીન દબાણ દૂર કરવું, પીઠવડી ખાતે ગૌચર દબાણ દૂર કરવું અને જમીન માપણી, ધારીના સરસયીયા મુકામે વીજ જોડાણ, સીમરણ મુકામે ગૌચર જમીન દબાણ દૂર કરવું તેમજ બગસરા-હામાપુર રોડ પર જંગલ કટીંગ સહિતના પ્રશ્નોને લઈને હાલ સુધીની પ્રગતિલક્ષી કામગીરી અંગે જિલ્લા કલેક્ટરશ્રીએ સમીક્ષા હાથ ધરીને સંબંધિત અધિકારીશ્રીને જરૂરી સૂચનાઓ આપી હતી.

### મીઠીઘારીયાલ પ્રાથમિક શાળાના 8 વિદ્યાર્થીઓ NMMS શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઝળક્યા



નિતીન ઠાકર ચાણસ્મા

તાજેતરમાં લેવાયેલી NMMS શિષ્યવૃત્તિ પરીક્ષામાં મીઠીઘારીયાલ પ્રાથમિક શાળાના ધોરણ 8ના કુલ 11 બાળકોએ ભાગ લીધો હતો, જેમાંથી 8 બાળકો સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિને બિરદાવવા શાળાના આચાર્ય દ્વારા દરેક બાળકને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આગામી સમયમાં યોજાનારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધારવા માટે એક વિશેષ જાહેરાત પણ કરવામાં આવી છે. શાળાના શિક્ષક પટેલ હર્ષદભાઈ કાંતિલાલે જાહેર કર્યું છે કે, હવે પછી આવનાર મહિનામાં લેવા જઈ રહેલી ધોરણ 8ની 'જ્ઞાનસાધના' પરીક્ષામાં જે બાળકો ઉત્તીર્ણ થશે, તે દરેક બાળકને તેમના તરફથી રૂ. 1000 રોકડા આપીને પ્રોત્સાહિત કરશે.

### સંખેડા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં

કમલેશ પટેલ | સંખેડા

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધોલેરામાં શ્રી મદનમોહનજી મહારાજની સ્થાપના કરી તેના ૨૦૦ વર્ષ પુર્ણ થતા હોઈ તે ઉપલક્ષમાં પ.પૂ.સ.ધ.ધુ. શ્રી ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી, દેશ-વિદેશમાં વસતા ભક્તો દ્વારા અનેક ધાર્મિક ઉત્સવ/અનુષ્ઠાન ઉપરાંત માનવસેવા લક્ષી કાર્યોના ભાગરૂપે આગામી તા. ૨૨/૨/૨૦૨૬ને રવિવારના રોજ 'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવેલ છે. આ રક્તદાન કેમ્પ તા. ૨૨/૨/૨૦૨૬ના ના રોજ સંખેડા રામજી મંદિર ખાતે યોજાયો જેમાં ઘણી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા અને . આંતરરાષ્ટ્રીય રક્તદાન કેમ્પ અંતર્ગત સુરત, વલસાડ, નવસારી, બારડોલી, અંકલેશ્વર, નર્મદા, ભરૂચ, વડોદરા, ગોધરા, આણંદ, ખેડા, અમદાવાદ, બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, રાજકોટ, જામનગર, સહિત ગુજરાતનાં અનેક જિલ્લાઓમાં તેમજ મુંબઈ-પૂના વગેરે શહેરોમાં એક તારીખે, એક સમયે આયોજન કરવામાં આ વ્યું.

### ડાંગ ચીરાપાડા ગામે શિકારની શોધમાં નીકળેલો દીપડો લલચાઈને પાંજરામાં

સુશિલ પવાર | ડાંગ

છેલ્લા કેટલાક દિવસોથી ડાંગના સરહદી ગામોમાં ફાળ ફેલાવનાર કદાવર દીપડાને આખરે વન વિભાગે ઝડપી પાડ્યો છે. આહવા તાલુકાના ચીરાપાડા ગામ ખાતે ગોઠવવામાં આવેલા પાંજરામાં આ શિકારી આબાદ રીતે આબાદ ઝડપાઈ જતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, આ દીપડાએ છેલ્લા ઘણા સમયથી ચીરાપાડા, ભૂરાપાણી, શામગહાન અને બારીપાડા જેવા ગામોમાં પોતાનો અડિંગો જમાવ્યો હતો. દીપડો માત્ર રાત્રે જ નહીં, પરંતુ ધોળા દિવસે પણ મરઘાઓ અને નાના પશુઓ પર હુમલો કરતો હતો. વન્ય પશુના આ વધતા આતંકને કારણે ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો.ગ્રામજનોની સુરક્ષાને ધ્યાને રાખી, દક્ષિણ ડાંગ વન વિભાગના ડી.સી.એફ. નિરજકુમારના સીધા માર્ગદર્શન હેઠળ એક વિશેષ ટીમ બનાવવામાં આવી હતી.

# News Brief

## હોટલ હિલ્લોક પાસે ડિવાઈડર કટ ખોલાવવા લોકો ફરી રસ્તે ઉતર્યા

અમદાવાદ | અમદાવાદના એસપી રિંગ રોડ પર હોટલ હિલ્લોક પાસે ડિવાઈડર કટ બંધ કરી દેવામાં આવ્યો છે જેના કારણે લોકોને ત્રણ કિમી સુધી ફરીને જવું પડી રહ્યું છે, ત્યારે આ ડિવાઈડર કટ ખોલાવવાની માગ સાથે ન્યુ ત્રાગડ અને ચાંદખેડાના સ્થાનિકો ફરી એકવાર રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. સ્થાનિકો દ્વારા બંને તરફનો રોડ બ્લોક કરી વિરોધ નોંધાવતા ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

ઝુંડાલ સર્કલથી વૈષ્ણોદેવી તરફના બંને સાઈડનો રોડ બ્લોક થતાં અંદાજે બે કલાક સુધી બેથી ત્રણ કિમીના ટ્રાફિક જામમાં વાહનચાલકો ફસાયા હતા. જોકે, છેલ્લા કેટલાય સમયથી આ ડિવાઈડર કટ ખોલવા માટે સ્થાનિકો દ્વારા માગ કરવામાં આવી રહી છે. પરંતુ ઔડા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને લોકો ફરી રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા.

સ્થાનિકો દ્વારા રોડ બ્લોક કરી દેવાતા એમ્બ્યુલન્સ સહિતના અનેક વાહનો ટ્રાફિક જામમાં ફસાયા હતા. જોકે, ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી, પરંતુ ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ રોડ ખોલાવી શકી નથી. પોલીસના માણસો રોડની સાઈડમાં પણ ઊભા જોવા મળ્યા હતા. જોકે, બાદમાં પોલીસ દ્વારા લોકોને દંડા બતાવી રોડ ઉપરથી દૂર કરાયા હતા અને ટ્રાફિક જામ ક્લિયર કરાવ્યો હતો.

ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઇ એચ.એમ આહીરે જણાવ્યું હતું કે, હોટેલ હિલ્લોક પાસેનો ડિવાઈડરનો કટ ખોલાવવા માટે લોકોના ટોળા રોડ ઉપર ભેગા થયા હતા અને રોડ બંધ કરાવી દીધો હતો. સ્થાનિક ચાંદખેડા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને ટ્રાફિક પોલીસ સાથે મળી ટ્રાફિકને પૂર્વવત કરાવવામાં આવ્યો હતો. ડિવાઈડર કટ ખોલવો એ ટ્રાફિક પોલીસનો વિષય છે. રોડની હદ ચાંદખેડા પોલીસ સ્ટેશનની આવતી હોવાના કારણે પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. રોડ પર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લઈને ટ્રાફિક દૂર કરાવ્યો હતો.

## ગેરરીતિ અને કાળાબજાર રોકવા મોનિટરીંગ શરૂ : 90 દુકાનોમાં ઓચિંતી તપાસ કરાઇ

ગાંધીનગર | ગાંધીનગરમાં ગરીબો માટે ચાલતી અનાજના જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિ અને કાળા બજાર રોકવા માટે જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા ખાસ મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. એક મહિનામાં જ ગાંધીનગર જિલ્લાની વ્યાજબી ભાવની 90 દુકાનોની તપાસ કરવામાં આવી હતી. જોકે, આ સમયગાળામાં માત્ર એક પેટ્રોલ પંપ પર જ તપાસ કરવામાં આવી હતી. આ દુકાનોમાં ગ્રામ્ય અને શહેરી કક્ષાની તકેદારી સમિતિના સભ્યોની વિગતો જેમ કે નામ, આધાર અને મોબાઈલ નંબર ''ipds'' પોર્ટલ પર તાત્કાલિક અપડેટ કરવા સૂચના પણ આપવામાં આવી હતી.

કલેક્ટર કચેરીમાં યોજાયેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં તોલમાપ વિભાગ અને ખોરાક તથા ઔષધ નિયમન તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ગ્રાહકોને પુરેપુરો જથ્થો મળે અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જળવાય તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

જિલ્લામાં NFSA -નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ હેઠળના રેશનકાર્ડ ધારકોમાં 99.98 % જેટલી આધાર સીડીંગની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. તથા NFSA હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોની યાદીમાં સમાવેશ કરવા માટે મળેલી કુલ 274 અરજીઓનો જાન્યુઆરી માસમાં નિકાલ કરવામાં આવ્યો છે. જાન્યુઆરી માસ દરમિયાન જિલ્લાના કુલ 1.63 લાખ રેશનકાર્ડ ધારકો પૈકી 1.55 લાખ કાર્ડધારકોને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## અમદાવાદ: ચોરીના આરોપમાં યુવકને લાકડીથી ઢોર માર, વીડિયો વાઈરલ પોલીસે તપાસ શરૂ કરી



અમદાવાદ: એક યુવકને લાકડી અને દંડાથી ઢોર માર મારતો હોય એવો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. આ વીડિયો અમદાવાદના નારોલના પીપળજ ગામનો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેમાં એક ઈસમ હાથમાં લાકડીને લઈને બેફામ રીતે કથિત ચોરીના દાવા સાથે એક યુવકને નિર્દયતાથી માર મારી રહ્યો છે, બચવા માટે યુવક 'એ ભાઈ, એ ચેતનભાઈ જાને દો, જાને દો'ની બૂમ પાડી રહ્યો હતો. મહત્ત્વનું છે કે, આ વીડિયો વાઈરલ થતાં પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, આ ઘટના નારોલના પીપળજ ગામમાં બની હતી. માર ખાનાર યુવક પર ટાયર સહિતની અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો હતો. તે પછી કેટલાક લોકોએ કાયદો હાથમાં લઈને યુવકને લાકડીના દંડા વડે જાહેરમાં ઢોર માર માર્યો હતો. આ વીડિયોના આધારે અમદાવાદ પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક અનુમાન મુજબ, આ વીડિયો આશરે એક મહિનો જૂનો હોવાનું માનવામાં આવે છે.

### લાલ પેટી: જ્યાં કાગળ નહીં, હૈયાના ધબકારા વિસામા લેતા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

આજના 5G યુગમાં જ્યાં એક ક્લિક પર દુનિયાના છેડે સંદેશો પહોંચી જાય છે, ત્યારે ઉગેડી (નખત્રાણા) ના કોઈ ખૂણે લટકતી આ કાટ ખાઈ ગયેલી ટપાલ પેટી આપણને એક એવા સમયમાં લઈ જાય છે જ્યાં 'ધીરજ' એ માણસનો સૌથી મોટો ગુણ હતો. ત્યારે વોટ્સએપના બ્લુ ટિક નહોતા, પણ પોસ્ટમેનની સાયકલની ઘંટડી હતી. આ લાલ પેટીમાં જ્યારે કોઈ પત્ર નાખતું, ત્યારે એ માત્ર કાગળ નહોતો હોતો; એમાં વિદેશ કમાવા ગયેલા દીકરાની મા પ્રત્યેની ચિંતા, પત્નીનો પતિ માટેનો લાડ, કે મિત્રનો અનોખો સ્નેહ ભીંજાયેલો રહેતો. વાટ જોવાનો આનંદ: પત્ર લખ્યા પછી આ પેટીમાં નાખવો અને પછી અઠવાડિયા સુધી વળતા જવાબની રાહ જોવી, એમાં જે મીઠાશ હતી તે આજના ઈન્સ્ટન્ટ મેસેજિંગમાં ક્યાંય ખોવાઈ ગઈ છે.

IN THE COURT OF SH. AJAY KUMAR JAIN, DISTRICT JUDGE (COMMERCIAL), DIGITAL-04 (SOUTH), SAKET COURTS, NEW DELHI

PROCLAMATION REQUIRING ATTENDANCE OF DEFENDANT

Case Reg no.: CS (Comm) No-61/2025

LOREAL SA ...PLAINTIFF

VS

HEARBHEAL COSMETICS AND ANR. ...DEFENDANT

To

GHATALA DINESHBHAI NARAYANBHAI PROPRIETOR OF HERBHEAL COSMETICS, PLOT NO. 79, VELANJA PRIMARY SCHOOL, VELANJA, SURAT, GUJRAT - 394150

ALSO AT : 133, ATLANTA SHOPPING MALL, NEAR SUDAMA CHOWK MOTA VARACHHA, LANDMARK, SUDAMA CHOWK DISTRICT, SURAT, GUJRAT, SURAT - 34101

E-MAIL ID : pranshumart22@gmail.com

Whereas you are intentionally evading the service of summon, it is hereby notified that if you shall not defend the case on the 07.04.2026 10:00AM the day fixed for the final disposal, it will be heard and determined ex-parte.

Given under my hand and the seal of the Court, on 11.02.2026.

Seal

DISTRICT JUDGE (COMMERCIAL) DIGITAL - 04,SAKET COURT COMPLEX, NEW DELHI.

## સિટી એક્સપ્રેસ

MONDAY 23 FEBRUARY-2026

AHMEDABAD


### શામળાજી સરહદે 2 ટ્રકમાંથી ₹77.27 લાખનો દારૂ ઝડપાયો

અરવલ્લી | અરવલ્લી એલસીબી અને શામળાજી પોલીસે સંયુક્ત ઓપરેશનમાં શામળાજી નજીકથી બે ટ્રકમાંથી 77.27 લાખનો વિદેશી દારૂ જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં કુલ 1.04 કરોડનો મુદ્દામાલ અને બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ સૂત્રો અનુસાર, શામળાજીના અણસોલ પાસે ગુજરાત-રાજસ્થાન સરહદે વાહન ચેકિંગ ચાલી રહ્યું હતું. આ દરમિયાન ગઈકાલે મોડી રાત્રે અને આજે સવારે બે અલગ-અલગ ટ્રકોને રોકવામાં આવી હતી. પ્રથમ ટ્રકની તપાસ કરતા, લાકડાના ભૂસા ભરેલી પ્લાસ્ટિકની થેલીઓની આડમાં છુપાવેલી 13,426 વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

### ફાગણી પૂનમે શામળાજી મંદિર 1 કલાક વહેલું ખૂલશે

અરવલ્લી | અરવલ્લીના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં આગામી 3 માર્ચ, મંગળવારના રોજ ફાગણી પૂનમ અને હોળીના પર્વે ચંદ્રગ્રહણને ધ્યાનમાં રાખીને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગ્રહણના વેધના કારણે મંદિર તેના નિયત સમય કરતાં એક કલાક વહેલું એટલે કે સવારે 5:00 વાગ્યે ભક્તો માટે ખોલવામાં આવશે. ચંદ્રગ્રહણનો પ્રારંભ બપોરે 3:20 વાગ્યે થશે અને સાંજે 6:47 વાગ્યે ગ્રહણ મોક્ષ થશે. શાસ્ત્રોક્ત નિયમો મુજબ ગ્રહણનો વેધ બપોરે 1:30 વાગ્યાથી શરૂ થતો હોવાથી મંદિરના ગર્ભગૃહની જાળી બપોરે 1:30 થી રાત્રે 8:30 સુધી બંધ રાખવામાં આવશે.



**'સ્લોટર હાઉસ નહીં બને, નહીં બને'ના નારા લાગ્યા : નવા સ્લોટર હાઉસની માંગણીથી ભાજપના કોર્પોરેટર ઊભા થઇ ગયા**

# BJP રાષ્ટ્રીય અધ્યક્ષ હેરિટેજ સિટીની મુલાકાતે : હવેલી જેવા મકાનો જોયાને કાર્યકર્તાઓ સાથે વાત કરી; કહ્યું-બુથ મજબૂત કરવું હોય તો ટિફિન બેઠક કરવી પડશે

અમદાવાદ | ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન ગુજરાતની ત્રણ દિવસ મુલાકાતે છે. આજે 22 ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમદાવાદના હેરિટેજ વિસ્તાર એવા ખાડિયાની દેસાઈની પોળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મન કી બાત કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન દ્વારા શહેરના હેરિટેજ વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી. ખાડિયા વિસ્તારમાં પ્રખ્યાત એવા ચમત્કારી હનુમાનજીના મંદિરે દર્શન પણ કર્યા હતા. જુના જમાનામાં બનાવવામાં આવેલા મકાનો જોયા હતા અને સ્થાનિક લોકોને પણ મળ્યા હતા. રાયપુરના પ્રખ્યાત ભજીયા, શ્રીરામના ખમણ અને ચંદ્રવિલાસના ફાફડા સહિતનો નાસ્તો પણ કાર્યકર્તાઓ સાથે કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન દ્વારા ઉચ્ચપ્રમુખ અને વડપ્રમુખને બાજુમાં બેસાડ્યા હતા. રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા નિયમ કરાવ્યો છે કે, હું જ્યાં રાજ્ય અને જિલ્લા અને

### 'બુથ મજબૂત કરવું હોય તો ટિફિન બેઠક કરવી પડશે'

ટિફિન બેઠક કરવાની પરંપરા કરવી જરૂરી છે, જેમાં કાર્યકર્તાઓ સાથે સંવાદ થાય છે. PMનો આગ્રહ રહે છે કે મન કી બાત સાથે લોકો સાથે મળી નાસ્તો કરવો જોઈએ. બુથ મજબૂત કરવું હોય તો ટિફિન બેઠક કરવી પડશે. ટિફિન લઈને આવીશું અને મળીશું વાત કરીશું. ટિફિન બેઠક પાર્ટીને મજબૂત બનાવશે. હજુ લાંબી સફર તય કરવાની છે. આવનારી પેઢીને વટવૃક્ષ આપવાનો છે. મહેનત કરવાની છે. પ્રદેશ અધ્યક્ષ અને એમની ટીમનો વિશેષ આભાર વ્યક્ત કરું છુ. ફક્ત સંગઠન નહીં પણ તમામ આયામો સાથે રૂબરૂ થયો છું. 2047નું વિઝન છે, એને લઈને આગળ વધવાનું છે અને સંઘર્ષ કરવાનો છે.



વોર્ડમાં જઈશ ત્યાં મારી બાજુની ખુરશીમાં બુથ અને વોર્ડનો પ્રમુખ જ બેસી શકશે. એ નિયમ પ્રમાણે અમદાવાદમાં ખાડિયામાં દેસાઈની પોળના બુથ પ્રમુખ રાકેશ ભાવસાર અને વોર્ડ પ્રમુખ જયેશ રામીને બાજુમાં બેસાડ્યા હતા. રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને જણાવ્યું હતું કે, ત્રણ દિવસથી હું ગુજરાતમાં છું. ભાજપના કાર્યકર્તાઓ સાથે બેઠો અને હેરીટેજ સિટીની મુલાકાત લીધી છે. મારું સૌભાગ્ય છે કે, 131માં એપિસોડમાં હું સહભાગી થયો છે. રવિન્દ્રનાથ ટાગોર સાથે ગાંધીજી અહીંયા આવીને ગરબા જોતા હતા. ઘણી ઐતિહાસિક બાબતો અહીંયા જોડાયેલી છે હવે આગળ પણ હું અન્ય સ્થળોએ પણ હેરિટેજ સ્થળો પર જ જઈને સાંભળીશ. ત્રણ દિવસથી ગુજરાતી સાંભળી રહ્યો છું, ભાષા ભાવથી સમજાય છે.

ટિફિન બેઠક કરવાની પરંપરા કરવી જરૂરી છે, જેમાં કાર્યકર્તાઓ સાથે સંવાદ થાય છે. PMનો આગ્રહ રહે છે કે મન કી બાત સાથે લોકો સાથે મળી નાસ્તો કરવો જોઈએ. બુથ મજબૂત કરવું હોય તો ટિફિન બેઠક કરવી પડશે. ટિફિન લઈને આવીશું અને મળીશું વાત કરીશું. ટિફિન બેઠક પાર્ટીને મજબૂત બનાવશે. હજુ લાંબી સફર તય કરવાની છે. આવનારી પેઢીને વટવૃક્ષ આપવાનો છે. મહેનત કરવાની છે. પ્રદેશ અધ્યક્ષ અને એમની ટીમનો વિશેષ આભાર વ્યક્ત કરું છુ. ફક્ત સંગઠન નહીં પણ તમામ આયામો સાથે રૂબરૂ થયો છું. 2047નું વિઝન છે, એને લઈને આગળ વધવાનું છે અને સંઘર્ષ કરવાનો છે. ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનજીના ગુજરાત પ્રવાસનો ત્રીજા અને છેલ્લા દિવસે નીતિન નબીનજીએ ખાડિયામા દેસાઈની પોળ ખાતે અચ્યુતભાઈની ચેતના હવેલી ખાતે મન કી બાતનો 131મો એપિસોડ સાંભળ્યો હતો. અખા ભગત ચોક ખાતે અખા ભગતની પ્રતિમાને પુષ્પાંજલિ કરી હતી. આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, શહેર પ્રમુખ પ્રેરક શાહ, સાંસદ દિનેશ મકવાણા, પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટ, ધારાસભ્યો અને કોર્પોરેટરો સહિત કાર્યકરો જોડાયા હતા.

## બાઈક કેનાલમાં ખાબકતાં કરુણ અકસ્માત સર્જાયો

ગાંધીનગર | ગાંધીનગરના ઉવારસદ ગામે એક હૃદયદ્રાવક ઘટના બની છે, જેમાં સંતાનોની મંચુરિયન ખાવાની નાનકડી જીદ પૂરી કરવા નીકળેલા પિતાની નજર સામે જ તેમના બે માસૂમ દીકરાઓ કેનાલના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયા હતા. 18 ફેબ્રુઆરીના રોજ બનેલી આ ઘટનામાં મોટા પુત્રની લાશ મળી આવી છે, જ્યારે નાનો પુત્ર હજુ પણ લાપતા છે.

ઉવારસદ ગામમાં રહેતા અને GIDCમાં નોકરી કરતા રાજુભાઈ ઠાકોર ગત બુધવારે સાંજે સાડા છ વાગ્યાના અરસામાં તેમના બે પુત્રો યશ (10 વર્ષ) અને મનદીપ (7 વર્ષ)ને બાઈક પર બેસાડી પાંઉભાજી અને મંચુરિયન લેવા નીકળ્યા હતા.

બાળકોએ લાંબો આંટો મારવાની જીદ કરતા રાજુભાઈ ટ્રાફિકથી બચવા અંબાપુર કેનાલના સર્વિસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક એક કુતરું આડું આવતા રાજુભાઈએ સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને પિતા-પુત્રો બાઈક સાથે સીધા જ કેનાલના ઊંડા પાણીમાં ખાબક્યા હતા.

કેનાલમાં પડ્યા બાદ રાજુભાઈ પાણીના તેજ પ્રવાહમાં આશરે 7 કિલોમીટર સુધી તણાતા રહ્યા હતા. છેક અડાલજ વોટર સાઈટ પાસે કેનાલમાં બાંધેલું દોરડું પકડી લેતા તેમનો જીવ બચી ગયો હતો. ત્યાં હાજર સિક્યોરિટી જવાનોએ તેમને બહાર કાઢ્યા હતા, જ્યાં રાજુભાઈએ રડતા રડતા પોતાના બંને બાળકો પણ પાણીમાં ડૂબી ગયા હોવાની આપવીતી સંભળાવી હતી.

બનાવની જાણ થતા જ પોલીસ અને તરવૈયાઓની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ગુરુવારે કેનાલમાંથી બાઈક તો મળી આવ્યું હતું.

**સગીરે ચોટીલાથી છરો ખરીદી અમદાવાદમાં યુવકની હત્યા નિપજાવી**

## ઘરના ઓટલા પર બેસવા બાબતે મૃતકે ઠપકો આપ્યાનો ખાર રાખી ખૂની ખેલ ખેલ્યો, બે આરોપીની ધરપકડ

અમદાવાદ | અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં શનિવારે રાત્રિના સમયે હિમેશ પરમાર નામના યુવકની થયેલી હત્યાનો ભેદ ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાખ્યો છે. થોડા દિવસ પહેલા હિમેશ પરમારે પોતાના ઘરના ઓટલા પર બેસવા બાબતે સગીરને ઠપકો આપ્યો હતો. જે બાબતનો ખાર રાખી સગીરે તેના મિત્ર સાથે મળી હત્યા નિપજાવી હોવાનો ખુલાસો થયો છે. હત્યાને અંજામ આપવા માટે સગીરે ચોટીલાથી છરાની ખરીદી કરી હતી.

બહેરામપુરામાં રહેતો 19 વર્ષીય હિમેશ પરમાર ગઈકાલે (21 ફેબ્રુઆરીએ) રાત્રે તેનું બાઈક લઈને બહેરામપુરાના હીરાલક્ષ્મી ફ્લેટ પાસેથી જઈ રહ્યો હતો.આ દરમિયાન કોઈ અજાણ્યા વ્યક્તિઓએ હિમેશ સાથે તકરાર કરીને હિમેશને પેટના હાથના અને શરીરના અલગ અલગ ભાગ ઉપર શિક્ષણ હથિયાર વડે ઈજા પહોંચાડી હતી.અજાણ્યા વ્યક્તિ હિમેશને તીક્ષ્ણ હથિયાર મારીને નાસી ગયો હતો જે બાદ લોહીલુહાણ હાલતમાં હિમેશ જાહેરમાં પડ્યો હતો.જેને આસપાસના લોકોએ સારવાર માટે એલજી હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. કાગડાપીઠ પોલીસને જાણ થતા ઘટનાસ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બહેરામપુરા હત્યા કેસમાં ગણતરીના કલાકોમાં જ



આરોપીને ઝડપી પાડ્યા છે. ક્રાઈમ બ્રાન્ચે એક સગીર અને એક પુખ્ત વયના આરોપીની ધરપકડ કરી છે. 17 વર્ષના સગીરે તેના મિત્ર ગૌતમ ઉર્ફે ઈન્ડો સોલંકી સાથે મળીને હત્યા કરી હતી.

મૃતક હિમેશ પરમારના ઘરના ઓટલા પર બેસવા અને મોટેથી વાતો કરવા બાબતે મૃતકે સગીરને ચેતવણી આપી હતી. જે બાબતનો ખાર રાખીને સગીરે સુરેન્દ્રનગરના ચોટીલા ખાતેથી છરો ખરીદ્યો હતો. સગીરે જ હિમેશને છરો માર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓને કાગડાપીઠ પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

અમદાવાદમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે, જેમાં સરખેજ ફતેહવાડી કેનાલ RCC રોડ પર આવેલી હમીદાનગર સોસાયટીમાં રહેતા 32 વર્ષીય આમિર મુકીમ નામની વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. ચાકુના ઘા મારી યુવકની પતાવી દીધો છે. બાળકને મારવાનો પૂર્વ પતિને કોઈએ મેસેજ કર્યો ને બબાલ થઈ હતી.

## અમદાવાદના નમો સ્ટેડિયમ પાસે બ્લૂ જર્સીમાં ચાહકોનું ઘોડાપૂર



(એજન્સી) ગાંધીનગર | તા.21

ICC T-20 વર્લ્ડ કપના સુપર-8 તબક્કાની ત્રીજી મેચમાં આજે ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રોમાંચક મુકાબલો રમાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે 7 વાગ્યે શરૂ થનારી આ મેચ માટે સવારથી જ સ્ટેડિયમ આસપાસના વિસ્તારોમાં ભારતીય ઝંડા લહેરાતા જોવા મળી રહ્યા છે અને હજારો ચાહકો સ્ટેડિયમમાં પ્રવેશ માટે લાઈનમાં ઊભા છે.

સ્ટેડિયમમાં ભારતીય ચાહકોની ભીડ ઉમટી પડી છે. ફેન્સ ભારતીય જર્સી, રંગબેરંગી ઝંડા અને સાથે સ્ટેડિયમ તરફ આવ્યા. સી.જી.રોડ પર અમુક કેફેઝમાં મેચના લાઈવ ટેલિકાસ્ટ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ મેચનું વિશેષ આકર્ષણ રહેશે કોમેન્ટ્રી બોક્સમાં સુનીલ ગાવસ્કર, રવિ શાસ્ત્રી અને દિનેશ કાર્તિકની હાજરી. આ ત્રણેય દિગ્ગજો અમદાવાદ પહોંચી ગયા છે અને તેમની કોમેન્ટ્રીમાં મેચને વધુ રોમાંચક બનાવશે. ચાહકોમાં આ ત્રણેયની હાજરીને કારણે વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પોલીસ અને સ્ટેડિયમ ઓથોરિટીએ ભીડને કંટ્રોલ કરવા માટે ભારે બંદોબસ્ત ગોઠવ્યો છે. ટ્રાફિક ડાયવર્ઝન અને પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. ફેન્સ સાઉથ આફ્રિકા સામે ભારતની જીતના સાક્ષી બનવા ઘરેથી સ્ટેડિયમ તરફ જવા માટે નીકળી ગયા છે.

## વસ્ત્રાલમાં અસામાજિક તત્વોનો આતંક : દંડા સાથે ડેકોરેશનની દુકાનમાં ઘૂસી તોડફોડ કરી

(એજન્સી) અમદાવાદ | તા.22

શહેરના વસ્ત્રાલમાં અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે.યુવકે દુકાનમાં ઘૂસીને દંડા વડે તોડફોડ કરી જાનથી મારી નાખવાની પણ ધમકી આપી છે.આ અંગે રામોલ પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.આરોપીએ છેલ્લા 10 વર્ષમાં અનેક વખત તોડફોડ કરી હોવાનો આક્ષેપ છે.

વસ્ત્રાલમાં રહેતા નાથા તાવડીયા નામના યુવકે ફરિયાદ નોંધાવી છે કે, તે વસ્ત્રાલમાં અર્બુદા ડેકોરેશનની દુકાનમાં નોકરી કરે છે અને ત્યાં જ રહે છે. તે દુકાનમાં હાજર હતા ત્યારે એક વ્યક્તિ ગાડી લઈને આવ્યો હતો.આ વ્યક્તિએ ગાડીમાંથી નીચે ઉતરી હાથમાં લાકડાનો ડંડો સાથે લઈને દુકાનમાં આવીને કહ્યું હતું કે તારા શેઠ ક્યાં છે તેમ કહીને ગાળો આપવા લાગ્યો હતો. નાથાએ ગાળો



બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સે દુકાનમાં તોડફોડ શરૂ કરી હતી. દુકાનમાં કાચ તોડી નાખ્યા હતા એટલું જ નહીં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.દુકાનમાં તોડફોડની ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.નાથાએ આ અંગે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.આરોપીએ અગાઉ પણ 3 થી 4 વખત તોડફોડ અને મારામારી કરી હોવાનું સામે આવ્યું છે.

## વાસણાની કૌટુંબિક ઝઘડામાં ઈન્સ્ટાગ્રામમાં વીડિયો મોકલી ફોન ઉપર બિભત્સ શબ્દો કહ્યાં

અમદાવાદ | શહેરના વાસણા વિસ્તારમાં રહેતી પરિણીતાને જેઠના દીકરા દ્વારા ઈન્સ્ટાગ્રામ આઈડી પર મેસેજ કરવામાં આવ્યો હતો અને વીડિયો મોકલવામાં આવ્યો હતો. પરિણીતાને દીયરે યુવકને ફોન કરીને સમજાવ્યું હતું કે, આવા વીડિયો ન મૂકો, સમાજમાં બદનામી થાય છે. છતાં પણ તેણે કહ્યું હતું કે, હું વીડિયો મુકીશ, જેથી આ મામલે પરિણીતાએ જેઠના દીકરા વિરુદ્ધ વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાસણા વિસ્તારમાં રહેતી 24 વર્ષીય પરિણીતાના જેઠના દીકરાને ફોન કરીને તેમના પરિવારની એક મહિલા જતી રહી હતી, તે બાબતે સમજાવવા માટે ફોન કર્યો હતો, પરંતુ સરખો જવાબ આપ્યો નહોતો. બાદમાં ઈન્સ્ટાગ્રામ આઈડી પર બંનેના વીડિયો મોકલવામાં આવ્યા હતા, જે બીજી રિક્વેસ્ટ પણ મોકલી હતી. જે વીડિયો તેના દીયરને બતાવ્યો હતો અને તેમણે ફોન કરી જણાવ્યું હતું કે, જે વીડિયો મૂકવામાં આવ્યો છે, તેમાં સમાજની બદનામી થાય છે. આવા વીડિયો ન મૂકો. જેથી સામેવાળી વ્યક્તિએ કહ્યું હતું કે, વીડિયો તો મુકીશ અને પરિણીતાએ ફોન ઉપર વાત કરતા ગાળો બોલી હતી.

વધુમાં તેણે કહ્યું હતું કે, જેમ મહિલાને લઈ ગયો છું, તેમ તને પણ લઈ જઈશ. પરિણીતાએ જ્યારે તેના જેઠને ફોન કરીને તમારો દીકરો આ રીતે મારી સાથે વાત કરે છે, એવું કહ્યું હતું. જેથી જેઠે પણ ફોન કાપી નાખ્યો હતો. આ મામલે પરિણીતાએ વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કીર્તિ પટેલને રાજસ્થાનથી દબોચી લેવાઈ: મીડિયાને દૂર રાખવામાં આવતા અનેક તર્ક-વિતર્ક

જૂનાગઢ | વિવીદોનું બીજું નામ બનેલી કીર્તિ પટેલની જૂનાગઢ પોલીસ દ્વારા રાજસ્થાનમાંથી ધરપકડ કરી લેવામાં આવી છે. જૂનાગઢમાં સાત દિવસમાં તેની સામે ત્રણ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ કીર્તિ પટેલને રાજસ્થાનથી લાવીને જૂનાગઢ પહોંચી હતી. ત્યાર બાદ તેને સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જો કે પોલીસે મીડિયાને દૂર રાખ્યું હતું. પોલીસના આ વલણથી આ મામલો ઠંડો પાડવાની મથામણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

કીર્તિ સામે 16 ફેબ્રુઆરીએ જૂનાગઢમાં શિવરાત્રિના મેળામાં મહિલા PI કે.જે.મોડ (જૂનાગઢ રેન્જ કચેરી) દ્વારા નોંધાવવામાં આવી હતી. આ મહિલા પોલીસ અધિકારીએ તેની સાથે ધમકી, શાંતિ ભંગ અને ફરજમાં રૂકાવટ બાબતે પોલીસ ફરિયાદ કરી હતી. ત્યાર બાદ 18 ફેબ્રુઆરીના રોજ ભાલકાતીર્થ નજીક આવેલા નિરાલી ખોડિયાર ઉદાસીન આશ્રમના મહામંડલેશ્વર સ્વામી બજરંગદાસ ઉદાસીન બાપુ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તેમણે સદીઓ જૂની ધાર્મિક પરંપરાનો ભંગ કરવા અને મૃગીકુંડની ગરિમાને ઠેસ પહોંચાડવા બદલ આ ફરિયાદ કરી હતી.

## રાષ્ટ્રીય અધ્યક્ષની મુલાકાત સમયે જ અમદાવાદ ભાજપમાં ભડકો



અમદાવાદ | શિસ્તબદ્ધ ગણાતી ભારતીય જનતા પાર્ટીના હોદેદારો હવે ખુલ્લીને જાહેરમાં અને સોશિયલ મીડિયા પર પોતાની નારાજગી વ્યકત કરતા થયા છે. ભાજપના નવનિયુક્ત રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનની ગુજરાત મુલાકાત સમયે જ અમદાવાદ શહેર ભાજપ લઘુમતી મોર્ચાનો વિવાદ સપાટી પર આવ્યો છે. જેને ગુજરાતી વાચતા-લખતા નથી આવડતું અને ગુનેગાર છે એવી વ્યકિતને લઘુમતી મોર્ચાના પ્રમુખ તરીકે નિમણૂક કરાઈ હોવાનો આક્ષેપ પૂર્વ મહામંત્રી અહેમદ પટેલ દ્વારા કરાયો છે. અહેમદ પટેલે આ મામલે રાષ્ટ્રીય અધ્યક્ષને ઈ-મેઈલથી ફરિયાદ પણ કરી છે. અમદાવાદ શહેર લઘુમતી મોરચાના પૂર્વ મહામંત્રી અહેમદ પટેલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને ઈમેલ કર્યો છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ભાજપની વિચારધારાથી વિપરીત અને જેમણે સંગઠનની ક્યારેય કામગીરી કરી નથી. પેજ સમિતિ અને બુથ સમિતિ તેમજ પ્રાથમિક સદસ્યતા અભિયાન શું છે? એની ખબર ન હોય એવા બંગાળી ભાષી તેમજ ગુજરાતી ભાષા સમજી ન શકનારને કર્ણાવતી મહાનગર અલ્પસંખ્યક મોરચાના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. વર્ષોથી ભાજપની વિચારધારા સાથે જોડાયેલા કાર્યકર્તાઓ તેમની નિમણૂકથી નારાજ છે. પૂર્વ મહામંત્રી અહેમદ પટેલની વાતચીતમાં જણાવ્યું હતું કે શહેર ભાજપમાં લઘુમતી મોરચાના પ્રમુખ તરીકે રઉફ શેખની નિમણૂક કરવામાં આવી છે. જેને રદ કરવા માટે રાષ્ટ્રીય અધ્યક્ષને ઈમેલ કર્યો છે તેમજ પ્રેરક શાહને વોટ્સએપ મારફતે લેખિતમાં અને ટેલિફોનિક જાણ કરી છે. વર્ષોથી ભાજપની સાથે જોડાયેલા અને પાયાના કાર્યકર્તાઓ જે કામ કરે છે પરંતુ જે વ્યક્તિ ને પેજ સમિતિ અને બુથ સમિતિ વિશે ખબર નથી, સંગઠનના કામ અંગે જાણ નથી એવા વ્યક્તિની પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે. પદ અને પ્રતિષ્ઠા માટે મારે કોઈ માંગ નથી પરંતુ જે ભાજપમાં કાર્યકર્તા પેજ સમિતિથી બુથ સમિતિ લઈને સંગઠન સુધી કામ કરે છે એવા લોકોને ધ્યાન પર નહીં લેતા જેને ગુજરાતી પણ બોલતા નથી આવડતું એવા વ્યક્તિને પ્રમુખ બનાવી દેવામાં આવ્યો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે આ બાબતે મેં રાષ્ટ્રીય અધ્યક્ષથી લઈ અને ઉપરના નેતાઓ સુધી ફરિયાદ કરી છે. જુઓ આ નિમણૂક રદ નહીં કરવામાં આવે તો હું લોકશાહી ઢબે આ મામલે આગળ સુધી રજૂઆત કરીશ. વર્ષોથી ભાજપની વિચારધારા સાથે જોડાયેલા કાર્યકર્તાઓ કામ કરે છે.